રાષ્ટ્રીય વિરાસત સંસ્થા શ્રી ગ્રામદક્ષિણામૂર્તિ ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત

# કોડિયું

લોકાભિમુખ નઈતાલીમી કેળવણી દ્વારા સંતુલિત વિકાસ સાધવા પ્રયત્નશીલ સંસ્થા-સામયિક




વ્યાપક અનુભવ, બૃહદ વાચન, ઉત્તમ વક્તા, તજજ્ઞ વહીવટકાર, માનવીય અભિગમ ધરાવતા અને ઊર્જાસભર એવા
શ્રી પ્રવીણભાઈ કે. લહેરીની ઉપસ્થિતિ એટલે હેત, હૂંફ અને હળવાશની અનુભૂતિ...
- કુમારપાળ દેસાઈ

વર્ષ: ૭૮ અંક : ૧૦ ૧૫ મે, ૨૦૨૫

## માઈધાર ખાતે નવી શિક્ષણનીતિ આધારિત પ્રવૃત્તિ દ્વારા શિક્ષણની યોજાયેલ કાર્યશાળા














# કોડિયું

વર્ષ : ૭૮ | મે ૨૦૨૫ | અંક : ૧૦


## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૦૧ | **મારું જીવન અંજલિ થાજો !**<br>કુમારપાળ દેસાઈ | ૦૬... |
| ૦૨ | **મજૂરીનો મોભો**<br>વિનોબા ભાવે | ૧૦... |
| ૦૩ | **'દર્શક'ની કલમે...**<br>મનુભાઈ પંચોળી | ૧૨... |
| ૦૪ | **પત્રઃ વિમલા ઠકારનો અનુયાયીઓને...**<br>વિમલાજી | ૧૪... |
| ૦૫ | **તડકો...**<br>ગુણવંત શાહ | ૧૫... |
| ૦૬ | **વૃક્ષ...**<br>મણિલાલ હ. પટેલ | ૧૬... |
| ૦૭ | **ગાંધીજી અને ગીતાઃ જીવનવિદ્યાનું વ્યાકરણ**<br>મનસુખ સલ્લા | ૧૭... |
| ૦૮ | **ધરતીપુત્ર, યજ્ઞપુરુષ : લક્ષ્મણભાઈ ભ. પટેલ**<br>પ્રા. પ્રવીણચંદ્ર ઠક્કર | ૧૯... |
| ૦૯ | **જીવનનું ધ્યેય નક્કી કરીએ...**<br>ડૉ. મનહર ઠાકર | ૨૨... |
| ૧૦ | **શિક્ષકની મૂળ વિભાવના અને...**<br>ડૉ. ભાણજી એચ. સૌમેયા | ૨૪... |
| ૧૧ | **રાષ્ટ્રીય વિરાસત : ગ્રામદક્ષિણામૂર્તિ લોકશાળા આંબલા**<br>ડૉ. સી. ટી. ટૂંડિયા | ૨૬... |
| ૧૨ | **હનુમાન ચાલીસાનું સર્જન**<br>ડૉ. દિનુભાઈ ચુડાસમા | ૩૧... |
| ૧૩ | **મારા આત્માને ઉતાવળ છે.**<br>વિશાલ ભાદાણી | ૩૩... |
| ૧૪ | **'કૃતજ્ઞ થવું' એ જીવંત રહેવાની કૂંચી છે.**<br>મિત્તલ પટેલ | ૩૪... |
| ૧૫ | **ભીતરની શાંતિ**<br>ડૉ. બી. એમ. શેલડિયા | ૩૬... |
| ૧૬ | **તળાવમાં તરવાનું...**<br>સોનલ પંડ્યા | ૩૭... |
| ૧૭ | **સંસ્થા સમાચાર**<br>પ્રશાંત મહેતા | ૩૯... |

**આદ્યતંત્રીઓ :**
સ્વ. શ્રી નાનાભાઈ ભટ્ટ
સ્વ. શ્રી મનુભાઈ પંચોળી
સ્વ. શ્રી મૂળશંકરભાઈ ભટ્ટ
સ્વ. શ્રી અનિલભાઈ ભટ્ટ

**તંત્રી :**
ડૉ. અરુણ દવે
(મો. ૯૪૨૬૪૬૧૨૭૭)

**સહતંત્રી :**
ડૉ. દિનુ ચુડાસમા
(મો. ૯૯૭૯૧૮૭૫૮૭)

**સંપાદક-મંડળ:**
સોનલ પરીખ
(મો. ૮૩૬૯૭૭૭૦૮૬)
વિશાલ ભાદાણી
(મો. ૯૪૨૬૮૮૫૩૮૭)
તારક ઓઝા
(મો. ૯૮૭૯૨૧૩૬૯૬)
પ્રશાંત મહેતા
(મો. ૯૮૭૯૪૦૭૫૮૨)

**માલિક - પ્રકાશક :**
શ્રી ગ્રામદક્ષિણામૂર્તિ ટ્રસ્ટ, આંબલા

**મુદ્રણ-સ્થાન :**
ચામુંડા પ્રિન્ટિંગ પ્રેસ,
રેલવે સ્ટેશન રોડ,
સોનગઢ,
ફોન : ૨૮૪૬-૨૯૯૦૩૪

◆ **સૂચના** ◆

- ‘કોડિયું’ દરેક મહિનાની પંદરમી તારીખે પ્રગટ થાય છે. તા. ૨૫ સુધીમાં અંક ન મળે તો ટપાલમાં તપાસ કર્યા પછી જ કાર્યાલયને જણાવવું.
- પત્રવ્યવહારમાં ગ્રાહક નંબર અવશ્ય લખવો. સરનામામાં ફેરફાર થાય તો કાર્યાલયને તરત જાણ કરવી.
- ગમે તે મહિનાથી ગ્રાહક બની શકાય છે. લવાજમ મ.ઓ. ડિમાન્ડ ડ્રાફ્ટ અથવા ઓનલાઈનથી સ્વીકારવામાં આવે છે.

Ac Name: ગ્રામદક્ષિણામૂર્તિ, Ac No.56016001728,
IFSC Code : SBIN0060016, Branch: SBI, Amargadh

◆ **લેખ મોકલવા માટે** ◆

‘કોડિયું’ કાર્યાલય,
લોકભારતી, સણોસરા,
જિ. ભાવનગર ૩૬૪૨૩૦
kodiyusanosara@gmail.com

◆ **લવાજમ અને અંક વિષેની ફરિયાદ માટે પત્રવ્યવહાર** ◆

શ્રી રવિભાઈ પંડ્યા
(મો. ૯૮૨૪૮૧૨૫૬૫)
ગ્રામદક્ષિણામૂર્તિ લોકશાળા,
મુ. આંબલા- ૩૬૪૨૧૦
pandyavrp532@gmail.com

◆ **લેખકોને** ◆

અહીં લેખોમાં રજૂ થયેલા વિચારોની જવાબદારી લેખકની છે.
લેખ સાથે સરનામું અવશ્ય લખશો.

◆ **લવાજમ** ◆

| | |
|---|---|
| વાર્ષિક | રૂ. ૨૦૦/- |
| પાંચ વર્ષના | રૂ. ૧૦૦૦/- |

## તંત્રીસ્થાનેથી...

આજે આ લખવા બેઠો છું ત્યારે તમામ સમૂહ માધ્યમો બારમાં ધોરણના પરિણામોની જાહેરાતોથી ભરચક છે. તમામ પ્રચાર-પ્રસાર અને મહીમા 'ટકા'નો સ્પષ્ટ દેખાય છે. ૩H પૈકી એક Hનો દબદબો છે. આ ૩Hની ત્રિપગી ઘોડી ખોડંગાઈ ગઈ છે.

શિક્ષણ તો એક સાધન છે, તેના થકી જીવનની સંવેદનશીલ શ્રદ્ધાળુ પ્રસન્નતા પ્રાપ્ત કરવાની છે. સાહિત્ય, કલા, રમતો, ઉત્સવો, સેવાકાર્યો, પ્રકૃતિપ્રેમ, મુલાકાતો, પ્રવાસો, શરીરશ્રમ વગેરેને તો કોઈ શિક્ષણમાં ગણાવતા જ નથી.

સર્વાંગીણ, ૩૬૦° ડિગ્રી મૂલ્યાંકન સંદર્ભે હમણા બહુ વ્યસ્તતાથી કામ કરવાનું થયું. આપણું શિક્ષણતંત્ર એવું છે કે જેવી મૂલ્યાંકન પદ્ધતિ હોય તેવી શિક્ષણપ્રણાલી ગોઠવાઈ જાય છે. આથી જો એક વખત મૂલ્યાંકનનું સુપેરે ગોઠવાઈ જાય તો બાકીનું આપમેળે વગર તાલીમે અને સલાહે ગોઠવાઈ જાય તેવું છે. વિદ્યાર્થીને અનેક પ્રકારના કૌશલ્યો-આવડત હસ્તગત હોય છે, જેની તેને જીવનમાં ખૂબ જરૂરિયાત છે. આ પૈકી માત્ર એક ગોખણશક્તિનું જ મૂલ્યાંકન થાય છે. આ એક માપનથી આપણે વિદ્યાર્થીને ઠોઠ કે હોંશિયારનું લેબલ મારી દઈએ છીએ. જીવનમાં અનેક સંસ્કારો સુટેવો, વ્યવહારો અને કૌશલ્યોની અનિવાર્યપણે જરૂર છે.

આજે માત્રને માત્ર બૌદ્ધિક ક્ષમતાનું જ મૂલ્યાંકન થાય છે અને તેનો જ આગ્રહ સેવાય છે. આજે હવે સ્પષ્ટ થઈ ગયું છે કે અન્યાય, ભ્રષ્ટાચાર, શોષણ, ચોરી અને યુદ્ધ વગેરે આ 'બુદ્ધિ'નું જ પરિણામ છે. આ બૌદ્ધિક વિકાસના કાર્યક્રમો અંતે રાગ-દ્વેષ, સ્પર્ધા, લોભ, સ્વાર્થ વગેરે જેવા જીવનના નકારાત્મક વલણો તરફ ઘસડી જાય છે.

શિક્ષણક્ષેત્રે સંસ્કાર, કૌશલ્ય અને માહિતી એવા આપવાના છે કે જે જીવાતા જીવનમાં ખપના હોય. એક દૃષ્ટિએ આ અનુબંધ અને અનુભવથી જ શક્ય છે તેમ વિશ્વના તજજ્ઞો પોતપોતાની રીતે સમજાવી રહ્યા છે. આ માટે નૈતિક નેતૃત્વ, માનવીય ટેકનોલોજી, જાગૃત નાગરિકતા, સર્જનાત્મક વિચારધારા, સહકારી અભિગમ અને સર્જનહાર પ્રત્યેની અખૂટ શ્રદ્ધાની અનિવાર્યપણે જરૂરિયાત છે.

વિશ્વમાં આજે મનુષ્ય માટે જે કાંઈ જ્યાં જ્યાં ઉત્તમ થઈ રહ્યાના પૂરાવા મળ્યા છે તેના કારણો તપાસતા ખબર પડી છે ત્યાંનું શિક્ષણ ઉત્તમ છે. આવા ઉત્તમ શિક્ષણના લક્ષણો તપાસતા ગહન અભ્યાસ પછી જાણી શકાયું છે કે આવા બત્રીસ લક્ષણા શિક્ષણની જોગવાઈ આપણી રાષ્ટ્રીય શિક્ષણનીતિમાં, વિદ્યાભારતીની શિક્ષણપ્રણાલીમાં અને ગાંધીજીની નઈ તાલીમમાં કરવામાં આવેલી છે. સવાલ તેનો અમલ કરવામાં છે. આ એક સુવર્ણ અવસર પ્રાપ્ત થયો છે, ત્યારે જો દેશમાં આ શિક્ષણનીતિનો અમલ થશે તો દેશને વિશ્વગુરુ બનતા વાર નહીં લાગે. ભારતીય અધ્યાત્મ અને વિશ્વની નીવડેલી શિક્ષણપ્રણાલીનો વિવેકપૂર્ણ સમન્વય થશે તો રામરાજ્યના તોરણો બંધાશે.

આપણી સાથે સંલગ્ન તમામ લોકશાળાઓનું અનેક કાર્યક્રમોમાં ભાગીદારી કર્યા પછી આવેલું સો ટકા પરિણામ આ વાતને સુદૃઢ કરવા પૂરતું છે!

— [signature]

## ૦૧ મારું જીવન અંજલિ થાજો !

**કુમારપાળ દેસાઈ**

ઘણાં વર્ષો સુધી શ્રી પ્રવીણભાઈ લહેરી સાથેનો પરિચય પરોક્ષ રૂપે થતો રહ્યો. મારા માસિયાઈ ભાઈ રસિકભાઈ દોશીના એ પરમ મિત્ર. પ્રવીણભાઈ મુંબઈ જાય, ત્યારે રસિકભાઈને ત્યાં ઊતરે અને રસિકભાઈ અહીંયાં આવે, ત્યારે શ્રી પ્રવીણભાઈ લહેરીને અચૂક મળવા જાય. સાથે મધુર ભોજન-સમારંભ અને દીર્ઘ વાર્તાલાપ તો ખરો જ. પ્રવીણભાઈ અને એથીય વિશેષ એમના પિતા કનુભાઈ લહેરી વિશે રસિકભાઈ ઘણી વાતો કરે અને આમ ઘણાં વર્ષો સુધી પ્રવીણભાઈનો પરોક્ષ પરિચય થતો રહ્યો. રસિકભાઈ મોટા ભાઈ અને કુટુંબના માર્ગદર્શક હોવાથી એમને હું આદર આપતો એટલે પ્રવીણભાઈ પ્રત્યે પણ આવો આદરભાવ આપોઆપ હૃદયમાં અનુભવતો રહ્યો. એ પછી થોડાં વર્ષો બાદ પ્રવીણભાઈને અવારનવાર મળવાનું બન્યું અને આજે તો એમની અનેકવિધ પ્રવૃત્તિઓને કારણે એમની સાથે મારો થોડો અનુબંધ પણ રચાયો છે.

પ્રવીણભાઈની ઉપસ્થિતિ એટલે એક ઊર્જાયુક્ત, સકારાત્મક જીવંત વાતાવરણનો અનુભવ. કેટલીક વ્યક્તિઓ પોતાની સાથે આગવી આબોહવા લઈને ચાલતી હોય છે અને પછી એમની આસપાસના વાતાવરણમાં એ આબોહવાનું માધુર્ય છલકાતું રહે છે. મને પ્રવીણભાઈના ૮૧ વર્ષના આયુમાં સૌથી પ્રભાવક તત્ત્વ તરીકે એમના સ્વાતંત્ર્યસેનાની પિતા શ્રી કનુભાઈ લહેરીનો પ્રભાવ જોવા મળે છે. એમના જીવનના પ્રારંભથી જ એમના વ્યક્તિત્વ અને વિચારઘડતરમાં પિતા પાસેથી ગાંધીવિચારધારાનો પ્રભાવ મળ્યો. શ્રી કનુભાઈ લહેરીએ ધોલેરા સત્યાગ્રહમાં ભાગ લીધો હતો. વળી તેઓ ભાવનગર પ્રજાપરિષદ અને અન્ય ગાંધીપ્રેરિત કાર્યોમાં સતત સક્રિય હતા. શ્રી કનુભાઈ લહેરીને પુસ્તકો પ્રત્યેનો પ્રેમ એ પણ, પ્રવીણભાઈને વારસામાં મળ્યો છે. આ બધાથી વિશેષ એમના પિતાએ પુત્રને એક ધ્યેય આપ્યું અને પ્રારંભકાળના અનેક અવરોધો પાર કરીને પ્રવીણભાઈએ પિતાની ઇચ્છા મુજબ ઈન્ડિયન એડમિનિસ્ટ્રેટિવ સર્વિસ આપે તેવો વિદ્યાપુરુષાર્થ કર્યો.

સૌરાષ્ટ્રના રાજુલા ગામમાં આને માટે કોઈ ખાસ વ્યવસ્થા નહીં. એ સમયે વીજળી પણ નહીં. વળી આ પરીક્ષા માટે સંસ્કૃત, ગણિત કે સમાજશાસ્ત્ર જેવા વિષયોની સજ્જતા કેળવી આપે તેવા શિક્ષકો નહીં, પણ આવી કોઈ મુશ્કેલીઓથી પ્રવીણભાઈ અટક્યા નહીં, કારણ કે પિતાની ઇચ્છા એ જ એમના જીવનનું લક્ષ્ય હતું. પારાવાર અવરોધો ઓળંગીને પિતાની ભાવનાને પોતે સિદ્ધ કરી શક્યા, એનો આનંદ આજેય એમને વક્તવ્યમાં છલકાતો હોય છે. પાર્કીન્સનની વ્યાધિને કારણે એમના પિતા શ્રી કનુભાઈ લહેરીની ગાંધીવિચારધારા વિશે ગ્રંથ લખવાની ઇચ્છા સાકાર થઈ નહીં. આથી જ જાણે પિતાને અંજલિ આપતા હોય તે ભાવનાથી એમણે 'હિંદ સ્વરાજના શિલ્પી ગાંધીજી' એવું પુસ્તક લખ્યું.

વળી દેશ અને દુનિયાનાં કેટલાંય શહેરોની સફર ખેડનારા પ્રવીણભાઈની વાતમાં પોતાના વતન રાજુલા આવતાં એક જુદો જ રૂઆબ જોવા મળે. આથી એમણે પોતાના ગામ રાજુલા વિશે ૨૦૧૪માં 'રંગેચંગે રાજુલા' નામનું પુસ્તક લખ્યું. એમાં દૂરદરાજના રાજુલા ગામમાં વિતાવેલા બાળપણના એમના પ્રસંગો આલેખ્યા છે. આજેય આ ગામની મુલાકાતે આવેલી કે આ ગામમાં રહેલી કેટલીય વ્યક્તિઓ માટે આ પુસ્તક સ્મૃતિજાગરણ કરનારું બન્યું છે. આવા વતનપ્રેમીઓ જ્યારે ફોન કે પત્રથી વતન પ્રત્યે ઉમળકો વ્યક્ત કરતા, ત્યારે પ્રવીણભાઈને એમ લાગે કે જાણે એમનું આખુંય આયખું ધન્ય ધન્ય થઈ ગયું. આ છે

એમનો રાજુલાપ્રેમ ! 'રંગેચંગે રાજુલા' પુસ્તકનું પ્રકાશન એમના પિતા કનુભાઈ લહેરીની જન્મશતાબ્દી નિમિત્તે કર્યું હતું. આજે પણ એમના હૃદયમાં રાજુલામાં વિતાવેલા બાળપણનું આકર્ષણ અકબંધ છે.

સેન્ટ ઝેવિયર્સ કૉલેજ અને ગવર્નમેન્ટ લૉ-કૉલેજમાંથી ડિગ્રી હાંસલ કરીને તેઓ ૧૯૭૭માં ભારતીય રેલવે સેવામાં જોડાયા અને ત્યારબાદ ૧૯૭૯માં ભારતીય પ્રશાસનમાં જોડાયા. અહીં એમણે ચાલીસ વર્ષ સુધી જુદાં જુદાં વિભાગોમાં અને સ્થાનો પર વહીવટી સેવાઓ આપી. ઉદ્યોગ, શિક્ષણ, ગ્રામીણ વિકાસ, સમાજકલ્યાણ, માહિતી અને પ્રવાસન જેવા વિભાગોમાં કાર્ય કરીને તેઓ ગુજરાત રાજ્યના મુખ્ય સચિવ બન્યા. એમની કાર્યકુશળતા એવી કે જે કોઈ સંસ્થા એ સંભાળે, એમાં સક્રિયતાનો સંચાર કરે, એ સંસ્થાના સર્વતોમુખી વિકાસ માટે અવિરત પ્રયત્ન કરે અને જુદા જુદા પ્રકલ્પો દ્વારા એને વિશેષ વ્યાપક બનાવે.

દિલ્હીની નૅશનલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ફૅશન ટૅક્નૉલૉજીની સંસ્થા અન્ય સંસ્થાઓ જેવી જ એક સંસ્થા હતી, પરંતુ એના અભ્યાસક્રમો નક્કી કરીને અને એને વિકાસ સાધીને આજે એમણે એ સંસ્થાને રાષ્ટ્રીયસ્તરે આગવું મહત્ત્વ અપાવ્યું છે. સંસ્થાનાં કાર્યોમાં સંજીવની ફૂંકવાની એમનામાં વિશિષ્ટ શક્તિ અને દૃષ્ટિ છે. એમણે જે જે સંસ્થાઓમાં કાર્ય કર્યું, એમાં એમની એ શક્તિનું પ્રાગટ્ય જોવા મળે છે.

ગુજરાતના પાંચ પાંચ મુખ્યમંત્રીઓના મુખ્ય સચિવ તરીકે કરેલી કામગીરી અંગે સહુ કોઈ એમની સમક્ષ પોતાની જિજ્ઞાસા પ્રગટ કરતા હોય છે. કયા મુખ્યમંત્રી કેવા હતા, એની સહુ કોઈ પૃચ્છા કરે, ત્યારે પ્રવીણભાઈ લહેરીની વિશેષતા એ છે કે એમના ઉત્તરમાં ક્યાંય કોઈ રાગ-દ્વેષ દેખાય નહીં. બલ્કે જે કોઈની વાત કરતા હોય તેની વિશેષતા જ વ્યક્ત કરે. કોઈનીય પાસેથી એકાદ અનુભવબિંદુ મળ્યું હોય તો એને આદરપૂર્વક રજૂ કરે. જેમ કે, ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી કેશુભાઈ પટેલના નર્મદા યોજના સરદાર સરોવર અંગેના એમના અભિગમની વાત કરતાં તેઓ કહે કે, કેશુભાઈ કહેતા કે, 'આપણો હાથ મોટા પથ્થરની નીચે હોય અને જો એને વધારે ખેંચીએ તો હાથને ઈજા થાય એટલે ધીરે ધીરે પથ્થરને હટાવવો.'

એ વખતે નર્મદા યોજના વિશે સતત - લગલગાટ આંદોલનો અને મુકદ્દમાઓ ચાલતા હતા. આની વચ્ચે પ્રવીણભાઈએ આ પ્રશ્ન ઉકેલવાનો પોતાની સૂઝ અને સંપર્કથી પ્રયત્ન કર્યો. આ અંગે સુપ્રીમ કોર્ટમાં કેસ ચાલતો હતો, ત્યારે એમને ઘણા લાંબા સમય સુધી દિલ્હીમાં રહેવું પડ્યું. દેશના દિગ્ગજ વકીલો સાથે એમણે આ માટે કામ કર્યું અને એની સાથોસાથ નર્મદા યોજના અંગે ચાર રાજ્યોના મુખ્યમંત્રીઓ સાથે સમન્વય સાધવાનો હતો અને દરેક રાજ્યના મુખ્યમંત્રીની માગના સંદર્ભમાં ગુજરાતના હિતને જાળવીને ઉકેલ લાવવાનો હતો. દિલ્હીમાં ભારત સરકાર સાથે આ અંગે મંત્રણા પણ કરવાની હતી. સરકારે પણ એ સમયે એમને મુખ્ય સચિવ ઉપરાંત સરદાર સરોવર નિગમ યોજનાની જવાબદારી આપી હતી અને એ જવાબદારીને એમણે એમની કાર્યસિદ્ધિમાં પરિવર્તિત કરી હતી.

એમણે આઈ.એ.એસ. થયા પછી સચિવાલયોમાં અનેક હોદ્દાઓ પર અને વિવિધ સ્થળોએ કામ કર્યું, પરંતુ એમના કામમાં એમની દૃષ્ટિ સત્તાનો યોગ્ય ઉપયોગ કરી પ્રજાહિત સાધવાની રહી. એમનું લક્ષ્ય બહુજન હિતાય અને બહુજન સુખાય હતું અને એથી જ કુટિર ઉદ્યોગ, રૂરલ ડેવલપમેન્ટ કે ઉદ્યોગ વિભાગમાં કાર્ય કરવામાં એમને સવિશેષ આનંદ આવ્યો, કારણ કે એમાં તેઓ લોકોને તાલીમ અને રોજગારમાં મદદરૂપ થતા હતા. આ રીતે એમના વહીવટમાં કે આયોજનમાં થોડીક વ્યક્તિઓ ધનિક બને એવું નહીં, પણ વ્યાપક સમાજના લોકો સમૃદ્ધ બને એ દૃષ્ટિકોણ જોવા મળતો.

વિશેષ તો વહીવટી અધિકારી તરીકે એમની કાર્યકુશળતામાં ગુજરાતની સહિષ્ણુતા પ્રગટ થતી. કોઈ વ્યક્તિ આવીને લાંબા સમય સુધી પોતાના પ્રશ્નની એમની સાથે વાત કરે, તો તેઓ શાંતિ અને સ્વસ્થતાથી એને સાંભળે. એનો હૈયાઉકળાટ ઠાલવતો હોય, તોય સહેજે

અટકાવે નહીં. એ પછી એનો પ્રશ્ન એ જાણે એમનો પોતાનો પ્રશ્ન હોય તેવો પોતીકાપણાનો ભાવ સામી વ્યક્તિમાં જગાડે. ક્યારેય કોઈ મુદ્દા પર મિજાજ ગુમાવે નહીં. ઉચ્ચ અધિકાર ધરાવતો સરકારી અધિકારી હોય કે પછી દૂરના કોઈ ગામડાંમાંથી ફરિયાદ લઈને આવેલો સામાન્ય માણસ હોય, એ બધાને સમાન નજરે જુએ. એક અર્થમાં એમની કાર્યપદ્ધતિમાં જૈનદર્શનનો અનેકાંતવાદ જોવા મળે. સામેની વ્યક્તિના દૃષ્ટિબિંદુમાં રહેલી સચ્ચાઈને પારખે અને પછી એનું સમાધાન કરી આપે. કોઈ સામાન્ય શોષિતપીડિત માણસનો પ્રશ્ન હોય કે રાજ્યનો કપરો પ્રશ્ન હોય, પણ એ પ્રત્યેક સમયે એમણે એમના સમન્વયવાદી દૃષ્ટિકોણથી એનો ઉકેલ શોધ્યો છે.

જાહેર વહીવટમાં એકવાક્યતા લાવવી જોઈએ, એ અંગે પ્રવીણભાઈ જાપાનને યાદ કરતા હોય છે. એમાં એક મંત્રી કે સેક્રેટરી ઊભા હોય તોપણ તમને ખ્યાલ ન આવે કે આમાં મંત્રી કોણ છે અને સેક્રેટરી કોણ છે? જ્યારે ભારતમાં પોષાક, આચરણ અને અભિગમ એ બધાથી તરત દેખાઈ આવે કે આ મંત્રી છે અને આ સેક્રેટરી છે. આવો ભેદ એમને સહેજે પસંદ નહીં.

નિવૃત્તિ બાદ ૨૦૦૫થી ૨૦૦૮ દરમિયાન સરદાર સરોવર નર્મદા નિગમના ચૅરમૅન અને મૅનેજિંગ ડિરેક્ટરનો મહત્ત્વનો હોદ્દો સંભાળ્યો, પરંતુ એ સમયે ૨૦૦૭થી એમણે શ્રી અજય ઉમટના સ્નેહાગ્રહથી લખવાનું શરૂ કર્યું અને એ રીતે એમની લેખનયાત્રા અવિરત ચાલતી રહી. મહાત્મા ગાંધી કે સરદાર વલ્લભભાઈ વિશે લખે કે પછી રાજુલા ગામ વિશે અથવા તો જસવંત મહેતા જેવા રાજકારણી વિશે લખે - બધે જ એમના લખાણમાં એકસૂત્રતા હોય. ક્યાંય એકે શબ્દ નકામો ન મળે. કોઈ સોની ઘાટ ઘડતો હોય એવું સુબદ્ધ લખાણ એમની પાસેથી મળે છે.

નિવૃત્તિ પછી થોડો સમય એમના સ્નેહી શ્રી યુ. એન. મહેતાને વચન આપ્યા પ્રમાણે ટોરંન્ટ ગૃપમાં સલાહકાર તરીકે કાર્ય કર્યું, પરંતુ એ સમયે પણ એ સઘળા કાર્યભાર વચ્ચે સેવા-પ્રવૃત્તિ કરવાની મોકળાશ એમણે માગી લીધી હતી. હોદ્દો, સત્તા કે સંપત્તિને બદલે સામાન્ય માનવીની સેવામાં એમને વિશેષ રસ પડતો હતો. સરકાર હોય કે સંસ્થા હોય, બધે જ એમની કાર્યનિષ્ઠા નજરે પડે. ક્યારેય એમના ચહેરા પર કંટાળો કે થાક જોવા ન મળે અને વિશેષ તો સામેની વ્યક્તિને અળખામણો લાગે એવો વિચાર પ્રગટ કરતા હોય અથવા તો એનાથી તદ્દન ભિન્ન વિચાર પ્રગટ કરતા હોય, પણ એની રજૂઆત એવી રીતે કરે કે એમની વાત સહુ કોઈ સ્વીકારી લે.

વિશાળ અનુભવ, વ્યાપક વાંચન અને આગવી વક્તવ્ય છટાને કારણે પ્રવચન આપતી વખતે માત્ર એમની પાસે પેડના એક-બે કાગળ પર મુદ્દાઓ લખેલા હોય, પણ એની એવી ધારદાર રજૂઆત કરે કે શ્રોતાઓ એમના વિચારના રંગમાં રંગાતા જ રહે. ચાળીસ વર્ષની દીર્ઘકાલીન વહીવટી સેવાઓ દરમિયાન દુષ્કાળ હોય કે ધરતીકંપ હોય, ત્યારે તેઓ વહીવટી કુશળતા સાથે અવિરત કાર્ય કરતા હતા, એ જ રીતે નિવૃત્તિ પછી એમની સેવાપ્રવૃત્તિ એ જ પ્રકારે અવિરત ચાલી રહી છે.

સદ્‌વિચાર પરિવારમાં એમણે અનેક નવાં સેવાકાર્યો કર્યાં. શ્રી હરિભાઈ પંચાલની નિવૃત્તિ પછી એમણે મનોવિકલાંગો માટેની સંસ્થામાં કાર્ય શરૂ કર્યું. બી. એમ. ઈન્સ્ટિટયૂટ અને ડૉ. માનસેતા તથા વૃંદાવન નાણાવટી દ્વારા ચાલતી ઉમંગ સંસ્થામાં એમણે કામ કર્યું. ગાંધીનગર પાસે વિકલાંગ વિદ્યાર્થિનીઓ માટેની શાળા ખોલી. સદ્‌વિચાર પરિવારમાં તબીબી સહાય જેવાં અનેક કાર્યો કર્યાં. ડૉ. પંકજ શાહ જેવી સેવાભાવી વ્યક્તિનો એમાં સાથ મળતાં એમનું સેવાનું ક્ષેત્ર વિસ્તર્યું. બીજી બાજુ સોમનાથ તીર્થની કામગીરી સંભાળી. પોતાના વતનની નજીક આવેલા તીર્થમાં સેવા કરવાનો લાભ મળ્યો એનાથી મનોમન આનંદ અનુભવ્યો. આ તીર્થમાં અનેક સુવિધાઓ ઊભી કરી. એની આવક વધી અને આ પ્રભાસપાટણ તીર્થ આજે સોમનાથ તીર્થ તરીકે વિશ્વપ્રસિદ્ધ બન્યું. આજે એક કરોડ કરતાં પણ વધુ યાત્રાળુઓ આવે છે.

ભાગવત્ વિદ્યાપીઠને એમની કાર્યક્ષમતાનો લાભ

મળ્યો અને પછી એમણે 'અખંડ આનંદ'ની પરામર્શક સમિતિમાં કાર્ય કર્યું અને આજે સસ્તું સાહિત્યવર્ધક સંસ્થાને વધુ ગતિશીલ કરવામાં એમણે પોતાના અનુભવોથી યોગદાન આપ્યું. ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટમાં પણ તેઓ જોડાયા અને વિશ્વકોશ ટ્રસ્ટની વિદ્યાપ્રવૃત્તિને એમનું મોટું પીઠબળ મળ્યું. ટૅક્નૉલૉજીની ડિજિટલ ક્રાંતિના સમયે વિશ્વકોશને ઓનલાઇન મૂકવાની કામગીરીમાં તથા એનાં અનેકવિધ કાર્યોમાં એમનું સતત માર્ગદર્શન મળતું રહ્યું. પ્રત્યેક મહિને વર્તમાન પ્રવાહો વિશેનો વિશ્વકોશના મુખપત્ર 'વિશ્વવિહાર'માં પ્રગટ થતો એમનો લેખ વાચકોને સમકાલીન પરિસ્થિતિ વિશે માહિતીપ્રદ અને સમીક્ષાલક્ષી ચિંતન આપે છે.

પ્રવીણભાઈએ જીવનભર પિતાની ભાવનાનો પ્રભાવ ઝીલ્યો અને એ દૃષ્ટિએ એમના પિતા કનુભાઈ લહેરી હંમેશાં કહેતા કે, સરદાર પટેલ અને રાજાજી તમામ પરિચિતોને એક વાત કહેતા કે બાળકોને સારી રીતે ભણાવો અને આઈ.એ.એસ. બનાવો. એમના પિતાએ પ્રવીણભાઈ આઈ.એ.એસ. બને તે માટે આગ્રહ રાખ્યો હતો અને એ જ પિતાનું વચન પોતાના જીવનમાં પ્રકાશદાયી બન્યું એમ અન્યનાં જીવનમાં પણ પ્રકાશદાયી બને એ હેતુથી એમણે સ્પીપામાં ૨૭૦ જેટલાં યુવક-યુવતીઓને વિવિધ કક્ષાએ પસાર કરાવીને નિમણૂકો મેળવી આપી છે. પિતાનું વચન પુત્રને માટે જીવનભર પ્રેરક બની રહ્યું.

પ્રવીણભાઈનાં આ કાર્યો દરમિયાન એમનાં સહધર્મચારિણી નીલાબહેને તથા એમના પરિવારનો સાથ મળતો રહ્યો છે. પિતા પ્રત્યેનો આદર, ગાંધીવિચાર પ્રત્યેની ચાહના, ગુજરાતનું હિત જાળવવા માટેની તમન્ના, સત્યનિષ્ઠ કાર્યપદ્ધતિ અને યોગીઓને પણ દુર્લભ એવો સેવાધર્મ- એ સઘળાને કારણે આજે ગુજરાતના સંસ્કારજગતમાં શ્રી પ્રવીણભાઈ લહેરીના જીવનકાર્યને શ્રી કરસનદાસ માણેકના કાવ્ય દ્વારા દર્શાવીને મારી વાત પૂર્ણ કરવાનું ગમશે.

જીવન અંજલિ થાજો<br>
મારું જીવન અંજલિ થાજો.<br>
ભૂખ્યાં કાજે ભોજન બનજો તરસ્યાનું જળ થાજો;<br>
દીનદુઃખિયાનાં આંસુ લો'તા અંતર કદી ન ધરાજો !<br>
મારું જીવન અંજલિ થાજો.<br>
સતની કાંટાળી કેડી પર પુષ્પ બની પથરાજો, ઝેર જગતનાં જીરવી જીરવી અમૃત ઉરનાં પાજો !<br>
મારું જીવન અંજલિ થાજો.

**બાપુના આધ્યાત્મિક વારસ કોણ?**

વર્ધાથી સેવાગ્રામ જતાં ઘોડાગાડીમાં બેસેલા બે મિત્રો વાતચીત કરે છે. ટાંગામાં પાછલી સીટ પર વૈકુંઠભાઈ લ. મહેતા અને મહાદેવભાઈ દેસાઈ બેઠા છે.

આગલી સીટ પર ટાંગાવાળાની સાથે બાર વરસના નારાયણ દેસાઈ બેઠા છે.

વૈકુઠભાઈ પૂછે છેઃ 'મહાદેવ, બાપુ જવાહરને પોતાના વારસ કહે છે. એમાં હું તો એટલું સમજુ છું કે જવાહાર બાપુના રાજનૈતિક વારસ છે. પણ બાપુ કાંઈ એકલું રાજકારણ નથી. એમનું આધ્યાત્મ પણ છે. એમના આધ્યાત્મિક વારસ કોણ? '

મહાદેવઃ 'કોઈ મને ઊંઘમાંથી ઉઠાડીને પણ આ પ્રશ્ન પૂછે તો હું ખંચકાયા વિના જવાબ આપુંઃ વિનોબા'

---

'રામાયણ'માં ભરતનું જીવન જોઉં છું તો મને લાગે છે કે એમાં ત્રણ પ્રકારનું મંથન-સત્યનું મંથન, શિવમનું મંથન અને સુંદરમનું મંથન જણાય છે. 'રામાયણ' બારમાસી આંબો છે. આ આંબાને વેડવો પડતો નથી. 'રામાયણ' રૂપી સદ્‌ગુરુ આપણા માટે રોજ નવો સૂરજ બનીને ઊગે છે.'રામચરિત માનસ' ભકિતસાર છે, જ્ઞાનસાર છે, તત્ત્વસાર છે, શ્રુતિસાર છે. મારો અનુભૂત પ્રયોગ છે કે રામકથાથી સંવેદના પ્રગટ થઈ શકે છે.

- મોરારિબાપુ

## ૦૨ મજૂરીનો મોભો

**વિનોબા ભાવે**

---

હિન્દુસ્તાનમાં આખરે કોઈ સવાલ હોય તો તે ગરીબીનો છે. અને આ દેશની પેદાશ વધ્યા વિના તેનો ઉકેલ નથી. પણ આજે સમાજમાં જે બે ભાગ પડી ગયા છે તે કાયમ રહેશે, તો પેદાશમાં ગમે તેટલો વધારો થવા છતાં ગરીબીના સવાલનો ઉકેલ આવવાનો નથી.

આ દેશમાં કેટલાક લોકો વધારે પડતું કામ કરે છે, એમને તે લાચારીથી કરવું પડે છે અને છતાં એમને પૂરતું ખાવાપીવાનું મળતું નથી. એથી ઊલટું બીજા લોકો થોડીઘણી સેવા કરતા હશે ખરા, તેમ છતાં જેને પેદાશનું કામ કહેવાય તેમાં એ લોકો પડેલા ન ગણાય. એટલું જ નહીં, મહેનત-મજૂરીના કામને એ લોકો હલકું માને છે. તે એટલે સુધી કે જેના વિના સમાજને ચાલે નહીં એવા સારાં સારાં કામ કરનારને આપણે પછાત ગણીએ છીએ. કારીગરોને, મજૂરોને આપણે હલકા ગણીએ છીએ. ખેડૂતોને આપણે નીચા માન્યા; ને જે મહેનત-મજૂરી કરતા નથી તેમને આપણે ઊંચા માન્યા! આ જ કારણે હિન્દુસ્તાન નીચે પડયું છે.

પ્રોફેસર અને વિદ્યાર્થી, ન્યાયાધીશ ને વકીલ, વેપારી ને ભણેલાગણેલા જે બધા પોતાના દેશનું કલ્યાણ કરવા ઇચ્છે છે તે પોતાના હાથ વડે કંઈક કામ કરે- ઘરમાં ઘંટી ફેરવે ,સુતર કાંતે, કંઈ ને કંઈ પેદા કરે, તો જ આ ભેદ મટી શકે.

આપણામાંનો એક એક માણસ કોઈ પણ પ્રકારની મજૂરી કરવા માંડે તો આપણા મગજ પણ ચોખ્ખાં થશે. આ વાત હું મારા પોતાના અનુભવ પરથી કહું છું. રોજના કલાકો સુધી મેં મજૂરીનું કામ કરેલું છે, અને એથી મારી વિચાર કરવાની શક્તિ વધી છે. મેં વીસ વર્ષો સુધી શરીરશ્રમ કર્યો છે. એટલે હું હવે ચોક્કસપણે કહી શકું છું કે શરીરશ્રમથી ઇન્દ્રિય-સંયમમાં મદદ મળે છે. જેમને બ્રહ્મચર્ય પાળવું છે. તેમણે કોદાળી લઈને ખેતરમાં એક-બે કલાક ખોદવું જોઈએ. આખા દિવસમાં એટલો થાક લગાડવો કે રાતે ઊંઘ અનિવાર્ય થઈ પડે અને થાય કે કયારે પથારીમાં જઈને પડું ! જો દિવસ આળસમાં વીતે તો તેને સારી ઊંઘ આવે જ નહીં. હું ચોક્કસ માનું છું કે મેં મજૂરનું કામ ન કર્યું હોત અને ખાલી વિચારો જ કર્યા હોત, તો આજે જેવા વિચાર સ્પષ્ટ વિચારો હું કરી શકું છું તે ન કરી શકત.

ન્યાયાધીશ જો રોજ કલાકેક કાંઈક મજૂરીનું કામ કરશે- કોદાળીથી જમીન ખોદશે, લાકડાં ફાડશે, ઘંટી પર દળશે કે રેંટિયાથી કાંતશે- તો તેના ચુકાદા વધારે સાચા નીવડશે. બુનિયાદી શિક્ષણનો શિક્ષક, નઈ તાલીમનો અધ્યાપક જો ખેતરમાં પણ કામ કરશે, સાવરણો લઈ વાળશે તો ક્લાસરૂમમાં પણ તે ખીલી ઉઠશે. મજૂરી કરવાથી મગજ સ્ફૂર્તિમાં રહે છે. રસમય શ્રમથી આપણા મગજને થાક લાગતો નથી.

આમ કરવાથી દેશમાં પેદાશ વધશે એટલું જ નહીં, આપણે ત્યાં મજૂરીનો મોભો પણ વધશે; મજૂરી કરવાવાળા લોકો આજે હલકા ગણાય છે તે ઊંચા આવશે. કબીરસાહેબ વણકર થઈને વણતા હતા, તે વખતે વણકરોનો સમાજમાં જે મોભો હતો તે આજે ક્યાં છે? રોહીદાસ ચમારનું કામ કરતા, તે વખતે ચમારની જે પ્રતિષ્ઠા હતી તે આજે ક્યાં છે? નામદેવ દરજીનું કામ કરતા, તે જમાનામાં દરજીની જે ઇજ્જત હતી તે આજે કયાં છે? કૃષ્ણ ભગવાન ખેતરોમાં મજૂરી કરતા અને ગાયો ચારતા. ત્યારે ખેડૂત અને ગોવાળનું જે સ્થાન સમાજમાં હતું તે આજે કયાં છે? મહમ્મદ પયગંબર હાથ વડે મજૂરી કરતા. ગાંધીજીએ પણ આશ્રમમાં શ્રમને કેન્દ્રમાં રાખેલો હતો. આપણા જેટલા સંતો થઈ ગયા છે તે બધા જ કોઈને કોઈ મજૂરીનું કામ કરતા. જે માણસ

પરસેવાનો રોટલો ખાય તે ધર્મપુરુષ બની જાય છે. એના જીવનમાં પાપ સહેલાઈથી દાખલ ન થઈ શકે. દિવસભર કામ કર્યું તો રાતે ગાઢ ઊંઘ આવી જાય છે. ન દિવસે પાપ કરવાનો સમય મળે, ન રાતે કશું એવું સૂઝે, કારણ કે થાકેલા પાકેલા શરીરને તો આરામ જ જોઈએ. જે જીવનમાં પાપ અંગે વિચારવાનો કશો અવકાશ જ ન હોય, એ ધાર્મિક જીવન હોય છે.

આપણે સૌએ શ્રમને હલકું અને શ્રમ કરનારાઓને નીચા ન ગણતાં ઉચ્ચ સ્થાને બેસાડીને મજૂરીનો મોભો વધારવો જોઈએ.

**એવાં ભાગ્ય ક્યાંથી?**

આદિવાસીઓના ગામમાં એક ઘરમાં રાતવાસો કરવાનો પ્રસંગ આવ્યો. એમાં એક જ ઓરડો હતો. તેને બારી નહોતી. ત્યાં જ રસોઈ થતી. આખા ઘરમાં ધુમાડો થતો. કેટલાંક મરઘાં હતાં, તેનાં બચ્ચાં આમતેમ રમતાં હતાં. એ લોકોએ વિચાર્યું કે મારા જેવાને ત્યાં સુવડાવવો ઠીક નહીં ગણાય. પાસે એક ઝૂંપડી હતી, ત્યાં ખાટલી ઢાળી દીધી. ઘરધણી મારું અપમાન કે હાંસી નહોતો કરવા માગતો, પણ એણે ભોળાભાવે કહી નાખ્યુંઃ 'અહીં અમે ભૂંડ રાખીએ છીએ. અમારી પાસે બીજી જગ્યા નહોતી. આજે અમે આ જગ્યાને સાફ કરી દીધી છે. તમે અહીં આરામ કરો.'

મેં કહ્યું, 'ખેર, સાફ કરી એ તો સારું જ કર્યું.' થોડી વારે મને વિચાર આવ્યો કે, આ માણસ અહીં ભૂંડ રાખતો હતો; પણ અહીં બહારનું તો છે જ નહીં- રાતે કોઈ અંદર ઘૂસી જાય તો? મેં પૂછ્યું,'આમાં બારણું નથી?'

એ બોલ્યો,: 'એમાં બારણાની જરૂર નથી.'

મેં કહ્યું,બારણાની શા માટે જરૂર નથી? આસપાસમાં કોઈ ચોર નથી?

એ બોલ્યો, 'ચોર તો ઘણાય છે.'

'તો તારા ઘરમાં બારણું કેમ નથી રાખતો? '

એ બોલ્યો,'અમારાં એવાં ભાગ્ય ક્યાંથી? કે અમારાં ઘરમાં ચોર આવે!'

સાવ અભણ માણસના આ શબ્દો છે. એ કહે છે કે, અમારું એવું ભાગ્ય નથી ! કેમ ? એમાં ભાગ્ય શા સારું જોઈએ? તો કહે છેઃ 'અમારી પાસે એક જ ચીજ છે : 'ગરીબી- અને એને ચોરનારું કોઈ છે નહીં.'

મેં કહ્યું, 'તો તો તમારે પોલીસની કશી જરૂર નહીં પડતી હોય.'

એ બોલ્યો,'પોલીસની અમારે તે શી જરૂર?'

મેં કહ્યું, 'તો પોલીસવાળા તારે ત્યાં કદી આવતા નથી? '

કહેઃ 'આવે છે ને!'

મેં પૂછ્યુંઃ 'ક્યારે આવે છે ?'

એ બોલ્યો,'તમારા જેવાની ઘડિયાળ ગુમ થઈ જાય, ત્યારે તે શોધવા સારું અમારે ત્યાં ઘરમાં આવે છે ! તમારી અમીરી ને અમારી ગરીબી બંનેનું રક્ષણ એ કરે છે.'

- દાદા ધર્માધિકારી

**મનુભાઈ પંચોળી**

---

**જૂનું માનસ અકબંધ**

ગાંધીજીએ 'હિંદ સ્વરાજ'માં કહ્યું છે કે,'અંગ્રેજોએ હિન્દુસ્તાન જીત્યું નથી, પણ આપણે તેમને સોંપી દીધું છે.' ભારે માર્મિક અને કડવું લાગે તેવું, છતાં અંદરથી સાચું વાક્ય છે. તે દિવસે સાચું તેટલું જ આજે પણ સાચું. અંગ્રેજો થોડા હતા તે આપણે તો અસંખ્ય હતા. આ થોડાએ અસંખ્યને કેમ હરાવ્યા? આ થોડા અંગ્રેજોને લશ્કરના સિપાહીઓ અને વહીવટદારો કોણે પૂરા પાડ્યા? આપણે જ એમના સિપાહી થયા, એમના વહીવટદાર થયા. તેનો અર્થ એ કે આપણે જ એમને આપણો દેશ સોંપી દીધો.

જમાનો બદલાતો ગયો, પણ આપણે ન બદલાયા. ન્યાતજાતનાં તે જ કૂંડાળાં, તે જ ધાર્મિક રૂઢિઓ તે જ પરલોક પરાયણતા, આ લોક વિશે તે જ બેદરકારી. આ બધાં અપલક્ષણો સાથે આપણે નવું બંધારણ ને નવી રાજપદ્ધતિ લાવ્યા, પણ આપણે તો જૂના અને જૂના જ રહ્યા. કોળી કોળી માટે, કણબી કણબી માટે, ગરાસદાર ગરાસદાર માટે, ભણેલા-ખરી રીતે ભૂલેલા- ભણેલા માટે, આ નવો જ્ઞાતિવાદ. બધું જૂનું માનસ અકબંધ રહ્યું.

અંગ્રેજો ગયા, ગોરા સાહેબોને બદલે ઘઉંવર્ણા સાહેબો આવ્યા. તે આપણા મુનીમ છે, રાજ્ય આપણું છે તે આપણા લાભમાં ચાલે, એ જાતની જાગૃતિ નથી. જ્ઞાન કે અભ્યાસ નથી. રાજકારણનું પાયાનું જ્ઞાન સૌને મળે તેવા પ્રજાકીય પ્રૌઢશિક્ષણની જરૂર છે. તે માટે આપણે જૂના વિચારો, જૂના આચારો, જૂની વર્ણવ્યવસ્થા, એવું કાંઈ કાંઈ બદલવું પડશે. નહીંતર એ જ મતદાનથી નબળાં તત્ત્વો સત્તા પર આવશે. અંગ્રેજોને આપણે જ આપણો દેશ સોંપી દીધેલો, તેમ આજે દેશ ઘઉંવર્ણા સાહેબોને, ન્યાતજાતને આપણે સોંપી દીધો છે.

લોકશાહી તો એવું ઝાડ છે. જેનો રસ પાંદડે પાંદડે, ડાળીએ ડાળીએ, મૂળિયાંમાં, થડમાં બધે ઊતરેલો હોય. પરંતુ આપણી લોકશાહી કેવળ રાજકીય લોકશાહી છે. સામાજિક લોકશાહી હજી જન્મી નથી. શું શેઠ અને ગુમાસ્તા વચ્ચે લોકશાહી છે? અરે પતિ-પત્ની વચ્ચે પણ ક્યાં લોકશાહી છે? ખાઈ-પીને પતિદેવ આરામથી ખાટ પર બેસે, અને પત્ની ઠામ ઉટકવા બેસે ! આ રીતે માત્ર રાજકીય લોકશાહી હોય તે કેમ ટકી શકે?

---

**'તે ચૂકવીને આવીશ.'**

મારા પિતાજી ગુજરી ગયા. તે વખતે મારાં બા ને મેં કહ્યું,

'હવે તમે આંબલા આવો; અહીં એકલાં રહેવું નહીં ફાવે.'

બા કહેઃ 'હજુ અહીં રહેવું પડે તેમ છે. તારા બાપુજી દાણાવાળાની દુકાનેથી જે કાંઈ લાવતા, તેમાં ૭૦- ૮૦ રૂપિયા ચૂકવવાના બાકી છે; તે ચૂકવીને હું આવીશ.'

મેં કહ્યુંઃ 'એ કંઈ મોટી વાત છે? હું સાંજે એની દુકાને જઈને રકમ ભરી આપીશ.'

મારી બા કહે,'એમ ન થાય, એ પૈસા તો મારે જ ભરવા જોઈએ; એ તો હું વેંત કરીશ.'

'તું મારાં પૈસા ન લે?'

'લઉં જ ને! પણ આ પૈસા મરનારે ભર્યા હોત; હવે

એ નથી, એટલે હું ભરીશ.'

હું જાણતો હતો કે ઘરમાં કાંઈ નથી. મારા બાપુજીને ૨૦-૨૨ રૂપિયા પેન્શન મળતું. એમાં પોતાનું ચલાવતા ને દીકરીઓ-ભાણેજડાંને ટાણેટચકે સાચવતા.

મેં કહ્યું, 'બા, તું ક્યાંથી ભરીશ? મરનારના વારસ તરીકે તેનું આ બધું દેણું હું ભરી આપીશ.'

બા બોલ્યાં, 'તું વારસ, ને ભરે તે વાત સાચી. પણ આ તો હું જ ભરીશ. તું માથાઝીંક ન કર.'

તે ન જ માન્યાં. ત્રણ મહિને દેણું ભર્યું. કેવી રીતે કમાયાં હશે? દળણાં દળ્યાં હશે? બાંધણી બાંધી હશે? ભગવાન જાણે ! પણ પોતાની જાતકમાણીથી દેણું ભર્યું; પછી જ આંબલા આવ્યા.

----------------------------------

**શિક્ષણનું ખરું કામ**

ભણાવવું એટલે શું? ભણાવવું એટલે જ્ઞાન આપવું અને સાથે મર્દાનગી આપવી. આજે શિક્ષણનું મુખ્ય કામ અન્યાય સામે લડવાનું શીખવવાનું છે. આપણા શિક્ષણમાંથી, સાહિત્યમાંથી એવી તાકાત જન્મવી જોઈએ કે જેથી સામાન્ય માણસ ઊઠીને ઊભો થાય અને અન્યાય નિવારણ માટે લડત આપે. શિક્ષણનું ખરું કામ આ છેઃ ભણેલો માણસ શૂરવીર હોય. સેવા પણ એને માટે જ છેઃ સેવામાંથી મરદાનગી પ્રગટ થવી જોઈએ, સામાન્ય માણસમાં નૂર પ્રગટવું જોઈએ. શિક્ષણ, સાહિત્ય અને સેવાએ જે કરવાનું છે તે આ છે. શિક્ષણ ખાતર શિક્ષણ નહીં, સાહિત્ય ખાતર સાહિત્ય નહીં, સેવા ખાતર સેવા નહીં. તે ત્રણેયમાંથી શક્તિ પ્રગટવી જોઈએ. માણસ બેઠો થવો જોઈએ. આવી તાકાત જો ન નીપજતી હોય તો શિક્ષણ -સાહિત્ય-સેવા બધું નકામું છે.

----------------------------------

**મનુષ્યને સમજવાની ચાવીઓ**

મનુષ્યને હૃદય મળેલું છે અને એ હૃદય અનેક ભાવોને અંદર ઝંખતું હોય છે. હૃદય એક મોટો દરિયો છે. એ દરિયાની વિશાળતાની બાબતમાં, ગહનતાની બાબતમાં ગરીબમાં ગરીબ માણસ અને છત્રપતિ વચ્ચે કશો ફેર નથી. દરેકને અગાધ હૃદય મળ્યું છે. આ સાહિત્ય છે તે હૃદયની વાર્તા કહે છે. હૃદયના ઊંડાણની હૃદયનાં તોફાનોની, હૃદયના વમળોની, હૃદયની મલિનતાની, હૃદયની શુદ્ધતાની, હૃદયમાંથી પ્રગટ થતા ભગવાનની, હૃદયમાં પ્રગટ થતા શેતાનની અને એ શેતાન અને ભગવાનના ઝઘડાની-ને એ ઝઘડામાંથી ધીમે ધીમે શેતાન કેમ ભગવાનમય થતો જાય છે એની વાર્તા. સંતોની વાર્તા કહેવી સહેલી છે, શેતાનની વાર્તા કહેવી અઘરી છે. કારણ કે શેતાન એ ખરેખર શેતાન નથી, પણ ભગવાન થવામાં નિષ્ફળતા મળવાથી મૂંઝાયેલો મનુષ્ય છે.

આ સાહિત્યપદાર્થમાં મનુષ્યને સમજવાની, મનુષ્ય પ્રત્યે અપાર સહાનુભૂતિ કેળવવાની શક્તિ હોય છે. જે બધા મોટા સાહિત્યકારો થયા છે તેમની સંસ્કૃતિની જો કોઈ મોટા મોટી સેવા કરી હોય તો તે એ કે મનુષ્યને સમજવાની ચાવીઓ એમણે આપી છે. સાહિત્યની શક્તિ મનુષ્યના મનને પરિશુદ્ધ કરવાની છે. પણ તે એવી રીતે નહીં કે આમાં બધું ચોખ્ખેચોખ્ખું છે. ચોખ્ખું નથી, છતાંય સહાનુભૂતિ રાખવા જેવું છે. કારણ કે કોઈને ચેન નથી ચોખ્ખું થયા વિના. આ પ્રકારની પ્રતીતિ સાહિત્ય કરાવે છે.

વસ્તુત; સાહિત્યસેવન એ આનંદ-તપસ્યા છે. તેમાં આનંદ છે માટે લહેર જ લહેર છે, કાંઈ તપસ્યા નથી, એવું નથી. તેમાં પણ અનિદ્રા અને અનાહારી રહેવું પડે છે અને ત્યારે જ તેમાં રહેલા દેવતા તેનો વરદ હસ્ત વાચકના શિર પર મૂકે છે.

----------------------------------

# ૦૪ પત્રઃ વિમલા ઠકારનો અનુયાયીઓને...

**વિમલાજી**

તા.૩-૭-૧૯૮૫

મારા વાહલા બિરાદરો,

ગુરુપૂર્ણિમા નિમિત્તે મોકલાવેલા તમારા પત્રો મળ્યા. તમે બધા મારા પ્રેમીઓ છો. મારામાં વિશ્વાસ ધરાવો છો. સાથે રહો છો. વ્યક્તિગત રીતે પોતાનાથી થાય તેટલી સેવા પણ કરો છો.મારાં નિજી કાર્ય કરો છો. હું બધી રીતે તમારી આભારી છું. તમો બધી રીતે મને સાચવી લો છો. મારા સ્વભાવના દોષો સહ સહી લો છો. ઊણપો પ્રત્યે આંખ આડા કાન કરો છો. હું તમારી ઋણી છું.

દેહને સ્તરે હું વ્યક્તિ છું. રહેવા માટે મકાન જોઈએ. ખાવા,પહેરવા જોઈએ. શરીર અસ્વસ્થ થયે સુશ્રૂષાની પણ જરૂરત રહે. એ વાત સાવ સાચી, પણ આ દેહ નાનપણથી જ પ્રભુસમર્પિત થયેલ છે. ચિત્તને સ્તરે એક દેહવ્યાપી શૂન્યતા છે. એક પ્રકાશ મૌન પથરાયેલ છે. ત્યાં નથી 'હું' નું જ્ઞાન કે 'તુ'નું ભાન. ત્યાં નથી સ્ત્રીપુરુષ ભેદભાવ. મૌન એક એવું અનેરું મૌન. જે નિઃસ્તબ્ધ,નિષ્કંપ શૂન્ય છે, જે અક્ષરશ અતલ છે. જેની સીમાઓ હજુ સુધી દેખાઈ નથી.

વ્યવહારની પળોમાં તેમાં સળવળે છે - ચૈતન્ય. તે ચૈતન્ય આંખોમાં ઊતરીને દૃષ્ટિ બને છે. કાનોમાં સંચરીને શ્રુતિ બને છે. ચરણોમાં ગતિ બને છે. હૈયામાં પ્રસરીને પ્રેમ બને છે અને 'હું'-'તું'ની સંવેદના વગરનો વ્યવહાર થતો રહે છે. મારી પાસેથી કંઈ શીખવા માંગતા હો તો શીખી લો કે જીવન પવિત્ર છે. જીવવાની હર ક્ષણ પવિત્ર છે. પળેપળ અહીં નિત્યનૂતન વરસી રહ્યું છે. દરેક કર્મ સમાન મહત્ત્વ ધરાવે છે. દરેક સંબંધ મુક્તિનું દ્વાર છે. સભાનપણે જીવવું એક મહત્ત્વની કળા છે. ચિત્તમાં ગ્રંથિ બાંધ્યા વગર સંબંધોમાંથી પસાર થવું એ જ કર્મનિર્જરાનો એકમાત્ર મારગ જણાય છે. પ્રામાણિક, નૈતિક બનતા રહી જીવનયાત્રામાં આગળ વધો. જીવવા માંડો, ભાઈ ! જીવવા માંડો.

મરણની ઉપાસના મૂકી દો. પલાયનની વાસના તજી દો. આસક્તિના અભરખા ફગાવી દો. વિરક્તિનું ઘેલું છોડી દો. ક્ષણનાં મુખડાં પર પડેલું ક્ષણિકતાનું ઝીણું આવરણ હટાવી દો. જીવનની શાશ્વતી ક્ષણ બનીને સામે ઊભી છે, તેને જોતાં થાઓ. તેની કસૂંબી નજરોમાં ચિરયૌવનની ખુમારી છે. દેહમાં રહીને જ જીવનનો કસૂંબો પ્રાશી શકાય છે. દ્રષ્ટિ છે તેથી જ મિલનની શક્યતા છે, હૈયું છે તેથી જ જિંદગીને પ્યાર કરવાની સંભાવના ઊભી છે.

પેલી કુદરતમાં સળવળે છે જીવનનાં સ્પંદનો. પુષ્પોમાં મહેકે છે જિંદગીની સુરભિ. ફળોમાં મધમધે છે જીવનનો આસવ. પ્રાણીઓની આંખોમાંથી છલકે છે જિંદગીનું લાવણ્ય. મનુષ્યનાં સારાંનરસાં કર્મોમાંથી,ખાટાંમીઠાં વેણોમાંથી મોહ-દ્વેષના ઉછાળામાંથી નીતરે છે સત્યમ્ શિવમ્ સુન્દરમ્‌ની અભીપ્સાનું અમૃત.

એટલે કહું છું કે જીવતા થાઓ. પરિગ્રહના કારાગારમાંથી બહાર નીકળો. અહં-મમના દોરડાથી બંધાયેલા જીવને જરા 'ન ઇદમ' કહી મોકળું આકાશ આપો. પંચ-પ્રાણોથી બનેલા આત્મવિહંગને ખુલ્લા આકાશમાં જરીક ફરવા દો. શ્વાસોશ્વાસના આશ્લેષમાં મરણને જકડી લો. જ્યારે મરણ પોતે જ જીવનના આશ્લેષમાં બંધાઈ જાય છે ત્યારે દેશમાં જ વિદેહપણું ઊઠે છે. વિદેહદશા જ પરમ સ્વાધીનતા ગણાય. દેહમાં દેહાતીત થઈને વિચરવું, એ મહામૂલો લહાવો છે. જે અહીં લાધ્યો છે તેવો તમોને લાધો એ શુભેચ્છા સહિત.

- વિમલા ઠકાર

## ૦૫ તડકો...

**ગુણવંત શાહ**

---

ઉનાળાની વૈરાગ્યવર્ધક બપોરે સંભળાતા ટહુકાનો સ્વાદ અનેરો હોય છે. ટહુકા સાંભળવાનો લોભ વધે તો બીજા ક્ષુલ્લક લોભ આપોઆપ ઢીલા પડી જતા હોય છે. ઉનાળાની બપોર વૈરાગ્યભાવ ધારણ કરીને જંપી જાય ત્યારે પણ કોયલ ટહુકતી રહે છે. વૈશાખી બપોરનું મધુર આશ્વાસન એટલે ટહુકો. ઘટમાળિયા જીવનને શૃંગારરસ થોડુંક સહ્ય બનાવે છે. બળબળતી બપોર જયારે સોળે કળાએ ખીલી ઊઠે ત્યારે ટહુકો બપોરનો શૃંગાર બનીને અવકાશમાં ફરી વળે છે. ઉનાળાનું ભીનું આશ્વાસન એટલે લીલાં તૃણ પર પોતાનો ચળકાટ જાળવીને બેઠેલું ઝાકળબિંદુ.

સૂર્ય તો સ્વભાવે જ એક મહાન ડાયનેમિક ઘટના છે. જે ઘરમાં તડકો પ્રવેશી જ ન શકે એ ઘરમાં શિયાળાને બહુ નથી સોરવતું. શિયાળો અને તડકો બંને એકબીજા વગર અધૂરા છે. પ્રત્યેક ઋતુમાં તડકાની પર્સનાલિટી અનોખી હોય છે. વર્ષાનો તડકો પલળેલાં વસ્ત્રોમાં અધિક સુંદર લાગતી નવયૌવના જેવો હોય છે. શરદનો સ્વચ્છ-સ્વસ્થ તડકો સ્થિતપ્રજ્ઞ સાધુ જેવો હોય છે. હેમંતના તડકામાં આલિંગનની હૂંફનો અનુભવ થાય છે. વસંતનો તડકો ટહુકીલો અને ગઈ કાલે જ પરણીને આવેલી પુત્રવધૂના કુંવારાં અરમાન જેવો દીસે છે. ગ્રીષ્મનો તડકો કુંભમેળામાં પહોંચી જતા નાગાબાવાની આંખ જેવો આકરો અને અનાશકત જણાય છે.

ઉનાળામાં- ચૈત્ર,વૈશાખમાં ગુલમહોર અને ગરમાળાનું વૃક્ષત્વ થનગની ઊઠે છે અને થનગનાટ પુષ્પત્વની દીક્ષા પામે છે. કોઈ ખીલી ઊઠેલા માણસને મળવું, એ પણ એક લહાવો છે. કોઈ ખીલી ઊઠેલ માણસ ન મળે તો? વૈશાખમાં ગુલમહોર અને ગરમાળો મનુષ્યત્વની લગોલગ આવી જતાં જણાય છે. ગુલમહોર પાસે વડ જેવો ઘટાવૈભવ અને આંબા જેવો ફળવૈભવ નથી. એની પાસે લીમડાની શીળી છાયા. બાવળની ઉપયોગીતા કે પારિજાતની સુગંધ નથી. ગુલમહોર પાસે છે અનોખો રંગવૈભવ. ચૈતર અને વૈશાખના આકરા તડકાને ગુલમોરનું સ્મિત બહુ ગમે છે. ગુલમહોરની ચેતના મારી ચેતનાથી જુદી નથી એ વાતની સમજ પડી જાય તો મારું ભગવાન વગર કશું જ અટકે તેમ નથી. લાગણી વગરના કે થીજી ગયેલા માણસને મળવું, એના કરતાં કોઈ વૃક્ષને મળવું સારું. તાણથી બચવું હોય તો માણસે વૃક્ષને સથવારે રહેવું પડશે. વૃક્ષો આપણું જીવન છે.

કોકરવરણા તડકામાં કયારેક આકાશમાં મેઘધનુષ નજરે પડે છે. એને જોનારના મનમાં પણ સપ્તરંગી મેઘધનુષ રચાઈ જાય છે. કોકરવરણો તડકો વરસાદના મૌનને ઉઘાડથી અને મનને ઉજાસથી ભરી દે છે.

પ્રકૃતિ સાથેના અતડાપણાને કારણે આજકાલ માણસો ઓછું કામ કરે તોય વધારે થાકે છે. પ્રકૃતિ સ્વભાવે જ થાક ઉતારનારી અને તનને તથા મનને તાજગીથી છલોછલ ભરી દેનારી માતા છે. અઢળકતા પ્રકૃતિનો સ્વભાવ છે. પરમેશ્વર લાચાર છે. એ કદી સાકાર સગુણ સ્વરૂપે પ્રગટ થઈને માણસને વહાલ કરતો નથી. એ તો પોતે સર્જેલી પ્રકૃતિ દ્વારા માણસને લાડ લડાવતો રહે છે. પ્રકૃતિનો ખોળો છૂટતો જાય છે અને હૉસ્પિટલોમાં ખાટલાઓની સંખ્યા વધતી જાય છે. વિસ્મય ખૂટી પડે ત્યારે તાણ વધી પડે છે. આયુષ્ય લંબાતું જાય છે અને જીવન નંદવાતું જાય છે.

જીવન તો લીલા-કુમળા ઘાસ પર ઝાકળભીનાં પારિજાતનાં પુષ્પો ખરતાં રહે તેને થોડાંક સૂર્યકિરણો સાથે છાબડીમાં મૂકીને સુવાસમય બની રહેવાની એક પરમ રોમાંચકારી ઘટના છે.

## ૦૬ વૃક્ષ...

**મણિલાલ હ. પટેલ**

આ પૃથ્વીલોકમાં વૃક્ષ સાચે જ દેવતા સ્વરૂપ છે. વૃક્ષો વિનાની પૃથ્વી કલ્પી શકાતી નથી. વૃક્ષો વિનાનું માનવજીવન પણ અકલ્પ્ય છે. વૃક્ષો વિના તો પશુ -પંખી જીવજંતુનું જીવવું અશક્ય છે. એટલે વૃક્ષથી મોટો કોઈ 'દેવ' નથી અને માટીથી મોટી કોઈ 'મા' નથી. વૃક્ષો માટીનું રૂપાંતર છે - ને દેવસ્વરૂપ છે. આપણેય માટીનું રૂપાંતર છીએ.

વૃક્ષો ઋતુઓનું વાહન છે. ઋતુઓ વૃક્ષોને લઈને વધારે શોભાયમાન લાગે છે. ઋતુઓ અને વૃક્ષો અરસપરસ એકરૂપ છે. વૃક્ષ એક ગુરુ કરતાં વધારે શીખવે છે. વૃક્ષો આપણને છાંયો, ફળ, ફૂલ, લાકડું તથા ઔષધિઓ આપે છે-એ તો સૌ કોઈ જાણીએ છીએ પરંતુ વૃક્ષો આપણને એમના જીવનમાંથી બોધપાઠ આપવા સાથે અધ્યાત્મ પણ શીખવે છે. વૃક્ષો ચૂપચાપ પરોપકાર કરે છે. કલ્યાણવૃત્તિને જીવે છે. પોતાને માટે કશું જ નહીં રાખતા વૃક્ષો જીવસૃષ્ટિને બધું જ સમર્પિત કરી દે છે. વૃક્ષની પ્રત્યેક વસ્તુ - રજેરજ કિંમતી અને કામની છે. વૃક્ષો એના ફૂલફળથી પંખીલોક, જીવજંતુની સૃષ્ટિ તથા સૃષ્ટિનું સંતુલન સાંધતા રહે છે. એટલે એક વૃક્ષ કપાય છે ત્યારે સેંકડો પંખીઓ તથા જીવજંતુની વસાહતો ઉજડી જાય છે. એની નેગેટિવ અસર માનવજીવન ઉપર પણ પડે છે. એટલે વૃક્ષ કાપવું એ પાપ છે-મહાપાતક છે.

વૃક્ષો પરિપ્રેક્ષને રમ્ય અને ભવ્ય બનાવવા સાથે પર્યાવરણને પરિશુદ્ધ રાખે છે. વૃક્ષ હંમેશા આપણને છાંયે બેસવા અને સાથે રહેવા સાદ પાડતું હોય છે.

જૂના જમાનામાં ગુરુકુળો-આશ્રમો વૃક્ષોની ઘટાઓમાં શુદ્ધ અને અધ્યાત્મમય જીવનથી મસ્ત રહેતાં હતાં. વૃક્ષો ઘર આપે,આશરો બને, શુદ્ધ ફળફૂલ ને હવામાન આપે છે. એ આપણને પાંદડાંના અને ફૂલના રંગો તથા આકારોથી કુદરતની લીલા સમજાવે છે. ઔષધિ આપતું વૃક્ષ પવનનું સંગીત આપે અને ઋતુઓની લીલા દ્વારા જીવનચક્ર-ઈશ્વરનું રચેલું સૃષ્ટિચક્ર આપણને વગર બોલ્યે ભણાવી દે છે. 'મૂળ રે વિનાનું કાયા ઝાડવું એને પડતા ન લાગે વાર' આપણું શરીર પણ મૂળ વિનાનું ઝાડવું છે. એ ગમે ત્યારે પડી જવાનું છે. તો કાયાને કુદરતના વૃક્ષની જેમ રાખીએ ને બીજાઓ માટે પ્રયોજીએ ત્યારે જ જીવેલું સાર્થક થાય છે.

'મને તો ઝાડ થવું બહુ ગમે'-કવિ જયંત પાઠક તો કહે છે કે, 'કોઈ ભવમાં હું વૃક્ષ હોઈશ' ને આમે ય આપણો આકાર પણ ઝાડ જેવો જ તો છે.

વૃક્ષોની તો હજારો પ્રજાતિઓ છે. જાતે ઘસાઈને સુગંધ તથા શીતળતા આપે તે ચંદન તો દેવોને ય પ્રિય છે. પારિજાતને તો 'દેવતરું' કહ્યું છે. કૃષ્ણે રુક્ષમણિના આંગણે વાવેલું તે કેવું તો મહેક મહેક થતું હશે? જીવતરના સઘળાં રસાસ્વાદ વૃક્ષોના ફળોમાં નિહિત છે! કેરીની ખટાશ ને મીઠાશ! આંબલીની ખટાશ, કાચાબોરની તુરાશ! ફણસનું ગળપણ, ખજૂરનો સ્વાદ, સીતાફળની સ્વાદિષ્ટતા, બીલી-કોઠીના ઔષધીય ગુણો!! મા ધરતીએ જીવનના બધા જ રસોને તરુફળોમાં મૂકી આપ્યા છે. વૃક્ષો પૃથ્વીને જ નહીં, જીવતરને હરિયાળું અને રમણીય કરી દે છે. મૂળ જેટલા ઊંડા જાય તેટલું એ આકાશને આંબે છે. આપણે પણ જીવતરમાં જ્ઞાનમાં ઊંડા ઊતરિએ તો વધુ વિકસીશું.

વૃક્ષો બીજા વૃક્ષોને પૂછ્યા વિના જાતે જ ઊછરે છે, વેઠીને વિકસે છે.

> હે મારા આત્મન્,
> મૌન જાળવજે આ વૃક્ષો જ પ્રાર્થના છે.
> - ગુરુદેવ-રવિ ઠાકોર

## ૦૭ ગાંધીજી અને ગીતાઃ જીવનવિદ્યાનું વ્યાકરણ

**મનસુખ સલ્લા**

ગીતાનો અભ્યાસ કરનારા અનેક હોય છે; પરંતુ એના તત્ત્વો મુજબ જીવનારા બહુ ઓછા હોય છે. એવું જીવવું એટલે તલવારની ધાર પર ચાલવું. સતત આત્મનિરીક્ષણ કરવું. સતત શ્રેય-પ્રેયનો વિવેક કરવો, ક્યાંય લેપાયા વિના કર્મો કરવાં. ગાંધીજીએ ગીતાના શિક્ષણ મુજબ જીવવાનો જાગ્રત પ્રયત્ન કર્યો છે. પરિણામે ગીતાનાં તત્ત્વો એમના અસ્તિત્વનો ભાગ બની ગયાં. એમાંથી સત્ય, અહિંસા, અપરિગ્રહ, અસ્તેય અને અભયનો જન્મ થયો છે.

બાળપણના મોહનની નબળાઈઓ એવી હતી કે તેઓ સામાન્યતામાં રહી ગયા હોત; પરંતુ એમનામાં એક ખૂબી જન્મજાત જણાય છે કે જે સાચું લાગ્યું એને આચરણમાં મૂકવું. માતાની સંકલ્પશક્તિ વારસામાં ઊતરેલી દેખાય છે. આપણને વધુ પરિચય પ્રૌઢ ગાંધીજીનો છે; પરંતુ યુવાવસ્થાથી ગાંધીજીમાં સાચા જીવન માટેની શોધ શરૂ થઈ ગઈ છે. ઇંગ્લાંન્ડથી તેમણે વ્યવહાર અને આત્મતત્ત્વના ઊંડાણભર્યા ૨૪ સવાલ શ્રીમદ્ રાજચંદ્રને પૂછાવ્યા હતા. ૧૯ વર્ષના મોહનદાસ બ્રિટનમાં અભ્યાસકાળે એડવિન આર્નલ્ડના અંગ્રેજી અનુવાદ દ્વારા ગીતાના પ્રથમ પરિચયમાં આવ્યા હતા. પછી ગીતા તેમનો સતત ઉપાસનાનો ગ્રંથ બન્યો.

૧૯ વર્ષના ગાંધીને ગીતા હૃદયસ્થ થાય છે, કારણકે બાળપણમાં 'હરિશ્ચંદ્ર'નાટક જોઈને તેમને થયેલું કે સૌ હરિશ્ચંદ્ર જેવા કેમ ન થાય? એટલે કે જીવનના ઊર્ધ્વીકરણ અંગે તેઓ બહુ વહેલા જાગ્રત થઈ ગયા હતા. ભલે એની સ્પષ્ટતા દક્ષિણ આફ્રિકામાં જ થઈ. જહોન રસ્કિનનું 'અનટુ ધીસ લાસ્ટ' વાંચે અને બીજી સવારે ગાંધીજી નૂતન જીવનનો પ્રારંભ કરે તેનો મૂલાધાર ગીતા પ્રબોધિત જીવંતતત્ત્વો છે.

ગાંધીજી મહાન તત્ત્વવેતા નથી; પરંતુ આચરણ કરીને તત્ત્વને આત્મસાત્ કરનાર સાધક છે. એટલે એમની વાતમાં સાધકનો રણકો અને પ્રતીતિ છે. ગાંધીજીનું સમગ્ર જીવન એ ત્યાગનું જીવન છે. પ્રતિષ્ઠા, પૈસો, આરામી જિંદગી તો ઝાકળબિંદુની જેમ એમના જીવનમાંથી ખરી પડ્યાં છે. મૃત્યુનો પણ તેમને ડર નહોતો, તેથી તેઓ અભય બન્યા. વૈશ્વિક અવલોકન અને ગીતાની ઉપાસનાથી એમને ખાતરી થઈ હતી કે અહિંસાનું જીવન જ સાચું જીવન છે.

સ્વામી આનંદના કહેવાથી ગીતાને પોતે કઈ રીતે સમજ્યા છે એ દર્શાવવા ગાંધીજીએ ગીતાનો અનુવાદ 'અનાસક્તિ યોગ' નામે કર્યો. સાથીઓ, સામાન્ય લોકો અને નિરક્ષરો પણ સમજે તેવા સરળ અનુવાદ પાછળ ૪૦ વર્ષ ગીતા મુજબ જીવવાનો આધાર હતો. તેમને ગીતાનો કેન્દ્રસ્થ મુદ્દો 'અનાશક્તિ યોગ' માલુમ પડ્યો હતો. ભારતીય સ્વાતંત્ર્ય સંગ્રામના મોટાભાગના મુખ્ય માણસો ગીતામાંથી પ્રેરણા મેળવનારા હતા. લોકમાન્ય તિળકનું 'ગીતા રહસ્ય' વિનોબાજીનું 'ગીતા પ્રવચનો', શ્રી અરવિંદનું 'ગીતાનું ભાષ્ય' કે કિશોરલાલ મશરૂવાળા આદિના અર્થઘટનોમાં તેમણે સમગ્ર જીવનસંદર્ભમાં ગીતાના તત્ત્વો પારખ્યાં છે. ગાંધીજીનું અર્થઘટન 'અનાસક્તિ'નું છે. આ લઘુ પુસ્તકની પ્રસ્તાવના અનેક રીતે મહાન છે. તેમાં ગાંધીજી અને ગીતાને સમજવાની મુખ્ય ચાવીઓ પડેલી છે. એટલે ગાંધીજીએ કહેલું કે, 'ગીતા અમારે સારું અધ્યાત્મિક નિદાનગ્રંથ છે.'

ગાંધીજીનું પ્રથમ અર્થઘટન એ છે કે, 'ભૌતિક યુદ્ધનાં વર્ણન નિમિત્તે પ્રત્યેક મનુષ્યના હૃદયની અંદર નિરંતર ચાલતા દ્વંદ્વયુદ્ધનું જ વર્ણન છે. મહાભારતકારે ભૌતિક યુદ્ધની નિરર્થકતા સિદ્ધ કરી છે. વિજેતા પાસે રુદન કરાવ્યું છે,પશ્ચાત્તાપ કરાવ્યો છે અને દુઃખ સિવાય બીજું કાંઈ રહેવા દીધું નથી'

ગાંધીજીનું બીજું અર્થઘટન છે, 'અવતાર એટલે શરીરધારી પુરુષ વિશેષ...જે પુરુષ પોતાના યુગમાં સૌથી શ્રેષ્ઠ ધનવાન છે તેને ભવિષ્યની પ્રજા અવતારરૂપે પૂજે છે. મનુષ્યને ઈશ્વરરૂપ થયા વિના સુખ મળતું નથી, શાંતિ થતી નથી. આત્માર્થીને આત્મદર્શન કરવાનો એક અદ્વિતીય ઉપાય બતાવવાનો ગીતાનો આશય છે જ. તેમાંથી કોઈને મુક્તિ નથી. ગીતાએ આનો જવાબ નિશ્ચયાત્મક શબ્દોમાં આપ્યો છે-નિષ્કામતા, કર્મફલ ત્યાગ.'

ગાંધીજીનું પ્રતિપાદન છે કે, 'કર્મ કરતો છતાં મનુષ્ય બંધનમુક્ત કેમ થાય?' આ કોયડાનો ઉકેલ ગીતાજીએ જેવી રીતે કર્યો છે તેવો બીજા એક પણ ધર્મગ્રંથે કર્યો મારી જાણમાં નથી. ગીતા કહે છેઃ 'ફલાસક્તિ છોડો ને કર્મ કરો.' કર્મ છોડે તે પડે, કર્મ કરતો છતાં તેનાં ફળ છોડે તે ચડે.'

ગાંધીજીએ જીવનભર જે નિર્ણયો કર્યા, પ્રવૃત્તિઓ કરી, માર્ગદર્શનો આપ્યાં, આગેવાની લીધી, એકલા પડીને પણ અડગ રહ્યા તેમાં ગીતા પ્રબોધિત તત્ત્વોનું બળ અને સ્પષ્ટતા રહેલાં છે એટલે તેમને માટે ધર્મ અને વ્યવહાર ભિન્ન નથી. ગાંધીજી લખે છે, 'જે ધર્મને વ્યવહારમાં લાવી ન શકાય તે ધર્મ નથી એવી સૂચના ગીતામાં છે એમ મને લાગ્યું છે. ગીતાજીના શિક્ષણને અમલમાં મૂકનારને સહેજે સત્ય અને અહિંસાનું પાલન કરવું જ પડે.'

આ સમયે તો ગાંધીજીના જીવનનું ઊર્ધ્વારોહણ, તેમનું મહાત્માપણું સઘળામાં ઓતપ્રોત છતાં જળકમળવત્ તત્ત્વમાં બાંધછોડ ન કરવાની અડગતા (સત્યના ભોગે હું સ્વરાજ પણ પસંદ ન કરું- ગાંધીજી) એ ગીતાનું પ્રદાન છે. તેમણે જ 'અનાસક્તિ યોગ'ની પ્રસ્તાવનામાં લખ્યું છે કે,'ગીતાના શિક્ષણને પૂર્ણતાએ અમલમાં મૂકવાનો લગભગ ૪૦ વર્ષ પર્યંત સરળ પ્રયત્ન કરતાં મને તો નમ્રપણે એમ લાગ્યું છે કે સત્ય અને અહિંસાના સંપૂર્ણ પાલન વિના સંપૂર્ણ કર્મફળ ત્યાગ મનુષ્ય વિશે અસંભવિત છે.' ૧૯૨૯ માં લખાયેલી આ પ્રસ્તાવના ગાંધીજીના જીવન અને કર્મને સમજવાની મહાન ચાવી છે. ગીતાને સમજીને જીવવાનો આ દાવો એ ગાંધીજીવનની મહાન સિદ્ધિ છે.

મો.-૯૮૨૪૦૪૨૪૫૩

**પરમાનંદની યાત્રા...**

આનંદ યાત્રાની નહીં પણ યાત્રીની અવસ્થા છે. બધી અવસ્થાઓ પારની એક અવસ્થા છે. અત્યાનંદ એ વિરાટદર્શનનું જ પરિણામ છે. ક્ષણમાં શાશ્વતી પામવી એ પણ આનંદ છે. માણસની કમનસીબી એ છે કે આનંદને શોધે છે મન અને બુદ્ધિ જ્યારે તેની પાત્રતા તો હૃદયની છે.

મનુષાનંદથી બ્રહ્માનંદની યાત્રા તો જન્મોમાં પથરાઈ શકે છે. પણ ભૂમાં આનંદ સ્વતંત્ર છે, અન્યને આધીન નથી. અન્યને આધીન હોય તે બધું અલ્પ હોય છે. સુખમાં કૃતિ છે, ક્રિયા છે, અન્ય છે, પણ આનંદમાં નહીં. સાચું જીવન તો એ કે જ્યાં આનંદ પ્રસ્થાન હોય અને આનંદ જ પ્રદક્ષિણા હોય, આનંદ જ પ્રતિમાન હોય. સમગ્રતા સાથેનો જીવંત અને નિરંતર સ્પર્શ આનંદ આપે છે. પૃથ્વી અને આકાશનો સંવાદ સાંભળવાનો આનંદ...નદીએ લખેલ દીર્ઘકાવ્ય વાંચવાનો આનંદ...વૃક્ષોના ગીતો સાંભળવાનો આનંદ. આપણાથી કશુંક બૃહદ અનુભવવાનો આનંદ..કશુંક જે સતત સાદ પાડે છે, આંગળી પકડે છે, ઉજાસ આપે છે, સંવાદ કરે છે, સાથે ચાલે છે તેનો આનંદ! કોઈ અજ્ઞેય કેડી અને પ્રવેશદ્વાર મારી પ્રતીક્ષા કરે છે તે પ્રતીતિનો આનંદ ! વહેંચવાથી ઘટે તે વસ્તુઓ અને વધે તે ચૈતન્ય છે. તે સમજવાનો આનંદ, તે સમજ જીવવાનો આનંદ! જીવન એક એવી યાત્રા બને કે જ્યાં પ્રથમથી અંતિમ સ્ટેશનનું નામ આનંદ જ હોય. યાત્રીનું નામ,કામ અને ગામ પણ આનંદ હોય. આખી સૃષ્ટિ આનંદથી નિર્માણ થાય છે, આનંદથી પાંગરે છે, આનંદમય છે અને આનંદમાં જ પ્રવિષ્ટ થાય છે.

-સુભાષ ભટ્ટ

## ૦૮ ધરતીપુત્ર, યજ્ઞપુરુષ : લક્ષ્મણભાઈ ભ. પટેલ

**પ્રા. પ્રવીણચંદ્ર ઠક્કર**

---

લોકભારતી ગ્રામવિદ્યાપીઠને આજે ૭૨ વર્ષની પથદર્શક યાત્રા પછી યુનિવર્સિટી ફોર રુરલ ઈનોવેશન તરીકેની માન્યતા પ્રાપ્ત થઈ છે, તેના મૂળમાં છે નાનાભાઈની વ્યાપક ધર્મભાવના. અહીં ધર્મભાવના એટલે કોઈ રિલિજીયન નહીં પણ સ્વતંત્રતા, સમાનતા અને બંધુભાવને કેન્દ્રમાં રાખી પોતાના કર્તવ્યની અભિવ્યકિત. ક્રાંતિકારી કેળવણીકાર નાનાભાઈએ વિક્રમ સંવત ૧૯૬૬ના માગશર વદ બારશ, જાન્યુઆરી ૧૯૧૦ના પ્રાતઃકાળે ભાવનગરની મહાજન ધર્મશાળામાં દક્ષિણામૂર્તિ વિદ્યાર્થીભવનના શ્રીગણેશ કર્યા. તેમના ગુરુદેવ હતા શ્રીમન્ન નથુરામ શર્માજી. દક્ષિણામૂર્તિની અનુગામી સંસ્થા ગ્રામદક્ષિણામૂર્તિની સ્થાપના ૧૯૩૭માં આંબલા ગામે થઈ.

૧૯૫૩માં ગ્રામીણ ઉચ્ચશિક્ષણના પગરણ થયા લોકભારતીના નવપ્રસ્થાન દ્વારા. આજે ઉપરોકત ત્રણ સંસ્થાઓ નવપલ્લવિત રહી શકી છે, તેના દૃષ્ટિસંપન્ન, સંનિષ્ઠ, સમર્પિત અધ્યાપકો, કાર્યકરોને કારણે. જે પૈકીના એક લક્ષ્મણભાઈ ભવાનભાઈ પટેલનું રેખાચિત્ર અહીં પ્રસ્તુત છે.

**ધરતીપુત્ર, યજ્ઞપુરુષ :**

લક્ષ્મણભાઈ એટલે લોકશાળા આંબલા અને લોકસેવા મહાવિદ્યાલય લોકભારતીના નિષ્ઠાવાન આચાર્ય માત્ર નહીં પણ ૪૨ વર્ષની વયે પ્રતિષ્ઠિત પદ છોડનાર, જાતે ખેતી કરનાર આદર્શ ધરતીપુત્ર. જાહેર જીવનના અગ્રણી અને આજીવન યજ્ઞપુરુષ. ભાવનગર જિલ્લાના ગઢડા તાલુકાના પાટણા (માલજીના) ગામે તા. ૨/૫/૧૯૩૧માં તેમનો જન્મ. ૮ વર્ષની વયે માતા નંદુબાઈનું છત્ર ગુમાવ્યું. પિતાશ્રી ખેડૂત. આર્થિક સ્થિતિ સામાન્ય. સંતાનોને ભણવાનું અને સાથે ખેતીકામ પણ કરવાનું. લક્ષ્મણભાઈ પ્રાથમિક શિક્ષણ પૂરું કર્યા પછી તુરંત માધ્યમિક શિક્ષણ મેળવી શકયા નહીં. તેમની ઉત્કટ ઈચ્છા તેમને ૧૭ વર્ષની વયે આંબલા ખેંચી ગઈ. ૧૯૫૧માં લોકશાળામાંથી ૧૦મું ધોરણ વિનિતની પરીક્ષા પાસ કરી. પોતાના ૭ મિત્રોની મંડળી સાથે સ્વામી આનંદ પાસેથી પ્રમાણપત્ર મેળવ્યા. ત્યાર પછી નાનાભાઈના આશીર્વાદ લેવા ગયા ત્યારે તે ઋષિના શબ્દો હતા, 'સમાજોપયોગી કોઈ કામ હલકું નથી. ખેતી કરો, નોકરી કરો, આગળ અભ્યાસ કરો પણ સામાજિક ઉન્નતિ થાય તેવું કામ કરો. તેમાં તમે પાછા નહીં પડો તેવો મને વિશ્વાસ છે.'

તે સમયની સૌરાષ્ટ્ર સરકારે ભારતમાં સૌ પ્રથમ જમીન સુધારાઓ, જમીનદારી, ગિરાસદારી નાબૂદી, ગણોતધારા, જમીન ટોચ મર્યાદાને લગતા કાયદાઓ અમલમાં મૂકેલા. નાનાભાઈની શીખ યાદ રાખીને લક્ષ્મણભાઈ આ કાયદાઓ અંગેની જાગૃતિ લાવવા માટે આયોજિત સંમેલનોમાં દુલેરાયભાઈ માટલિયા સાથે જવા લાગ્યા. ૧૯૫૬માં ગુજરાત વિદ્યાપીઠમાંથી સ્નાતક થયા. છાડવાવદરના ગાંધીમાર્ગી પોપટભાઈ કાલરિયાના બહેન ઉજમબહેન સાથે લગ્ન થયા લોકશાળા આંબલામાં આચાર્યની જવાબદારી સંભાળી.

**વિષય શિક્ષણનો પ્રત્યક્ષકાર્ય સાથે અનુબંધ :**

૧૯૫૭માં લોકભારતીમાં વિસ્તરણ કાર્યકર તરીકે તેમની સેવાઓનો શુભારંભ થયો. પોતાના વિષયનો ગ્રામીણ પ્રદેશ સાથે અનુબંધ યોજવા વિદ્યાર્થીઓને આસપાસના ગામડામાં ચાલતા કે સાઈકલ પર લઈ જાય. આયોજનકાળના ઉષાકિરણો પ્રગટયા નહોતા ત્યારે આ અધ્યયનશીલ અધ્યાપક પોતાની ટીમ સાથે સમૂહબેઠક, ગ્રામસભા યોજે. ખેડ, ખાતર અને પાણીની અગત્યતા, બિયારણ, ગોસંવર્ધન, સંગઠન, સહકાર, સફાઈ, સ્વચ્છતા, પ્રૌઢશિક્ષણ જેવા અનેક

મુદ્દાઓની છણાંવટ કરે. વિદ્યાર્થીઓ માટે અવૈધિક શિક્ષણની પ્રક્રિયા સહજપણે ચાલ્યા કરે. તે અરસામાં હડમતિયા ગામે એક માથાભારે વ્યકિતની ભારે રંજાડ-ત્રાસ. લોકોને તેમાંથી ભયમુકત કરવાની કામગીરી લક્ષ્મણભાઈને સોંપાઈ. તેઓ ગ્રામજનોને મળવા જાય પણ કોઈ આવે નહીં. લોકશકિતને ઢંઢોળવા એક સંમેલનનું આયોજન થયું. મનુભાઈ પંચોળી, જાદવજીભાઈ મોદી, ચોગઠના આગેવાન છગનભાઈ ઉપસ્થિત રહયા. લોકોમાં આત્મશ્રદ્ધા અને હિંમતનો સંચાર થયો. અંતે નામચીન ઝીણા સારાને નમવાની ફરજ પડી. તેમને તત્પશ્ચાત્ અધ્યાપનમંદિરના અધ્યાપક અને ગૃહપતિની જવાબદારી સોંપાયેલી. તેઓ વર્ગખંડમાં ફરતાં ફરતાં, વિષય સાથે ઓતપ્રોત થઈને ભણાવે. બધા જ વિદ્યાર્થીઓ પર તેમની નજર ફર્યા કરે. તેમના પત્ની આંબલા દ્વારા સંચાલિત અધ્યાપનમંદિર સોનગઢના વિદ્યાર્થિની નાનાભાઈની પૂત્રી સમાન. તેઓ જાહેરજીવનમાં સક્રિય થાય તે ઉદ્દેશથી નાનાભાઈની દરખાસ્તથી ઉજમબહેને તાલુકા લોકલ બોર્ડના સભ્ય તરીકે ચૂંટણી લડીને વિજયી થયા.

૧૯૬૦માં લક્ષ્મણભાઈ અર્થશાસ્ત્ર વિષય સાથે અનુસ્નાતક થયા. ૧૯૬૨માં ચીન સાથેના યુદ્ધ સમયે શાંતિસેનામાં સામેલ થયા, સોનાનું દાન કર્યું. ૧૯૬૫માં મૂળશંકરભાઈ ભટ્ટના સ્થાને લોકસેવા મહાવિદ્યાલયના આચાર્ય અને મુખ્યગૃહપતિ પદ સંભાળ્યું. ૧૯૬૯માં સૌરાષ્ટ્ર યુનિ.ના કેળવણીકાર, કુલપતિ ડોલરરાય માંકડની દરખાસ્તનો સ્વીકાર કરી સ્વાયત્તતા સાથે લોકસેવા મહાવિદ્યાલયનું યુનિવર્સિટી સાથે જોડાણ કરવામાં આવ્યું. લક્ષ્મણભાઈની સેનેટ મેમ્બર તરીકે વરણી થઈ. તે સમયે પૂર્વસ્નાતક અને બાબાપુર અધ્યાપનમંદિરના શિક્ષક પ્રવીણભાઈ શાહ પણ સેનેટ મેમ્બર. યુનિ.ની પરીક્ષાઓમાં થતી ગેરરીતિઓ અંગે સેનેટમાં એક પ્રસ્તાવ મૂકવાની તેમની પ્રબળ ઈચ્છા પણ લક્ષ્મણભાઈએ તેમને ઠાવકાઈથી સમજાવ્યું કે આ પ્રકારની જાહેર ચર્ચાનું કોઈ પરિણામ નહીં આવે ઉલટુ ડોલરકાકાની પ્રતિભાને ઝાંખપ લાગશે. આપણી જે કંઈ રજૂઆત હોય તે કુલપતિશ્રીને રૂબરૂ મળીને કરી લઈએ.

ભારતના ઉત્તર પૂર્વ સરહદી એજન્સી નેફા વિસ્તારમાં નાગ લોકો રાષ્ટ્ર વિરોધી પ્રવૃત્તિઓમાં વ્યસ્ત હતા. તેમની ગેરસમજણ દૂર કરવા, તેમને મુખ્ય પ્રવાહમાં સામેલ કરવા લક્ષ્મણભાઈ ત્યાં ગયા. દિવસો સુધી લોકસંપર્ક કરતા રહયા.

**ગ્રામોત્થાનના પ્રહરી :**

લોકભારતીમાં ૧૬ વર્ષનો કાર્યકાળ સંપન્ન કર્યા પછી હવે સામાજિક ઉત્થાનના કાર્યક્રમોમાં પૂરતો સમયની ઈચ્છા. મીનુ મસાણીનું પુસ્તક 'આપણું હિન્દુસ્તાન' વાંચેલું. હવે જાહેરજીવનમાં ઝંપલાવવાના ધ્યેય સાથે તેમણે ૧૯૭૩માં સંસ્થામાંથી રાજીનામું આપ્યું. (એમની જગ્યાએ આ લેખકની અધ્યાપક તરીકે નિમણૂક કરવામાં આવેલ). લક્ષ્મણભાઈનો આ બીજો જન્મ. પોતાના વતન પાટણા ગામે સ્થિર થયા. આજીવિકા માટે વૈજ્ઞાનિક ખેતી શરૂ કરી. બેંકમાંથી લોન લઈને સિંચાઈ માટે કૂવો ગળાવ્યો. વાડીમાં જ માલના સંગ્રહની વ્યવસ્થા કરી. પોતે અર્થશાસ્ત્ર વિષયના નિષ્ણાત, અભ્યાસુ-તજજ્ઞ અને હવે જાતે ખેતી કરવા લાગ્યા. સામાન્યતઃ સંકર-૪ કપાસનું એકરે ૪૦ મણ ઉત્પાદન થાય તેને બદલે ૭૦ મણ ઉત્પાદન થયું પણ ખેડૂતોને ખેતપેદાશના વાજબી ભાવ મળે નહીં. ખાનગી વ્યાપારીઓનું શોષણ અને સંગઠનનો અભાવ. તેમણે કપાસ ઉત્પાદક સહકારી મંડળીની નોંધણી કરાવી. વાજબીભાવ મળતા થયા. પછી તો ભાવનગર જિલ્લામાં બીજી અનેક કપાસ મંડળીઓની વણઝાર શરૂ થઈ. હવે ખેડૂતો તેમને પોતાના સલાહકાર માનવા લાગ્યા. કપાસનો વાવેતર વિસ્તાર ૧૦૦ એકરમાંથી વધીને ૫૦૦ એકર થયો.

ખેડૂત સમાજના સંગઠન માટે તેમની યાત્રા આગળ વધવા લાગી. સૌરાષ્ટ્રમાં પાણીની પ્રમુખ સમસ્યાને કારણે માત્ર ચોમાસુ ખેતી થાય. તેમણે જળસંચય, સંરક્ષણ માટે ખેત તલાવડી અને કૂવા રિચાર્જિંગની યોજનાનો જાતે અમલ કરેલો. હવે આ વિચારનું વિસ્તરણ કરવા તેમણે ઝૂંબેશ ઉપાડી. વિધાયક રાજનીતિમાં પદાર્પણ કરવા જિલ્લા પંચાયતમાં સભ્ય તરીકે ચૂંટાયા. કારોબારી સમિતિમાં તેમને સ્થાન મળ્યું. તેઓ ઈન્દિરા કોંગ્રેસના સક્રિય સભ્ય હતા પણ ૧૯૭૬માં કટોકટીની ઘોષણા થયા બાદ તેના પ્રતિકારરૂપે

તેમણે આ પક્ષના સભાસદ પદનો ત્યાગ કર્યો. હવે જિલ્લા ખેડૂત સમાજના મંત્રી તરીકે પૂરો સમય આપવા લાગ્યા. કોઈપણ સાચી વાતની મક્કમપણે રજૂઆત કરવાની તેમની ટેવ. વિરોધી તત્ત્વોને ગમે નહીં. તેમના ઉપર એક વખત હૂમલો પણ થયેલો.

**વાનપ્રસ્થાશ્રમ :**

૧૯૯૩માં તેઓ અંકલેશ્વર સ્થિર થયા. ૬૨ વર્ષે પણ પૂરા પ્રવૃત્ત. હાંસોટ તાલુકામાં જમીનની ખારાશ આગળ વધી રહી હતી તેના નિવારણ માટે કૃષિ વૈજ્ઞાનિક વિઠ્ઠભાઈ પટેલ અને ડાહ્યાભાઈ આણંદપુરા સાથે રહી સફળ પ્રયત્નો કર્યા. અંકલેશ્વરમાં નાના મોટા ઉદ્યોગોનું ઘનિષ્ઠ કેન્દ્રિયકરણ. હવા, પાણી અને જમીનનું વ્યાપક પ્રદૂષણ. પર્યાવરણની જાળવણી માટે સભાનતા કેળવવા તેઓ ઔદ્યોગિક સંગઠનના અગ્રણીઓ સાથે મંત્રણા કરતા રહે. સરકારી કાયદા-કાનૂન પણ સમજાવે. આ પ્રકારની અનેકવિધ પ્રવૃત્તિઓની વચ્ચે પણ તેમનો અભિન્ન નાતો સૌરાષ્ટ્રના ગામડાંઓ સાથે અકબંધ. વારંવાર ત્યાં જાય. ખેતીમાં ઉત્પાદકતા, સંગઠન, સહકારી પ્રવૃત્તિ, જળસંસાધન વિકાસ જેવા વિષયો અંગે લોકશિક્ષક તરીકે સમાજના વિવિધ વર્ગ સાથે ચર્ચા કરે. જીવનભર વંચિતોના હમદર્દ, ગ્રામસંસ્કૃતિના ઉપાસક, તેજસ્વીતા અને વત્સલતાના સમન્વય સમાન લક્ષ્મણભાઈએ ૬૯ વર્ષની વયે વિદાય લીધી હતી. લોકભારતીના પૂર્વસૂરિઓની આ વાતો આજે પણ પ્રેરણા આપે છે.

મો. ૯૪૨૬૪૬૧૦૯૦

**સિકંદર અને બુદ્ધ**

સિકંદર જ્યારે મર્યો, ત્યારે એ ગામ બહુજ હેરાન થયેલું. સિકંદરની અર્થી નીકળી, તો તેના બન્ને હાથ અર્થીની બહાર લટકતાં હતા ! લાખો લોકો જોવા માટે ભેગા થયેલાં હતા. બધાં એક-બીજાને પૂછવા લાગ્યાં, અર્થીમાંથી હાથ બહાર લટકતાં હોય, એવી અર્થી તો અમે ક્યારેય જોઈ નથી. આ તે કેવો રિવાજ !

સાંજ થતાં - થતાં લોકોને ખબર પડી કે આ કંઈ ભૂલથી થયેલું નહોતું. ભૂલ થઈ શકે એવા કોઈ સંજોગો નહોતા. કોઈ સાધારણ માણસની અર્થી નહોતી. સિકંદરની અર્થી હતી. સાંજે ખબર પડી કે સિકંદરે કહ્યું હતું કે મારા મર્યા પછી મારા બન્ને હાથને અર્થીની બહાર લટકતાં રહેવા દેજો, જેથી લોકો જોવે કે હું પણ ખાલી હાથે જઈ રહ્યો છું. મારા હાથમાં પણ કંઈ નથી. તે દોડ બેકાર ગઈ. તે જુગાર સાબિત થયો.

અને આ તે જ માણસ છે કે મરવાના દસ વર્ષ પહેલાં એક યૂનાની સંન્યાસી ડાયોજનીજને મળ્યો હતો, ત્યારે ડાયોજનીજે સિકંદરને પૂછ્યું હતું કે, ‘સિકંદર, તે ક્યારેય વિચાર્યું છે કે જો તું આખી દુનિયા જીતી લઈશ, પછી તું શું કરીશ?’ ડાયોજનીજની આ વાત સાંભળી સિકંદર ઉદાસ થઈ ગયો હતો. અને તેણે કહ્યું હતું કે, ‘આ સાંભળીને મને ચિંતા થાય છે, કારણ કે બીજી તો કોઈ દુનિયા નથી. જો હું આ દુનિયા જીતી લઈશ, તો પછી સાચેજ હું શું કરીશ?’ હજું તેણે દુનિયાને જીતી નહોતી. પરંતુ આખી દુનિયા જીતી લેશે, પછી પણ મન આનંદમાં નથી. સંતોષ નથી. વાસના ઉદાસ થઈ ગઈ. હજું તો ફક્ત વિચારીને કે જો દુનિયા જીતી લઈશ તો, પછી હું શું કરીશ? બીજી તો કોઈ દુનિયા નથી, જેને જીતવા નીકળી જાઉં ! ‘સાચે જ ડાયોજનીજ તમે મને ઉદાસ કરો છો.’

સિકંદર મરતી વખતે ઘણુંબધું જીતીને મર્યો હતો. જીતનો મોટો ઢગલો કરી દીધો હતો. પરંતુ મરતી વખતે તેનું આ કહેવું કે લોકો જોઈ લે કે મારા હાથ ખાલી છે, વિચારણીય છે.

અહીં સમ્રાટ ભિખારીની જેમ મરી જાય છે. ક્યારેક-ક્યારેક કોઈ ભિખારી અહીં સમ્રાટની જેમ મરે છે. બુદ્ધનાં હાથ ભરાયેલા છે; સિકંદરના હાથ ખાલી છે. મામલો શું છે ! કઈ ચીજથી સિકંદરના હાથ ખાલી છે? અને કેવા પદારથથી બુદ્ધનાં હાથ ભરાયેલા છે? બુદ્ધે પોતાને પામવાની કોશિશ કરી છે, તેથી હાથ ભરાયેલા છે. સિકંદરે સ્વયંને છોડીને કંઈક બીજું મેળવવાની કોશિશ કરી છે, તેથી હાથ ખાલી છે.

## ૦૯ જીવનનું ધ્યેય નક્કી કરીએ...

**ડો. મનહર ઠાકર**

---

**ભૂમિકાઃ**

એલેક્ઝાન્ડર હેરોન ( ૧૯૫૭ )ના પુસ્તક : Why men work ? (લોકો શા માટે કામ કરે છે?) સન્દર્ભ પરથી એક સવાલ એવો પણ ઊભો થાય છે : Why men learn ? ( લોકો શા માટે ભણે છે?) ભણનારાને કોઈ ધ્યેય છે? વિદ્યાર્થીએ ભણીને શું કરવાનું છે? ક્યાં જવાનું છે? દરેક વિદ્યાર્થીને પોતાનું જીવનધ્યેય છે? આવું ધ્યેયલક્ષી વિચારવામાં સૌ કોઈ ક્યાં બેઠા ( માનસિક સ્થિતિ શી ) છે? આ ક્યાં બેઠા છે, નો અર્થ એ થાય કે સૌ પોતાની વિચારસરણીમાં અત્યારે ક્યાં છે? ભવિષ્યમાં શું કરવાનું છે? પોતાના વિકાસ માટે કયા ક્ષેત્રમાં આગળ વધવું છે? શિક્ષણમાં કેટલું અને કેવું ભણવું છે? આનો અર્થ એ થાય કે વિદ્યાર્થીએ ક્યાં જવું છે અને અત્યારે પોતે ક્યાં બેઠો છે? આ મનોમંથન પોતે કરવાની ટેવ પાડવી પડશે અને એ મંથન જ તેને કંઈક વિશેષ બનવા માટેની પ્રેરણા આપશે. ધ્યેયલક્ષી પ્રેરણા સતત આ પ્રકારનું મનોમંથન કરવાથી મળશે.

**જીવન ધ્યેય નક્કી કરીએઃ**

પોતાને ક્યાં જવું (પહોંચવું ) છે અને પોતે અત્યારે ક્યાં બેઠા (માનસિક સ્થિતિ શી ) છે? આ બાબતે પોતાનું નિજી ચિંતન શરૂ કરવું જોઈએ. ખરેખર દરેક માણસને પોતાનું કોઈ ચોક્કસ ધ્યેય હોવું જોઈએ કે, જે નક્કી કર્યા પછી માણસે ત્યાં જવું-પહોંચવું છે. શું કરવું છે, તેનો નકશો કંડારવાની જરૂર છે. મોટાભાગના માણસોને આ ખ્યાલ હોતો નથી. જીવનનું કોઈ ધ્યેય નક્કી કરવાની દિશામાં મોટાભાગના માણસો વિચારતા પણ નથી. ચોક્કસ ધ્યેય નક્કી થાય તો જીવનવિકાસનો માર્ગ કંડારી શકાય. એટલે જ માણસે પોતાનું જીવનધ્યેય નક્કી કરી લેવું જોઈએ કે ક્યાં જવું છે, શું પ્રાપ્ત કરવું છે?

**ધ્યેય હાંસલ કરવાનો માર્ગ કંડારીએ**

પશુ,પક્ષીઓને પોતાનું કોઈ ધ્યેય નક્કી હોય એવું માણસની બુદ્ધિમાં ઉતરતું નથી, પણ માણસે તો પોતાનું ધ્યેય નક્કી કરી લેવું જરૂરી છે. માણસમાં સમજણ આવે એટલે તેને પોતાના જીવનનો માર્ગ સૂઝવો જોઈએ. આ માર્ગ સૂઝવા માટે પહેલાં તો પોતાનું નિશ્ચિત ધ્યેય હોવું જોઈએ. ધ્યેય નિર્ધારણ કર્યા પછી પરિશ્રમથી એ માર્ગે પરિણામ સુધી પહોંચવાનું હોય છે. જેમાં તબક્કાવાર પ્રક્રિયા આગળ વધારવી જોઈએ. જે હેતુલક્ષી કાર્યક્રમ છે. હેતુ આધારિત કોઈપણ કાર્યના આયોજન માટેનો નકશો મનમાં કંડારવો પડે. જે કાર્ય માટેની દિશા અને દશાને અવગત કરે છે. જેના આધારે કાર્યનું અમલીકરણ થાય અને માણસ પરિણામ સુધી પહોંચે ત્યારે તેનું ધ્યેય સિદ્ધ થયું તેમ કહેવાય.

**નિશ્ચિત ધ્યેયને નજર સામે રાખીએઃ**

માનવના વિકાસ માટે ધ્યેય સાર્વત્રિક હોય છે તેમાંથી જીવન કાર્યનો હેતુ નક્કી થાય છે. આ હેતુ આધારિત કાર્ય પ્રક્રિયા માટે માણસે ચોક્કસપણે જોડાવાનું હોય છે. આ મથામણ ચોક્કસ દિશા તરફની હોય અને એ પરિણામ લાવવા તરફ જતી હોય ત્યારે તેને તેનું ધ્યેય દેખાતું હોવું જોઈએ. ધ્યેય કે ચોક્કસ દિશાને તાકીને માણસે પોતાનો વિકાસ કરવાનો છે. સમર્થ બાણાવળી અર્જુનને પક્ષીની આંખ જ દેખાય છે. તેને આખું વૃક્ષ, તેની શાખાઓ, પર્ણો, ફળ, ફૂલ, આખેઆખું પક્ષી વગેરે નથી દેખાતું પણ જેને

વિંધવાની છે તે માત્ર પક્ષીની આંખ જ દેખાય છે. પક્ષીની આંખ વિંધવાનું તેનું ધ્યેય, એનું નિશાન છે. અર્જુન પોતાની ક્ષમતા, સમજણ, વિચાર પ્રક્રિયા, એકાગ્રતા, બુદ્ધિ ,કૌશલ્ય, એ બધું જ એક જ ધ્યેય સિદ્ધ કરવા માટે કામે લગાડીને, ધ્યેય હાંસલ કરીને જ રહે છે.

**એક સાધે તો સબ સધે, સબ સાધે એક જાય...**

એવુ કહેવાય છે કે, 'એક સાધે તો સબ સધે, સબ સાધે એક જાય..' આનો અર્થ એ થાય કે, ધ્યેયની એકલક્ષીતા પરિણામ સુધી પહોંચાડે છે. અનેક લક્ષ્ય રાખીને તેની પાછળ મથનારો માણસ આખરે તો કોઈ એક લક્ષ્યને પણ સાધી શકતો નથી. એટલે માણસે ક્યાં જવું છે, તેવું કોઈ એક લક્ષ્ય નિશ્ચિત કર્યું નથી હોતું ત્યારે તે પોતે ક્યાં પહોંચશે તેનું કોઈ ઠેકાણું હોતું નથી.એવો ધ્યેય વિહોણા માણસો કોઈ ચોક્કસ માર્ગે, ચોક્કસ ગતિથી, પોતાની સૂઝ કે આવડત, અન્ય શક્તિ વડે જુદા જુદા માર્ગો અપનાવીને મથતાં રહે છે, છતાં લક્ષ્ય પ્રાપ્તિ કે પરિણામ સુધી પહોંચી શકતાં નથી. ક્યાં જવું છે અને માણસ ક્યાં બેઠો છે એનો અર્થ એવો થાય કે એની પાસે ચોક્કસ દિશા નથી અને એ પ્રાપ્ત કરવા માટેની સ્થિરતા નથી. પરિણામ સુધી પહોંચવા માટે નિશ્ચિત કરેલી દિશા અને લક્ષ્યપ્રાપ્તિ માટે બેસી જવું - સ્થિરતા માણસ જ્યાં ત્યાં મન લગાવે છે, આ ચેતના વિતરીત થવાને બદલે જો એક જગ્યાએ સ્થિર થાય તો જ્યાં જવું છે તેની દિશા નક્કી થઈ જાય છે. પરિણામે પોતે લક્ષ્ય પ્રાપ્તિ સુધી પહોંચી શકે છે.

'કદમ અસ્થિર હોય એને રસ્તો નથી જડતો... વિદ્યાર્થી જીવન માટે પણ આ વાત જ વિચારવા જેવી છે, વિદ્યાર્થીઓને પોતાનું લક્ષ્ય નક્કી હોવું જોઈએ. પોતે નક્કી કરેલા લક્ષ્યની પ્રાપ્તિ માટેની પ્રક્રિયાનો માર્ગ સ્પષ્ટ હોવો જોઈએ. એ માર્ગે લક્ષ પ્રાપ્તિ માટે પોતાની તમામ શક્તિઓ કામે લગાડવી જોઈએ. એ દરમિયાન પોતાનું મન સ્થિર રાખવું પડે. એટલે જ કહેવાયું છે કે, ' કદમ અસ્થિર હોય એને રસ્તો નથી જડતો, અડગ મનના મુસાફરને હિમાલય પણ નથી નડતો. 'લક્ષ્ય માટે સ્થિર મન સધાય ગયા પછી તે આડું અવળું ન જાય તો જ તાક્યું તીર ખપનું. કોઈ એક લક્ષ્ય નિર્ધારિત કરવું અને તેના પર પરિશ્રમની પલાઠી લગાવીને બેસી જવું, એટલે કે સ્થિરતાથી એક જ લક્ષ્ય માટે મથ્યા કરવું.

**ઉપસંહાર**

માનવીનું મન ચંચળ છે. એટલે જ્યાં ત્યાં જવા માટેના વિચારો ઊભા કર્યા કરે છે. એટલે ઘડી ઘડીમાં માણસનું લક્ષ્ય બદલાયાં કરે છે. આવું એટલા માટે બનતું હોય છે કે તેનું મન સ્થિર નથી. આ પ્રકારનું અસ્થિર મન ક્યાંય ચોંટતું નથી, બેસતું નથી અથવા જ્યાં બેસે છે, તેની સભાનતા હોતી નથી કે તે ક્યાં બેઠું છે. આવુ ન થાય તે માટે વિદ્યાર્થી અવસ્થામાં જ માણસે પોતે ક્યાં જવું છે અને ક્યાં બેસવું છે, તે નક્કી કરી લેવાની જરૂર છે. આ બન્ને બાબતોનો ઉકેલ કોઈપણ એક લક્ષ્ય નિર્ધારિત કરી લેવા પર છે. તેના આધારે જ વ્યક્તિની દિશા અને દશાનો નકશો કંડારાય છે. ધ્યેય પ્રાપ્તિ માટેનો માર્ગ કંડારવો, તે માર્ગ ચૂક્યા વગર સાવધાની સાથે વિચારપૂર્વક પ્રગતિ કરવી, તે માટેની ક્ષમતા પ્રાપ્ત કરવી. ધ્યેય પરત્વેની એકાગ્રતા જાળવી રાખવી, બુદ્ધિથી વર્તવું, નિશ્ચિત ધ્યેયપ્રાપ્તિ માટે કૌશલ્યોનો ઉપયોગ કરવો અને પરિણામ સુધી પહોંચવું.

મો.૯૪૨૬૮૫૧૨૯૦

બ્રહ્માંડ એક વિરાટ રહસ્ય છે. વિજ્ઞાનને બ્રહ્માંડની વિગતોમાં રસ છે. અધ્યાત્મને સૃષ્ટિમાં સર્વત્ર સંતાયેલા સર્જનહારને સમજવામાં રસ છે. આપણને બંનેની જરૂર છે.

-ગુણવંત શાહ

## ૧૦ શિક્ષકની મૂળ વિભાવના અને...

**ડો. ભાણજી એચ. સૌમૈયા**

તાજેતરમાં 'નીતિ આયોગ' દ્વારા એક સંશોધન અહેવાલ તૈયાર કરવામાં આવ્યો છે. નીતિ આયોગના જણાવ્યા પ્રમાણે, 'દેશની ૧૦% શાળાઓમાં ૨૦થી ઓછા તથા ૩૯% શાળાઓમાં ૫૦થી ઓછા વિદ્યાર્થીઓ છે. ઉપરાંત શિક્ષકોની ઓછી સંખ્યા ધરાવતી શાળાઓમાં શિક્ષકોને એકથી વધારે વિષય તથા એકથી વધુ ધોરણમાં ભણાવવું પડે છે. એટલું જ નહીં શિક્ષકોનો મોટાભાગનો સમય વહીવટી કામોમાં ગાળવો પડે છે, જેના કારણે ભણાવવાની કામગીરીને અસર થાય છે. શિક્ષકોની ઘટની (ઓછી સંખ્યા) સાથે સાથે આ શાળાઓમાં પ્રયોગશાળા તથા પુસ્તકાલય જેવી જરૂરી પ્રાથમિક સુવિધાઓનો પણ અભાવ જોવા મળે છે.' (સંદર્ભ : દિવ્ય ભાસ્કર દૈનિક : ૨૬-૦૨/૨૦૨૫, પેજ નંબર : ૨)

ભારતના વિશ્વખ્યાત મહાનુભાવ, અધ્યાત્મ અને શિક્ષણના જીવ સ્વામી વિવેકાનંદ શિક્ષણની મૂળ વિભાવના પર પ્રકાશ પાડતાં હોય તેમ કહ્યું છે કે, 'શિક્ષણ એટલે માનવીના સંપૂર્ણ વ્યક્તિમત્તાનું પ્રગટીકરણ' વિવેકાનંદજીની શિક્ષણની પરિભાષામાં માણસની ગરીમાની વાત ઉજાગર થઈ છે. માણસને અને તેની માણસાઈને ઉજાગર કરે એવા શિક્ષણની આજે આપણને જરૂર છે. પ્રસિદ્ધ વિચારક જે કૃષ્ણમૂર્તિના મતે, 'સ્પર્ધાત્મક કેળવણી અને તે પ્રક્રિયામાં વિદ્યાર્થીઓનો વિકાસ અત્યંત વિઘાતક છે.' જાણીતા લેખક ગુણવંત શાહ શિક્ષણની મીમાંસા પર સચોટ ધ્યાન કેન્દ્રિત કરાવતા હોય તેમ કહે છે, 'અમેરિકન યુનિવર્સિટીમાં સારામાં સારા અને ઉચ્ચ કક્ષાના પ્રોફેસરો નીમવા પર ખૂબ જ ભાર મૂકવામાં આવે છે. યુનિવર્સિટીઓ ગૌરવપૂર્વક જાહેર કરે છે કે અમારે ત્યાં આટલા નોબેલ પારિતોષિક વિજેતા પ્રોફેસરો છે'.

આ અર્થમાં નીતિ આયોગનું ઉપરોક્ત સંશોધન અને તારણ વિશે શિક્ષણ, સમાજ અને રાષ્ટ્રના સારથિઓએ માત્ર ચિંતન અને મનન કરવું જ પૂરતું નથી પરંતુ, તેના ઉકેલો લાવવા માટે તાત્કાલિક રીતે યુદ્ધના ધોરણે પગલાઓ લેવાની જરૂર છે. કારણ કે 'શિક્ષણ' અને 'શિક્ષકો' જ એવું માધ્યમ છે, જે અતિ અલ્પ સમયમાં દેશને આંતરરાષ્ટ્રીય સ્તરે લઈ જઈ શકે છે. શ્રેષ્ઠ,ઉત્તમ શિક્ષણ જીવનને સ્પર્શતા તમામ ક્ષેત્રે ગરિમા અને પ્રતિષ્ઠા અપાવી શકે છે. પ્રખ્યાત શિક્ષણવિદ્ ડૉ. દક્ષેશ ઠાકરના શબ્દોમાં કહું તો, 'શિક્ષણક્ષેત્રેની શુદ્ધતા અને પવિત્રતા જળવાય તે શિક્ષણ સાથે સંકળાયેલા સૌની સહિયારી જવાબદારી છે. શિક્ષણનો વિષય જ માણસ છે. ચરિત્રનિર્માણ અને વ્યક્તિત્વવિકાસમાં શિક્ષણ પ્રક્રિયાની સાર્થકતા સમાયેલી છે. શિક્ષણનું કાર્ય માનવપ્રતિભા ઘડવાનું છે.'

ગુજરાતના સમર્થ સાહિત્યકાર સુરેશ જોષીએ પોતાના સમયમાં શિક્ષણ ક્ષેત્રે જે કંઈ ચાલી રહ્યું હતું તે સંદર્ભમાં તેનો વલોપાત વ્યક્ત કરતા હોય તેમ કહેલું કે, 'વિદ્યાપીઠો કેવળ ઉપલબ્ધ જ્ઞાનનું વિતરણ કરનારી અને પરીક્ષા લેનારી સંસ્થા નથી. પોળે પોળે જેમ દૂધની કેબિનો હોય છે તેમ શહેરે શહેરે વિદ્યાપીઠો ખૂલતી જાય તો તેથી આપણો શૈક્ષણિક કે સાંસ્કૃતિક વિકાસ થઈ રહ્યો છે એવી ભ્રાંતિ લેખાય. વિદ્યાપીઠો પણ સમાજના વર્ગ ધરાવનારાં જૂથના નિયંત્રણ હેઠળ આવી ગઈ છે. વિદ્વાન દેશને ગમે તે ખૂણે પડ્યો હોય તોય તેને શોધીને વિદ્યાપીઠોએ તેના જ્ઞાનનો લાભ લેવો જોઈએ. વિદ્યાપીઠોને મહેલ જેવાં મકાનો વગર ચાલે, પણ સારાં પુસ્તકાલય વગર કે તેજસ્વી,નિષ્ઠાવાન શિક્ષકો વિના કેમ ચાલે?'

ગુજરાતના શિક્ષણ વિચારક મનસુખભાઈ સલ્લા પણ

સામ્પ્રત શિક્ષણ વિશે ચિંતા વ્યક્ત કરતા હોય એમ કહે છે, 'સેલ્ફ ફાયનાન્સવાળી શાળામાંની મોંઘી ફી પરવડે એમ નથી. બાળકો સબ્જેક્ટમાં તૈયાર થાય છે, પણ ચારિત્ર્યઘડતરનું કામ તો બાકી રહી જાય છે. ઉપરાંત દફ્તરનો ભાર, પરીક્ષાનો ભાર, ટ્યુશનનો ભાર, ઇચ્છિત માર્ક્સ મેળવવાનો ભાર, સગાંવહાલાંમાં પોતાનું સંતાન અભ્યાસમાં પ્રતિષ્ઠા ભર્યો દેખાવ ન કરી શકે તેનો ભાર આમ વાલીઓની મૂંઝવણોનો પાર નથી.' આ નિદાનની સારવાર તો આપણે સાથે મળીને જ કરવી પડશે. બાળકને નાનપણથી જ આટલો મનોભાર આપી દેવામાં આવે તો સર્જનાત્મક કેમ રહી શકશે.

જાતિગત અપાર સંઘર્ષો, અસંખ્ય અપમાનો અને નિરંતર અવગણનાઓ વચ્ચે અમેરિકા અને ઈંગ્લેન્ડ એમ બન્ને દેશોની પ્રતિષ્ઠિત યુનિવર્સિટીઓમાંથી ડૉક્ટરની પદવીઓ પ્રાપ્ત કરનાર ડૉ. બાબાસાહેબ આંબેડકર શિક્ષણ, શાળા અને શિક્ષકોની મહત્તા કરતા કહ્યું છે કે, 'શિક્ષણ એ પવિત્ર સંસ્કાર છે અને શાળાઓમાં વિદ્યાર્થીઓ સુસંસ્કૃત બને છે. શાળા એટલે ઉત્તમ નાગરિકોના ઘડતરનું પવિત્ર સ્થળ. શિક્ષણ એટલે રાષ્ટ્રીયતા, માનવતા અને અજ્ઞાનતા દૂર કરવાનું મહાન ઉમદા કાર્ય છે. શિક્ષકો એ રાષ્ટ્રના સાચા સારથિઓ છે. તેઓના હાથમાં શિક્ષણરૂપી લગામ છે. શિક્ષિત મનુષ્યોમાં જો સદાચાર કે વિનમ્રતા ન હોય તો તેઓના હાથમાં રહેલી શિક્ષણરૂપી તલવાર તેને જંગલી પશુ કરતાંય વધુ ભયંકર બનાવી દે છે. જે મનુષ્યનું શિક્ષણ સમાજ અને રાષ્ટ્રના ઉત્થાનમાં કામ આવતું નથી તે સાચુ શિક્ષણ નથી. શિક્ષણની ચોક્કસ જરૂરિયાત છે પણ સૌથી વધુ જરૂરિયાત સદાચારની છે.'

શિક્ષણનો મુખ્ય ઉદ્દેશ્ય જ વિદ્યાર્થીઓના ચારિત્ર્યઘડતર, સંસ્કારનિર્માણ અને વ્યક્તિત્વવિકાસનો છે ત્યારે શિક્ષણ ક્ષેત્રે સકારાત્મક પરિવર્તન લાવવાનો સમય પાકી ગયો છે. વિનાબા ભાવે પોતાના સમયના શિક્ષણની ચિંતા કરતા હોય તેમ કહે છે, 'આજે શિક્ષકોનો ધર્મરથ નીચે ઊતરી ગયો છે. માણસ બધું જ જાણે છે, પણ પોતાને જ જાણતો નથી.' વિનાબા ભાવે વધુ જણાવે છે કે, 'ન્યાય ખાતાની જેમ શિક્ષણ ખાતું પણ પણ સ્વતંત્ર હોવું જોઈએ. એના પર સરકારની સત્તા ન રહે ત્યારે જ ભારતમાં શિક્ષણ પાંગરશે, અને ત્યારે જ જુદી જુદી બૂરાઈઓ પર બુદ્ધિનો પ્રકાશ પડશે.'

બુનિયાદી કેળવણીના આચરણકર્તા કેળવણીકાર નાનાભાઈ ભટ્ટ કેળવણીમાં વિદ્યા અને અવિદ્યા એટલે કે બૌદ્ધિકતા અને હાર્દિકપણું બંનેનો સમન્વય સ્વીકારે છે. નાનાભાઈ દ્વારા ઇ.સ. ૧૯૧૦માં સ્થાપવામાં આવેલી કેળવણીની સંસ્થા દક્ષિણામૂર્તિ-ભાવનગરમાં બાળકેળવણીમાં શિક્ષકો, વાલીઓ અને સંસ્થાએ એકરૂપ બની કેવી રીતે કામ કરવું જોઈએ એનું ઉદાહરણ આપેલું જ છે. એ પછી નાનાભાઈએ ઇ.સ.૧૯૩૮માં દેશની પ્રથમ લોકશાળા સિહોરના આંબલામાં, ગ્રામદક્ષિણામૂર્તિ-ની સ્થાપના કરી નઈ તાલીમ શિક્ષણનો પાયો નાખ્યો હતો. જીવનલક્ષી કેળવણી દ્વારા માણસને બેઠો કરવાનું શિક્ષણ આપવા માટે ઇ.સ.૧૯૫૩માં લોકભારતી ગ્રામવિદ્યાપીઠની સ્થાપના કરેલી હતી. હૈયુ, મસ્તક હાથની કેળવણી આપવાની સાથે સમાજમાં જે જાતિગત રોગ, બદીઓ છે એને દૂર કરવા ૮૮ વર્ષ પૂર્વે બધા જ વરણના લોકોને સંસ્થામાં પ્રવેશ આપવાનો અભિગમ રાખેલો હતો. શિક્ષણમાં માનવતા, સર્જનાત્મકતા એકરૂપ થવી જોઈએ. વિજ્ઞાન + અધ્યાત્મનો સંગમ થવો જોઈએ. ગામડાંમાં આવેલી આવી સંસ્થાઓના મૂળ આજે પણ જમીન સાથે એકરૂપ છે.

આજે શિક્ષણમાં રાજકારણ છે પણ રાજકારણમાં શિક્ષણ ઘૂસે અને શાળાઓમાં અને કૉલેજોમાં વિશાળ મેદાનો અને સમૃદ્ધ પુસ્તકાલયો હોય. પ્રાથમિક શિક્ષણ અને ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે વિશાળ બજેટની ફાળવણી કરવામાં આવે. શિક્ષકો પણ જીવંત બની રહે તો ભારતમાં શિક્ષણ ક્ષેત્રે તક્ષશિલા, વલ્લભી અને નાલંદા જેવી શૈક્ષણિક પ્રતિષ્ઠા પુનઃ પ્રાપ્ત થઈ શકે છે. આશા રાખીએ આ બાબતે શિક્ષણ, સમાજ અને રાષ્ટ્રના સારથિઓ શિક્ષણને મૂળ ગરિમા અપાવશે.

મો : ૯૬૬૪૯૧૦૮૦૧

## ૧૧ રાષ્ટ્રીય વિરાસત : ગ્રામદક્ષિણામૂર્તિ લોકશાળા આંબલા

**ડો. સી. ટી. ટૂંડિયા**

National Council of Educational Research and Training (NCERT), દ્વારા જેને વર્ષઃ ૨૦૦૬/૦૭માં 'રાષ્ટ્રીય વિરાસત શાળા' તરીકે ઘોષિત કરવામાં આવેલ છે અને કેળવણીકાર નાનાભાઈ ભટ્ટ દ્વારા સ્થાપિત ગુજરાતની પ્રથમ લોકશાળા એટલે... ગ્રામદક્ષિણામૂર્તિ-આંબલા. પહેલી જુલાઈ ૧૯૩૮માં ગ્રામદક્ષિણામૂર્તિ-આંબલા લોકશાળાનો શુભારંભ થયો હતો. ભારતીય સંસ્કૃતિમાં 'ત્રિવેણી' શબ્દ બહુ આત્મીય આધ્યાત્મિક અને આસ્થા સાથે ઉચ્ચારાય છે. જેમાં ગંગા, યમુના અને સરસ્વતી 'ત્રિવેણી' પ્રસિદ્ધ છે. ગ્રામદક્ષિણામૂર્તિ સંસ્થામાં પણ ત્રણ પ્રવાહોનો પ્રયાગરાજ રચાયો છે.

પહેલો પ્રવાહઃ પ્રાચીન ભારતીય આશ્રમી શિક્ષણ, બીજો પ્રવાહઃ પશ્ચિમી શિક્ષણ, ત્રીજો પ્રવાહઃ રાષ્ટ્રીય શિક્ષણ.

ગાંધીજીએ કહેલું કે, 'ખરું ભારત ગામડામાં વસે છે અને ભણેલાઓએ ગામડામાં જવું જોઈએ.' નાનાભાઈ ભટ્ટ માટે આ વિચાર મંત્ર બની ગયો.

ગ્રામદક્ષિણામૂર્તિ સંસ્થાનો મંત્ર છે...

**चित्रं वटतरोर्मूले वृद्धाः शिष्या गुरुर्युवा ।**
**गुरोस्तु मौनं व्याख्यानं शिष्यास्तु छिन्नसंशयाः ॥**

અર્થાત્ વટવૃક્ષની નીચે બધા શિષ્ય વૃદ્ધ છે અને ગુરુ યુવાન છે. તે સમયે ગુરુનું વ્યાખ્યાન મૌન ભાષામાં જ થતું હોય છે, છતાં પણ તેનાથી શિષ્યોના સંશયો નાશ પામે છે.

નાનાભાઈ ભટ્ટની આ શીલવંતી વિદ્યાની ઉપાસના છે. તેઓ કહે છે કે, "અત્યારે તો આપણે અંધારામાં કૂદકો મારીએ છીએ. બાહ્ય કલેવર ઊભું કર્યું છે. તેનું ખરું સ્વરૂપ કેવું ઊભું થશે તેની કાંઈ કલ્પના થઈ શકતી નથી. નદી જયારે પ્રભવસ્થાનમાં હોઈ ત્યારે તે કઈ દિશામાં જશે, કેવું વહેણ લેશે તે વિષે ચોક્કસ કહી શકાતું નથી. એનો અર્થ એવો નથી કે અમારી પાસે ચોક્કસ ખ્યાલ કે દ્રષ્ટિ નથી, દક્ષિણામૂર્તિ શરૂ કરી ત્યારે આવી જ રીતે શરૂ કરવામાં આવી હતી, ધીરે ધીરે તેનું સ્વરૂપ ઘડાતું ગયેલું. ગામડામાં પડેલી શક્તિને ઓપ આપીને, ગામડાંની પ્રજાને જાગૃત કરીને, અને તેમને સંસ્કાર આપીને આગળ લાવવાનો આ પ્રયાસ છે.'

ગ્રામદક્ષિણામૂર્તિ-આંબલા સંસ્થા ભાવનગર રાજકોટ માર્ગ ઉપર, ભાવનગરથી ૩૫ કિ.મિ.ના અંતરે, આંબલા ગામ (તા.સિહોર)માં આવેલી છે. મુખ્ય માર્ગની સામેની બાજુએ પ્રાથમિક શાળા, હાયર સેકન્ડરી કેમ્પસ, અને ગૌશાળા આવેલી છે. ગામડાંગામનું દર્શન થાય તેવું પ્રવેશદ્વાર, કેમ્પસમાં હરિયાળાં વૃક્ષો અને પંખીઓના ધ્વનિમય કલરવવાળા સુરમ્ય વાતાવરણમાં ૨૦૦ જેટલાં વિદ્યાર્થી ભાઈ-બહેનો છાત્રાલયમાં સમૂહજીવનના પાઠ ભણતાં-ભણતાં ૧૫ જેટલા કાર્યકર પરિવારો સાથે પારિવારિક વાતાવરણમાં રહી અભ્યાસ કરે છે. સંસ્થાનું આ ભાવાવરણ પોતે જ એક ગુરુ સમાન પ્રેરક બનીને સમગ્ર કેળવણીને જીવંત રાખે છે.

મનુષ્યજીવનમાં આજે સમસ્યાઓ અને મૂંઝવણમાં માણસ થાકી ગયો છે. તે અનેક રીતે પીડાઈ રહ્યો છે. જેમાં જ્ઞાતિવાદ, આતંકવાદ, ગ્લોબલવોર્મિંગ, કુદરતી આફતો, મહામારી બીમારીઓ, વૈશ્વિક મંદી, ગરીબી, કોમવાદ, વસતિ વિસ્ફોટ, સંસ્કારોનું ધોવાણ, બેકારી, વ્યાપક પ્રદૂષણ, નિરક્ષરતા, ભ્રષ્ટાચાર જેવી અનેક સમસ્યાઓનો એકમાત્ર રામબાણ ઈલાજ છે, નઈ તાલીમ.

'નઈ તાલીમ'ના હાર્દરૂપ તત્ત્વો કે લક્ષણોઃ

● ફરજીયાત અને સાર્વત્રિક શિક્ષણ

● સંસ્થાનું ભાવાવરણ (વિદ્યાર્થી કેન્દ્રી શિક્ષક-વિદ્યાર્થી સંબંધો)

● સમાજસેવા-સંવેદના

● સાદાઈ-સંયમ

● અનુકુળ વાતાવરણ આધારિત વિદ્યાવિસ્તરણ (સામાજિક-પ્રાકૃતિક-ઔદ્યોગિક)

● માતૃભાષા દ્વારા શિક્ષણ

● સ્વાશ્રયી શિક્ષણ (સ્વાલંબન)

● સહશિક્ષણ

● રાષ્ટ્રભાવના (દેશાભિમાન-સ્વદેશી)

● સમૂહભાવના (છાત્રાલય-સહકાર-ચારિત્ર્યઘડતર)

● ઉત્પાદક ઉદ્યોગના માધ્યમથી શિક્ષણ

● અનુભવ અને પ્રવૃત્તિ દ્વારા શિક્ષણ

● જીવાતા જીવન સાથેનું અનુબંધિત શિક્ષણ (સમાજ-પ્રકૃત્તિ-ઉદ્યોગ)

**સંસ્થાનું ધ્યેયઃ**

સત્ય અને અહિંસાના પાયા ઉપર રચાયેલી અને આપણા દેશની તેમજ પ્રકૃતિને બંધબેસતી થાય તેવી કેળવણી દ્વારા સમાજનું નવઘડતર કરવાના પ્રયત્નો કરવા. સમાજનો આંતરિક અને બાહ્ય બન્ને દિશામાં સંતુલિત વિકાસ થાય તેવું ધ્યેય સંસ્થા રાખે છે. સ્થાયી-ટકાઉ વિકાસ માટે બે શરતો અનિવાર્ય છે. વિકાસ સત્ય અને અહિંસા આધારિત હોવો જોઈએ તથા તે દેશની પ્રકૃતિ અને સંસ્કૃતિને અનુરૂપ હોય. આ બન્ને શરતો ગ્રામીણ ભારતીય સમાજમાં સહેજે પૂરી કરીને ગામડાંઓ સુખી, સમૃધ્ધ બને અને વ્યક્તિનું સંસ્કારબળ વધે તે માટે સંસ્થા પ્રયત્નશીલ છે. દુનિયાભરની જરૂરી સલાહ મેળવીને સ્થાનિક, સ્વસ્થ, વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણ ધરાવતી અને ઉત્પાદક પરિશ્રમ આધારિત ગ્રામાભિમુખ કેળવણી દ્વારા નેતાગીરી નિર્માણ કરીને ગ્રામજીવનનાં તનનું અને મનનું દળદર ફેડનારી કેળવણીદાત્રી બનવાનું ધ્યેય સંસ્થા ધરાવે છે.

**સંસ્થાની પ્રવૃત્તિઓઃ**

બાલમંદિર, લોકશાળા, છાત્રાલય, ગૌશાળા, વિસ્તરણ, મોજીલું શિક્ષણ, કૃષિક્ષેત્રે નૂતન અભિગમ, મોજીલી શાળા, ઉચ્ચતર માધ્યમિક શાળા, ગૃહવિજ્ઞાન ખેતી-બાગાયત ,'કોડિયું' સામયિકનું પ્રકાશ, N.S.S./ N.C.C.

**ગ્રામદક્ષિણામૂર્તિની વિશેષતાઓઃ**

● શિક્ષણમાં અનુભવ અને અનુબંધને સવિશેષ મહત્ત્વ આપી વિદ્યાર્થીઓમાં દેશના પાયાના એકમ ગામડાંઓ પ્રત્યે સહાનુભૂતિ-રસ-સક્રિયતા પેદા કરે તેવી ગ્રામાભિમુખ કેળવણી આપવી.

● વૈધિક અને અવૈધિક શિક્ષણના વિવેકપૂર્ણ સમન્વયથી જન્મતું આજીવન શિક્ષણ. જેમાં ગણિત, વિજ્ઞાન, ભાષાઓ, સામાજિક વિજ્ઞાન, કલા-કૌશલ, સંગીત સહિતના અનેક પ્રકારની સર્જનાત્મક-રચનાત્મક પ્રવૃત્તિઓનો સહજ સમાવેશ.

● વિદ્યાર્થીના માનવીય-સર્વાંગીણ વિકાસ માટે અહીંની કેળવણીના આયોજનમાં ચારિત્ર ઘડતરના ધરુવાડિયા સમાન છાત્રાલયજીવન અનિવાર્ય અને કેન્દ્રસ્થાને હોવાથી આપોઆપ બનતું અભ્યાસક્રમનું પણ એક અભિન્ન અંગ.

● સામાજિક સંવેદના અને સમજણ સાથે જીવન કૌશલને ખીલવતાં ગુણવત્તાસભર વિવિધ પ્રકારના શિબિરો, વિવિધ પ્રકારના મેળાઓ, તમામ પ્રકારના રાષ્ટ્રીય, સામાજિક અને સાંસ્કૃતિક ઉત્સવોની ઉજવણી, પ્રવાસો, ખજાનાની શોધ, આનંદબજાર, સ્વયંપાક, સ્વયંશિક્ષણદિન, આકાશદર્શન, રમતો જેવા કાર્યક્રમો.

● સમાજોપયોગી અને વિદ્યાર્થીઓની રુચિ, ક્ષમતા અને પ્રકૃતિ મુજબના ઉત્પાદક શરીરશ્રમ દ્વારા અપાતી સ્વાશ્રય પ્રેરક અને વ્યાપક જીવનલક્ષી કેળવણી.

● વિદ્યાર્થીઓ અને કાર્યકર પરિવારોનો કાયમી સહનિવાસ અને માર્ગદર્શિત બની રહેતું સહશિક્ષણ.

● સ્વાધ્યાય, વિદ્યાવિસ્તરણ, સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકન તેમજ ઈનામ-સ્પર્ધામુક્ત શિક્ષણપ્રણાલી દ્વારા માતૃભાષામાં થતું નક્કર-સ્વસ્થ વિદ્યાલક્ષી જીવનઘડતર.

● બુનિયાદી શિક્ષણ માટેનાં ઉપકારક પ્રવૃત્તિ તત્ત્વો જેવાં કે શિક્ષક-વિદ્યાર્થી-સંબંધ, ખાદી, સાદાઈ, સ્વાવલંબન, સ્વયંશિસ્ત, પ્રાર્થના, ભણતાં ભણતાં કમાણી દ્વારા થતી જીવનની સમગ્રતાલક્ષી વ્યવહારુ કેળવણી.

**સંસ્થાની ઉપલબ્ધિઓઃ**

મહાત્મા ગાંધીએ પ્રાણવાન, પ્રવૃત્તિશીલ અને પ્રગતિશીલ ભારતના પાયા રોપ્યા. મજબૂત અને સ્વાશ્રયી ગામડાંઓની કલ્પના કરી હતી. ગામડું ભારતને ઘડનારું પાયાનું એકમ હોવાથી આ દેશના હૃદય-પ્રાણ સમાન છે. આજે આપણો દેશ ઝડપથી પોતાની પ્રાણશક્તિ ગુમાવી રહ્યો છે. ત્યારે દેશની તંદુરસ્તી ટકાવી રાખવાનો એકમાત્ર ઉપાય ગામડાંઓને યોગ્ય પ્રકારની કેળવણી આપવી તે છે. દેશના વિકાસ સંદર્ભે ગામડું એ કોઠાર-ભંડાર છે. ગ્રામાભિમુખ કેળવણી દ્વારા દેશની પ્રકૃતિ અને સંસ્કૃતિને અનુરૂપ દેશના ટકાઉ વિકાસ માટે ગામડાંઓને સમૃધ્ધ અને સમરસ કરવાનું ગ્રામદક્ષિણામૂર્તિએ ધ્યેય રાખ્યું. આથી -

૧. આ કેળવણીના પ્રયોગને દેશના સર્વાંગીણ-સ્થાયી વિકાસના નમૂનારૂપ ગણીને ગુજરાતમાં સેંકડો શાળાઓ શરૂ થઈ.

૨.કેન્દ્ર સરકારે સમગ્ર દેશમાંથી પસંદ કરેલી ત્રણ વિરાસત શાળાઓમાં આ પ્રયોગને માનભર્યું સ્થાન આપ્યું.

૩. આજે યુનેસ્કો સહિત વિશ્વની તજજ્ઞ-અનુભવી શિક્ષણ સંસ્થાઓ અને વિદ્વાન વ્યક્તિઓ મનુષ્યત્વને ઉજાગર કરતી અને આ ચૈતન્યસભર સૃષ્ટિનું જતન કરતી જે શિક્ષણ પ્રણાલિની ભલામણ કરે છે તે પ્રણાલી અહીં ૭૫ વર્ષથી અમલમાં છે તે અત્યંત ગૌરવપૂર્ણ હકીકત ગણાય.

**ગ્રામદક્ષિણામૂર્તિ સંસ્થાની પ્રવૃત્તિઓઃ**

૧. લોકશાળા (૯ થી ૧૨ ધોરણ):

ગાંધીવિચારધારાને વરેલી, બુનિયાદી નઈ તાલીમ શિક્ષણ પ્રણાલીને અપનાવીને હેતુપૂર્વક ગામડામાં સ્થાપાયેલી સંપૂર્ણ નિવાસી એવી આ છાત્રાલય કેન્દ્રી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા 'લોકશાળા'થી ઓળખાય છે.

જીવન એ અનુભવોની એક દીર્ઘશૃંખલાથી વિશેષ કંઈ ન હોવાથી જો ચાલુ વિષયોના અભ્યાસ ઉપરાંત વિદ્યાર્થીઓને જીવનના વિવિધ પ્રકારના અનુભવો સામે ઊભા કરી દેવામાં આવે તો શિક્ષણની પ્રક્રિયા વિદ્યાર્થી માટે સરળ, રસપૂર્ણ, આનંદદાયક અને ચિરંતન બની રહે છે. 'ગ્રામદક્ષિણામૂર્તિ'નો આવો અભિગમ વિદ્યાર્થીઓને પ્રમાણમાં વધુ પરિપક્વ, જવાબદાર અને વિશાળ મનનો નાગરિક બનાવે છે.

વિદ્યાર્થીઓના જીવાતા જીવન સાથેનો અને આસપાસના ચૈતન્યસભર પર્યાવરણ સાથેનો પ્રત્યક્ષ અનુભવ પૂરો પાડતી પ્રવૃત્તિઓ ઈકો-ક્લબ, પ્રકૃતિમંડળ, વૃક્ષારોપણ-વૃક્ષઉછેર, ઊર્જા રક્ષકદળ, NSS, છાશકેન્દ્ર, દંતયજ્ઞ, નેત્રયજ્ઞ, રક્તદાન કેમ્પ, પશુરોગ નિદાનકેમ્પ વગેરે સમયાંતરે યોજવામાં આવે છે. દુષ્કાળ, પૂર, ભૂકંપ જેવા પ્રાકૃતિક પ્રકોપો વખતે સેવા અને સંવેદનાની કેળવણી કરતા રાહત કામોમાં પણ વિદ્યાર્થીઓને જોડવામાં આવે છે. આ તમામ વિદ્યાર્થી ઘડતરની પ્રવૃત્તિઓમાં શિક્ષકોની ભાગીદારી પ્રેરણાનો સ્ત્રોત બની રહે છે.

૨. પ્રાથમિક શાળાઃ

સંસ્થાના પ્રારંભથી જ ભાવનગર રાજ્યે આંબલા ગામની ચાર ધોરણની દરબારી પ્રાથમિક શાળા, શિક્ષણના પ્રયોગો માટે સંસ્થાને સોંપી હતી. આઝાદી પછી સૌરાષ્ટ્ર સરકારે અને ત્યાર પછી ગુજરાત સરકારે એક ખાસ ઠરાવથી આ પ્રાથમિક શાળાને પૂરી સ્વાયત્તતા બક્ષી હોવાથી આ પ્રાથમિક શાળા ગુજરાતની એક આદર્શ પ્રાથમિક શાળાનો દરજ્જો પ્રાપ્ત કરી શકી છે. અહીં થતાં શૈક્ષણિક પ્રયોગો ખરા અર્થમાં ભાર વગરનું ભણતરનો નમૂનો બની ચૂક્યા છે.

૩. બાલવાડીઃ

બાલવાડીએ પ્રાથમિક શાળામાં દાખલ થતાં પહેલાં બાળકોને તૈયાર કરવાનું એક મહત્ત્વનું કાર્યક્ષેત્ર છે. આ વિચારથી ગામમાં જ્યારે એક પણ આંગણવાડી નહોતી ત્યારે બાલવાડી શરૂ થઈ. નાસ્તામાં વાલીઓનો સહયોગ પણ રહે છે. બાળગીતો, પ્રાર્થના, રમકડાં રમવા, માટીકામ, ચિત્રકામ, વનપ્રવાસ જેવા કાર્યક્રમો વર્ષ

દરમિયાન યોજાયા કરે છે.

૪. ગૌશાળાઃ

લોકશાળાના મુખ્ય ઉદ્યોગ તરીકે ખેતી-ગોપાલન રહ્યું છે. સંસ્થાની સ્થાપના સમયે ત્રણ ગાયથી ગૌશાળાની શરૂઆત થઈ. સંસ્થા પરિસરના વિદ્યાર્થીઓ તથા પરિવારજનોની દૂધની જરૂરિયાત પૂરી પાડવા ઉપરાંત આ ગૌશાળા વિદ્યાર્થીઓ અને આસપાસના વિસ્તાર માટેની એક જીવંત પ્રયોગશાળા બની રહી છે. આસપાસના ગામડાંઓની ગીર ગાયની ઓલાદના સંરક્ષણ અને સંવર્ધન માટેનું કાર્ય અહીં થઈ રહ્યું છે. ગાયોની દૂધ દેવાની ક્ષમતા સ્થાનિક પરિબળોના સહારે વધારવા માટેના પ્રયત્નો પર્યાવરણના જતન સાથે થઈ રહ્યાં છે.

૫. ખેતીઃ

સંસ્થાની કેટલીક જમીનો ખેતી લાયક છે. અહીંની ખેતી ત્રણભાગમાં વહેંચાયેલી છે. ૧. ગૌશાળા માટેની ચારા ખેતી, ૨. બાગાયતી પાકો જેવાકે લીંબુ, આંબા, ચીકુ અને જામફળ. ૩. અનાજ અને રોકડિયાપાકો માટેની ખેતી. ખેતીની સાધારણ આવક સંસ્થાના નિભાવ માટે ટેકારૂપ બને છે.

વિદ્યાર્થીઓના પ્રત્યક્ષકાર્ય માટે અને વાડોલિયાં માટે કેટલીક જમીન અલગ ફાળવેલી છે. અહીં વિદ્યાર્થીઓ પોતાના અભ્યાસના ભાગરૂપે ઉત્પાદક શરીરશ્રમ કરીને એક વિશેષ અનુભવ દ્વારા શ્રમિકો સાથેનું જોડાણ સાધે છે. વાડોલિયામાંથી રસોડાનું આંશિક સ્વાવલંબન થવા ઉપરાંત વધારાના શાકનું વેચાણ કરીને વિદ્યાર્થીઓ ઉત્પાદન કૌશલ્યની સાથોસાથ વેચાણકૌશલ્ય વિકાસના પાઠો ભણે છે.

૬. ઉદ્યોગમંદિરઃ

વિદ્યાર્થીઓમાં ટેક્નિકલ સ્કીલ વિકસાવવાના હેતુથી ઉદ્યોગમંદિરની સ્થાપના કરવામાં આવી છે. અહીં ઈલેક્ટ્રીકકામ, વેલ્ડીંગકામ, લેથકામ, નાના-મોટા ઓજારો બનાવવા-રીપેર કરવા, ઈલેક્ટ્રીક મોટર રીવાઈન્ડિંગ કરવું વગેરે શીખવવામાં આવે છે. વિદ્યાર્થીઓને આ તાલીમ તેના જીવનમાં અને આગલા અભ્યાસમાં સારી એવી ટેકારૂપ બની રહે છે.

૭. ગૃહ જીવનવિદ્યાઃ

ધોરણ-૧૧-૧૨ના બહેનો માટે ગૃહજીવન વિદ્યાનો અભ્યાસક્રમ ચાલે છે. જેના દ્વારા ભરતગૂંથણ, શિવણ, ગૃહસુશોભન, નવીનવી વાનગી બનાવવી વગેરે બહેનો શીખે છે. આ તાલીમ બહેનોના ગૃહજીવનને વધારે સંતોષી અને આનંદી તો બનાવે જ છે પરંતુ જરૂર પડે આ તાલીમ તેમની આજીવિકાનું સાધન પણ બની રહે છે. આ પ્રકારની સર્જનાત્મક અને રચનાત્મક પ્રવૃત્તિઓ દ્વારા બહેનોમાં સેવા અને અન્યને મદદરૂપ થઈને જીવનનો આત્મસંતોષ મેળવવાની એક તક પણ ઊભી થાય છે.

૮.પ્રકાશનઃ

સંસ્થામાં કાર્યરત એવા ઋષિવર્ય સ્થાપકોથી લઈને સમર્પિતભાવે સંસ્થાકાર્યમાં જોડાયેલ કાર્યકર્તાઓએ તેમના અનુભવ, વાંચન-અભ્યાસ અને મૌલિક વિચારોથી કરેલા લખાણોને અનેક સ્વરૂપે સંસ્થાના પ્રારંભથી જ પ્રકાશિત કરવાનું કાર્ય કર્યું છે. જેમાં ૧૯૪૫થી પ્રકાશિત થતું માસિક 'કોડિયું' મુખ્ય ગણી શકાય. ઈ.સ.૧૯૪૫થી આરંભ થયેલું કોડિયું સામયિક આજે ૨૦૨૫માં પણ નિયમિત પ્રગટ થઈ રહ્યું છે. આજે આ સામયિકમાં સાહિત્યિક,શૈક્ષણિક અને જીવનલક્ષી ગુણવત્તાસભર લેખો પ્રકાશિત કરવામાં આવે છે. જે લોકાભિમુખ નઈ તાલીમી કેળવણી દ્વારા સંતુલિત વિકાસ સાધવા માટેનું માર્ગદર્શન કરતું ગુજરાતનું અગ્રેસર સામયિક બની રહ્યું છે.

૯. સૌરાષ્ટ્ર લોકશાળા સંઘઃ

નઈ તાલીમ શિક્ષણપ્રણાલીને અપનાવી ગાંધી વિચારને સમર્પિત એવી સૌરાષ્ટ્રની લોકશાળાઓએ એના વ્યાજબી પ્રચાર-પ્રસાર અને સ્વમૂલ્યાંકન દ્વારા દેશની પ્રકૃતિ અને સંસ્કૃતિને અનુરૂપ એવી કેળવણી આપવા સંગઠિત થવું જરૂરી ઠરાવ્યું. તા.૧૨-૧-૧૯૫૮ના દિવસે પાલીતાણા પાસેના ભૂતડિયા ગામે આવેલી લોકશાળામાં એક સહચિંતન દ્વારા 'સૌરાષ્ટ્ર લોકશાળા સંઘ'ની સ્થાપના કરવામાં આવી. જેનું માર્ગદર્શન અને સંચાલન ગ્રામદક્ષિણામૂર્તિ સંસ્થા દ્વારા

કરવામાં આવી રહ્યું છે.

**ભોજનાલયઃ**

આ સંસ્થાના ભોજનાલયનું મેનુ પણ ખોરાકમાંથી મળતી કેલરી આધારિત છે. ક્યાં ખોરાકમાંથી કેટલી કેલરી અને ચરબી મળે છે તે આધારિત ભોજન આપવામાં આવે છે. જેમાં સવારનો નાસ્તો, બપોરનું ભોજન અને સાંજના ભોજનનો સમાવેશ થાય છે. સંસ્થાની જ ગૌશાળા છે, સંસ્થાની જે ખેતીની જમીન છે તેમાં ઓર્ગેનિક ધાન્ય અને શાકભાજી ઉગાડવામાં આવે છે તેનો ઉપયોગ થાય છે.

**નઈ તાલીમ અને શિક્ષણનો અનુબંધઃ**

- સમાજ(જ્ઞાન–આત્મજ્ઞાન–સમન્વયથી લોકજાગૃતિ)
- પ્રશ્નો-મૂંઝવણોનું સમાધાન
- સમૂહજીવન (સૌના સુખમાં પોતાનું સુખ)
- પ્રાર્થના-યોગ (શ્રદ્ધા-ડહાપણ)
- પોતાની જાત (આત્મ સાક્ષાત્કાર)
- સાક્ષરી વિષયો (બૌદ્ધિક સમજ)
- શરીર શ્રમ (શ્રમિકો પ્રત્યે આદર)
- પ્રકૃતિ (કુદરતી-સ્રોતોના વપરાશનો વિવેક)
- ઉદ્યોગ (કર્મ, શ્રમજીવી સમાજ)

'નઈ તાલીમ' નાનાભાઈ ભટ્ટની નજરે...'નઈ તાલીમને જેમ ઘસો - જેમ ઉપયોગ કરો તેમ નવું-નવું દર્શન થાય. રોજ નવો રસ આવે તો એ તાલીમ ખરી. કંટાળો આવે તો માનવું કે ક્યાંક ભૂલ કરી રહ્યા છીએ. મેં જે કામ કર્યું છે તેમાં મને દિવસે-દિવસે નવું-નવું દર્શન થતું ગયું, તેથી મારા મનથી તો ખાતરી થઈ છે કે નઈ તાલીમ જ શિક્ષણનો રાજમાર્ગ છે.'

ગાંધીજીને જણાયું કે સ્વરાજ્ય આવ્યા માત્રથી ચાલવાનું નથી, સ્વરાજ્યને સુરાજ્ય બનાવવા માટે આ દેશમાં...

- થોડાને બદલે ઝાઝાંને કેળવણી આપવી પડશે.
- શરીર, મન અને આત્મા એ ત્રણેનો મહત્તમ સમતોલ વિકાસ સાધતી કેળવણી આપવી પડશે.
- આખો સમાજ તમામ ક્ષેત્રે જે બે વર્ગમાં વહેંચાયો છે તે તમામ ભેદોને નાબૂદ કરવાની કેળવણી આપવી પડશે.
- સ્વમાન, નમ્રતા, ટેકનું મહત્ત્વ, સંસ્કારિતા, ગુણવિકાસ, સારાસારનો ભેદ પારખતા, ઘસાઈને ઊજળા થતાં અને જીવાતા જીવનના પ્રશ્નો ઉકેલવાની સૂઝ-શકિત આપતી કેળવણી આપ્યા વગર છૂટકો નથી.

**સંસ્થાને મળી દાદાઓની ફોજઃ**

ગામડાંમાંથીયે ગામડાંનો સર્વાંગી વિકાસનો વિચાર કરનારા આવવા જોઈએ. ગામડાંને બેઠાં કરવાની ભાવના જાગવી જોઈએ. કેળવણીકાર નાનાભાઈ ભટ્ટ, સાહિત્ય સર્જક અને કેળવણીકાર શ્રી મનુભાઈ પંચોળી 'દર્શક', કેળવણીકાર અને વિદ્યાર્થી વત્સલ ગૃહપતિ શ્રી મૂળશંકરભાઈ ભટ્ટ અને નખશીખ શિક્ષક શ્રી ન.પ્ર.બુચ,અનિલભાઈ ભટ્ટ જેવા સમર્પિત સાથીદારો મળ્યા. સાંપ્રતમાં મૅનેજિંગ ટ્રસ્ટી શ્રી અરુણભાઈ દવે સંસ્થાને ખૂબ કાળજીપૂર્વક જતન કરી રહેલ છે. સંસ્થાના આચાર્ય વાઘજીભાઈ કરમટિયા આચાર્ય તરીકે સેવાવૃત્ત છે.

ગ્રામદક્ષિણામૂર્તિ સંસ્થાના પ્રવેશદ્વારે એક બોર્ડ મૂકવામાં આવેલ છે. જેમાં સાહિત્યકાર શ્રી મનુભાઈ પંચોળી 'દર્શક'ની નવલકથા 'દીપનિર્વાણ' માંથી એક ગદ્યાંશ દર્શાવવામાં આવેલ છે, જે સૌએ વાંચી સંસ્થામાં પ્રવેશ કરવો રહ્યો.

'હે ચક્રવર્તી! આ જગ્યાએ જ્ઞાનની અધિષ્ઠાત્રી, આજીવન બ્રહ્મચારિણી સર્વવત્સલા સરસ્વતીનું ઉપાસના સ્થાન છે, એટલે અહીંની શાંતિને અભંગ રાખવા માટે તારા સપ્તસિંધુઓનું જલ પીધેલા ઘોડાને અહીં બહાર જ વિશ્રામ દેજે. તારાં દેદીપ્યમાન અસ્ત્રશસ્ત્રોનો ભાર અહીં જ રથમાં ઉતારી રાખજે, ને તારા રાજવીમદમર્દનનો અહંભાવ અહીં જ મૂકીને આ અંતર્વેદિમાં પગ મૂકજે.'

પ્રાચાર્ય,
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સુરેન્દ્રનગર
ગતિશીલ : ૯૮૨૪૮ ૨૫૫૬૧

## ૧૨ હનુમાન ચાલીસાનું સર્જન

ડો. દિનુભાઈ ચુડાસમા

તુલસીદાસ પરમ રામભક્ત હતા. રામસ્મરણ તેમના આત્મામાં ઓગળી ગયેલું. એક દિવસ પોતાના ઘરના આંગણામાં બેસીને નામસ્મરણ કરી રહ્યા હતા તે સમયે એમના ઘરની નજીક રહેતાં એક યુવાનનું મૃત્યુ થયેલું. એ યુવાનના લગ્ન તાજેતરમાં જ થયેલ. તેની શબયાત્રા તુલસીદાસના આંગણામાંથી પસાર થઈ. શબયાત્રાની પાછળ મરનાર યુવકની પત્ની રોકકળ કરતી,માથું પછાડતી તુલસીદાસ પાસે આવીને પોતાના પતિને જીવંત કરવા માટે વિનંતી કરવા લાગી. શબયાત્રા ઊભી રહી. એ સમયે તુલસીદાસનું નામ રામભક્ત તરીકે ખૂબ લોકોમાં પ્રસરેલું. તુલસીદાસ અંતિમયાત્રાના ડાઘુઓને સંબોધીને બોલ્યાઃ

**'સબ લોગ રામ કા નામ લો. રામ કા નામ હી સત્ય હૈ. અગર રામને ચાહા તો વો જિંદા હો જાયેગા.'**

તુલસીદાસના કહ્યા પ્રમાણે ડાઘુઓએ 'રામ બોલો ભાઈ રામ.' અને 'રામનામ સત્ય હૈ'ની ધૂન બોલવાની ચાલુ કરી,અંતિમયાત્રા આગળ ચાલી. ઈશ્વર ઈચ્છા હશે કે ગમે તેમ પણ પ્રભુરામે સંત તુલસીદાસની લાજ રાખી, એ યુવાનનો જીવ પાછો આવ્યો. બસ ત્યારથી અંતિમયાત્રામાં 'રામ બોલો ભાઈ.' કે 'રામનામ સત્ય હૈ' આજે પણ ભક્તિભાવથી બોલાય છે.

સંત તુલસીદાસજીએ મૃત્યુ પામનાર યુવકને પુનઃજીવતો કર્યો એની ચર્ચા લોકમુખે ચારેબાજુ પ્રસરી ગઈ. એની જાણ બાદશાહ અકબરનાં નવ રત્નોમાંના એક રત્ન ટોડરમલને થઈ. એ વખતે ટોડરમલ અકબરની સલ્તનતમાં કૃષિ અને મહેસુલ ખાતાની જવાબદારી સંભાળતા હતા. ટોડરમલે આખી વાત અકબરને કરી. અકબર આ ચમત્કાર પોતાની આંખે જોવા માંગતો હતો. એણે એના બે સૈનિકોને બનારસ મોકલ્યા. સૈનિકો આવ્યાં ત્યારે તુલસીદાસ રામનામમાં નિમગ્ન હતા. સૈનિકોએ અકબરનું આમંત્રણ આપ્યું. પણ તુલસીદાસે અકબર પાસે આવવાની સ્પષ્ટ ના પાડી દીધી. સૈનિકો તો પરત થયાં, જઈને અકબર બાદશાહને બધી વાત કરી કે, 'તુલસીદાસ તો આવવાની જ ના પાડે છે.' બાદશાહ ક્રોધમાં આવી ગયો. એણે એના સૈનિકોને હુકમ કર્યો કે, 'તુલસીદાસને બંદી બનાવી મારી પાસે લાવો.' સૈનિકો પુનઃ બનારસ ગયા અને તુલસીદાસને પકડી કેદી તરીકે અકબર પાસે ફતેપુર સીક્રી લાવ્યા. એ વખતે અકબરે દિલ્હીના બદલે ફતેપુર સીક્રીને પોતાની રાજધાની બનાવેલી. તુલસીદાસને દરબારમાં હાજર કરાયાં. અકબરે તુલસીદાસને આદેશ આપ્યો કે, 'મરેલા માણસને જીવતો કરવાનો ચમત્કાર ફરી મને બતાવો.'

તુલસીદાસે એવો કોઈ ચમત્કાર કરવાની ના પાડી દીધી અને એ પણ કહી દીધું કે,

'આ તો બધી રામની કૃપા હતી, રામની કૃપા વિના કશું જ શક્ય નથી'

અકબર બાદશાહ આ સાંભળીને ખૂબ ગુસ્સે થયા એણે સૈનિકોને હુકમ કર્યો કે તુલસીદાસને કાળકોટડીમાં નાખી દો. તુલસીદાસજીને સૌથી ખરાબ કાળકોટડીમાં પૂરી દેવાયા. તુલસીદાસ તો જેલમાં પણ નામસ્મરણમાં નિમગ્ન થઈ કાળકોટડીના બંધનમાંથી મુક્તિ માટે રામભક્ત હનુમાનજીનું ખૂબ હૃદયપૂર્વક સ્મરણ કર્યું. બીજા જ દિવસથી તુલસીદાસે જેલમાં બેસીને મનોમન હનુમાનજીના ગુણગાન-સંકીર્તન કરતી ચોપાઈઓ રચવાની શરૂ કરી. જેલમાં કોઈ કાગળ પેન તો હતા નહીં તેથી સૌ પ્રથમ મનોમન સ્મરણમાં દોહરાથી શુભારંભ કર્યો.

' શ્રી ગુરુચરન સરોજ રજ...નિજ મન મુકુર સુધારિ...'

અને પછી પ્રથમ ચોપાઈ સ્ફૂરી,

' જય હનુમાન જ્ઞાન ગુન સાગર જય કપીસ તિહું લોક ઉજાગર..'

તુલસીદાસ રોજ એક ચોપાઈનું સર્જન કરે અને પછી એ ચોપાઈને એક સો વાર પાઠ કરે- ચોપાઈને કંઠસ્થ કરી લે, આત્મસાત કરે. એમણે જેવી ૩૬ મી ચોપાઈ લખીઃ

'સંકટ કટે મિટે જબ પીરા, જો સુમિરૈ હનુમંત બલવીરા.'

કે તરત જ પ્રભુ શ્રીરામના પરમ ભક્ત હનુમાનજી તુલસીદાસને કાળકોટડીમાંથી મુક્ત કરવા જાગૃત થઈ ગયા. છેવટે ૩૮માં દિવસે આ બંધન મુક્તિ માટે તુલસીદાસજીએ હનુમાનજીને પ્રાણસભર પ્રાર્થના કરીઃ

'જો સતબાર પાઠ કરે કોઈ, છૂટહિ બંદિ મહાસુખ હોઈ.'

તુલસીદાસજીએ આ પ્રમાણે રોજ એક ચોપાઈનું સર્જન કરી ૪૦ દિવસમાં ૪૦ ચોપાઈ પૂરી કરી. અને જેટલી ચોપાઈ રચી-સર્જી એનો રોજ ૧૦૦ વખત પાઠ કરતા ગયા. એ ચોપાઈઓ એમને આત્મસાત્ થઈ ગઈ. જેવા ૪૦ દિવસ પૂરા થયા અને છેલ્લી ચોપાઈ ગાઈ કે જાણે અચાનક ફતેપુર સીક્રી ઉપર હજારો વાનરોએ આક્રમણ કર્યું. સમગ્ર શહેરમાં હાહાકાર મચી ગયો. વાનરોએ ભયંકર તોફાન મચાવ્યું. વાનરો રાજમહેલમાં ઘૂસી ગયા,અકબરના સિંહાસન ઉપર બેસી તોડફોડ કરવા લાગ્યા. બધા જ લોકો ખૂબ ડરી ગયા. અકબર મુંજાયો, તુરંત એક અનુભવ સિદ્ધ મૌલાનાને બોલાવવામાં આવ્યાં.

અકબરે મૌલાનાને આ વાનરોના અચાનક ત્રાસનું કારણ પૂછ્યુંઃ

મૌલાનાએ કહ્યુંઃ 'બાદશાહ સલામત યે તો ખુદા કા બડા ખૌપ નજર આતા હૈ. આપને ભૂલ સે કિસી પ્રભુકે ભક્તકે સાથ નાઈન્સાફી કી હૈ? કિસી ખુદા કે ફરિશ્તે કો સજા દી હૈ કયાં?'

દરબારમાં તો ગુનેગારોને કોઈને કોઈ સજા રોજ થતી જ હતી. અકબરને યાદ આવ્યું કે, બનારસના એક રામભક્ત પંડિતને એણે ૪૦ દિવસ પૂર્વે પોતાના આદેશનો અનાદર કરવા બદલ કાળકોટડીમાં પૂર્યો છે. એના વાંક વિના જ સજા કરી છે. અકબર મૌલાનાને પોતે તુલસીદાસને કેદ કર્યાની બધી વિગત કહી સંભળાવી.

મોલાના બોલ્યાઃ 'હજુર,યે આપને બહુત ગલત કિયા. યે ખુદા કે બંદે કો સન્માન કે સાથ કૈદ મેં સે બહાર નિકાલો. ઉસકી માફી માંગો. સારે બંદર ભાગ જાયેંગે.'

એ પછી બાદશાહ અકબર જાતે કોટડીમાં જઈ સંત તુલસીદાસની માફી માંગી. વિનમ્ર બની માફ કરવા વિનંતી કરી. તુલસીદાસને સન્માન સાથે રાજ દરબારમાં આસન આપ્યું. એ સમયે સંત તુલસીદાસે બે હાથ જોડી મારુતિનંદન-હનુમાનજીને મનોમન પ્રણામ કર્યા. જેવું તુલસીદાસજીએ હનુમાનજીનું ઋણસ્વીકાર કર્યું કે તુરંત ફતેપુર સીક્રીમાં તોફાન કરતા વાનરો બહાર નીકળી ગયા. શહેરમાં ફરી ખુશી, શાંતિ આવી ગઈ. અકબરે સગી આંખે આ બધું જોયું. તેણે તુલસીદાસની ફરી ફરી માફી માંગી, અને કંઈક માંગવાનું કહ્યું. સાંભળી તુલસીદાસે અકબરને કહ્યુંઃ

'બાદશાહ, સલામત દેનેવાલા તો મેરા રામ હૈ. ઉસને મુજે સબ કુછ દિયા હૈ. અગર તુમ કુછ દેના ચાહતે હો તો યે ફતેપુર સીક્રી છોડ દો. દિલ્હી વાપસ ચલે જાઓ.'

અકબરે સંત તુલસીદાસની વાત સ્વીકારીને એમને માન સાથે વિદાય આપી, સૈનિકો સાદર સંતને બનારસ સુધી પહોંચાડવા ગયા. અકબરે થોડા દિવસ પછી ફતેપુર સિક્રી છોડી ફરીથી દિલ્હીને પોતાની રાજધાની બનાવી.

સંત તુલસીદાસે 'હનુમાન ચાલીસા'નું સર્જન આ રીતે જેલમાં કરેલું. કાગળ નહીં કે પેન નહીં માત્ર હૃદયમાંથી સહજ સ્ફુરિત થયેલી ચોપાઈઓ આત્મસાત કરી. રોજ જે ચોપાઈ સર્જાઈ તેનો એક સો વાર પાઠ કર્યો. કળિયુગમાં આજે પણ હનુમાનજી મહારાજ સાક્ષાત છે. કોઈપણ ચોપાઈ મંત્રનું કામ આપે છે. સંકટમુકિત માટે 'હનુમાન ચાલીસા' પરફેક્ટ કામ કરે છે. બસ માણસ તરીકે આપણે પણ તુલસીદાસજીની જેમ સત્ત્વશીલ હોવા જોઈએ. 'હનુમાન ચાલીસા'નું અનુષ્ઠાન ૪૦ દિવસનું હોય છે. ૪૧માં દિવસે સમાપન કરવાનું. સુફળ માટે 'હનુમાન ચાલીસા'નો પાઠ કરીએ એની સાથે કર્મશીલતા પણ સામેલ હોવી જોઈએ.

## ૧૩ મારા આત્માને ઉતાવળ છે.

**વિશાલ ભાદાણી**

---

My Soul is in Hurry -મારા આત્માને ઉતાવળ છે.

બ્રાઝિલના કવિઃ Mario de Andrade

**કવિતાનો ભાવાનુવાદ**

મેં વર્ષો ગણી કાઢ્યાં છે; અને મને ખાતરી થઈ ગઈ છે કે, હવે જેટલું જીવાયું એથીય ઓછો વખત બાકી છે.

આવતીકાલ કરતાં ગઈકાલ વધુ છે. મારી હાલત એ બાળક જેવી છે,જેને ડબ્બો ભરીને પીપરમેન્ટ મળી હોય; પહેલા તો એણે મોજમાં ખાધી,

પણ જેવી ખબર પડી કે હવે થોડીક જ બાકી છે, એટલે એને હવે વધેલી પીપરમેન્ટ માણવી છે.

મારી પાસે વેવલાવેડાં માટે સમય નથી. જ્યાં અહંકારો ટકરાયા કરે છે, નિયમો, ધારાધોરણો અને પ્રક્રિયાઓ પર પીંજણ કરીને પણ

આખરે કશું જ નક્કર કાર્ય થતું નથી, એવી મિટિંગોમાં હવે જવું નથી.

હવે ચાલાક અને તકવાદીઓ સહન નથી થતા, બોલવાને બદલે બૂમો પાડે છે,

સંભાળતા જ નથી આવડતું અને જેમને મૌનનું મૂલ્ય ખબર જ નથી, એવા લોકો સામે હવે ધીરજ ખૂટી છે.

લાયક લોકોને બદનામ કરનાર, તેમનાં પદ, પ્રતિભા,

સિદ્ધિઓ અને ભાગ્યને પણ પડાવી લેવાની લાલસા રાખનાર ઈર્ષાળુથી હવે ત્રાસ થાય છે.

ઉંમર વધવા છતાં જેને અક્કલ નથી આવી એવા ગાંડાલાલોને સહન કરવાનું ધૈર્ય હવે નથી.

અસલ વાત છોડીને જે લોકો માત્ર લેબલની જ માંડે છે, એવા લેબલની ચર્ચા માટે મારી પાસે સમય નથી.

એટલે મારે તો અસલ સાર જોઈએ છે, મારા આત્માને ઉતાવળ છે. હવે મારા ડબ્બામાં બહુ પીપરમેન્ટ વધી નથી.

મારે તો માણસ કહી શકાય એવા લોકો જોડે રહેવું છે, જેઓ પોતે ખાધેલી ઠોકર પર હસતા હોય,અને એવા લોકોથી દૂર રહેવું છે જેઓ પોતાની સિદ્ધિઓની બીમારીમાં સપડાયા હોય.

આપબડાઈમાં જ ડૂબેલા હોય. મારે એમની નજીક જવું છે કે, જેઓ પોતાની જવાબદારીઓથી ભાગતા ન હોય,માનવ ગૌરવનું રક્ષણ કરતા હોય, અને જેને સત્ય અને પ્રામાણિકતા સિવાય બીજું કશું જ ખપતું ન હોય.

આનાથી જ તો જીવન ભર્યુંભર્યું લાગે ને ! હું મારી જાતને એવા લોકોથી ઘેરી લેવા માગું છું કે જેને બીજાના દિલને અડતા આવડતું હોય, કે જેમને જીવનની કારમી થાપટોએ અંદરથી કોમળ રહેવાનું શીખવ્યું હોય.

હા...પરિપકવતાથી આવતી તીવ્રતાથી જીવવા માટે મારે ઉતાવળ છે જ.

મારી પાસે વધેલી પીપરમેન્ટને હું વેડફવા નથી માંગતો કારણ કે મને ખાતરી છે કે અત્યાર સુધીમાં ખાધેલી તમામ કરતા એ સૌથી વધુ સ્વાદિષ્ટ હશે. મારું લક્ષ્ય પ્રિયજનો અને અંતરાત્મા સાથે શાંતિથી રહેવાનું અને સંતોષના ઓડકાર સાથે કાંઠે પહોંચવાનું છે

આપણી પાસે બે જીવન હોય છે : અને બીજું ત્યારે શરૂ થાય છે જ્યારે આપણને ખ્યાલ આવે છે કે આપણી પાસે ફક્ત એક જ છે !

## ૧૪ 'કૃતજ્ઞ થવું' એ જીવંત રહેવાની કૂંચી છે.

**મિત્તલ પટેલ**

આપણે નિરાશ થઈ શકીએ છીએ, પણ નિરાશામાં સતત 'જીવી' શકતા નથી. આપણે હતાશા અનુભવી શકીએ છીએ, પણ તેમાં ડૂબી જઈને હતાશામય રહીને ટકી શકતા નથી. ખુશ થવું, નિરાશ થવું, ભૂલો કરવી, ભૂલો સ્વીકારવી, સહજ બનવું, પીડા અનુભવવી, હરખ થવો, વહાલ આવવું, ગુસ્સો આવવો એ 'માણસ' હોવાના સ્પંદનો છે. તમને તકલીફ હોઈ શકે, પણ તમે 'તકલીફમય' બનીને જીવવું કે નહીં તે તમારા હાથમાં છે. પીડા હોઈ શકે, પણ તમે પીડામય બની ડૂબી જાવ છો કે પીડાને જળકમળવત્ બની પાણીની જેમ ખંખેરી નાખી તેનાથી 'પર' થઈ જાઓ છો એ તમારા હાથમાં છે .

સંવેદનાઓ જ તમને જીવાડે છે, સુખી કરે છે, દુઃખી કરે છે, મોહિત કરે છે, આસક્ત કરે છે અને આસક્તિમાંથી 'પર' થવા સક્ષમ પણ કરે છે. સાચા અને શુદ્ધ મનથી જીવાયેલ દરેક સંવેદના આપણને ઈશ્વરની વધુ નજીક લઈ જવા સક્ષમ છે. દંભથી પર જઈને સહજ જીવવાના જેને અભરખા હોય ને તે જ સાચી અનુભૂતિના, સાચી સંવેદનાઓના, 'જીવનતત્ત્વ' ના હકદાર બની શકે છે .

'અહમ બ્રહ્માસ્મિ' કેટલું સુંદર સૂત્ર આપણને વેદોએ આપી દીધું..!! આપણે 'બ્રહ્મત્વ'નો, 'ઈશ્વરીય તત્ત્વનો એક અંશ છે. આપણે ખોખલા, નિસ્તેજ અને 'સત્ત્વ' વગરના કઈ રીતે હોઈ શકીએ? જેવી રીતે મીઠું પાણીમાં મિક્સ કરી અને ઓગળી જાય, દ્રવ્ય થઈ જાય, પછી તેને અલગ તારવી ન શકાય. તેમ ઈશ્વર આપણામાં , આપણા આત્મામાં ઓળઘોળ થઈને ઓગળેલો છે. તેને અલગ તારવી ન શકાય તે દરેકમાં સ્થિત છે. તે દરેકમાં દ્રવ્ય છે. આપણે ઈશ્વરદત્ત એવું જીવન જીવી રહ્યા છે. સતત પ્રતિક્ષણ ઈશ્વર આપણી સંગાથે અને આપણામય છે. ઈશ્વરનો અંશ જો દરેકમાં જોવાની જીવનદૃષ્ટિ કેળવાઈ જાય ને પછી ક્યારેય તમે કોઈનું અહિત વિચારી નહીં શકો ,કોઈનું અહિત કરી નહીં શકો. વૃક્ષ નહીં કાપી શકો. જીવ હત્યા નહીં કરી શકો. કોઈને નફરત નહીં કરી શકો. કોઈની નિંદા નહીં કરી શકો. 'સારપની દ્રષ્ટિ' કેળવવા તરફનું આ એક પગથિયું છે .

દરેકમાં ઈશ્વરતત્ત્વને જોવાની દ્રષ્ટિ કેળવવાની છે. આપણા જીવનને સાર્થક કરવા ઈશ્વર ઘણાં લોકોને આપણા જીવનમાં નિમિત્ત બનાવે છે. 'સંગાથ', 'સધિયારો' આપનારના સ્વરૂપે, પીડાદાતાના સ્વરૂપે , માર્ગદર્શકના સ્વરૂપે અને બીજા કંઈક કેટલાય સ્વરૂપે.

જીવનની સાર્થકતા પામવી હોય ને તો આ દરેક માટે હૃદયથી કૃતજ્ઞતા અનુભવજો અને કૃતજ્ઞતા વ્યક્ત પણ કરજો. કૃતજ્ઞતાનો ભાવ ઈશ્વરીય ભાવ છે. જીવન આકાશ અને ધરતી જેવું છે . આકાશની પકડ વગર ધરતી ટકી ન શકે અને ધરતીની સધ્ધરતા વગર આકાશ વિસ્તરી ન શકે. તે જ રીતે જીવનના દરેક ઘટકોનું નિર્માણ, દરેક સુખ,દુઃખનું નિર્માણ તાત્વિક રીતે થયેલ છે. દરેક ઘટક જરૂરી છે અને દરેક માટે કૃતજ્ઞ થવું એટલે તેને સ્વીકાર કરવો. સ્વીકૃતિનો ભાવ તમને સમર્પણ સુધી લઈ જશે. કૃતજ્ઞ થવું એ સીધેસીધો દરેકનો સંપૂર્ણ સ્વીકાર, દરેક પરિસ્થિતિ, દરેક ઘટના, દરેક જીવનની ક્ષણોનો સહર્ષ સ્વીકાર છે. જ્યાં સંપૂર્ણ સ્વીકાર

હોય છે ને ત્યાં જ કૃષ્ણ હોઈ શકે અને ત્યાં જ રાધા હોઈ શકે. અને ત્યાં જ સાચું જીવન હોઈ શકે.

જીવનમાં ઘણું બધું સુંદર છે. અસુંદરતાને જોવામાંથી મન થોડું બહાર નીકળે તો જીવનની સુંદરતાને, સુંદર બાબતોને જોઈ શકીએ. તે જીવનદૃષ્ટિ કેળવાય. અભાવને જોવામાંથી મન મુક્ત થાય તો ભાવને, પોતાનાઓની સાચી અને શુદ્ધ ભાવનાઓને જોઈ શકીએ. તે જોવાનો દૃષ્ટિકોણ કેળવાય. ક્ષણિક ઘટનાઓના હેંગઓવરમાંથી બહાર નીકળીએ, તો જે સ્થાયી છે, તેવી શાશ્વત બાબતો તરફ નજર જાય. દૃષ્ટિપાત કરી શકાય. સૂરજ દરેકને દેખાય છે, વર્તાય છે. પણ તેના ઉજાસમાં જોવું છે શું?? તે ઉજાસમાં ફોકસ શાના પર કરવું છે તે માટે સજાગ બનવું પડે.

જીવનરૂપી નદીમાં આપણી નાવડીનું હલેસું આપણે આપણા હાથમાં નહીં લઈએ, તો નાવડી વહેણમાં કઈ તરફ વહી જશે, તે આપણા હાથમાં પણ નહીં રહે. આપણું જીવન સાર્થક કરવું હશે, ને તો વિચારોનું, દૃષ્ટિકોણનું હલેસું આપણા હાથમાં લઈ, સાર્થક બાબતો, આપણા જીવનમાં જે સારી બાબતો છે, ઈશ્વરીય પ્રસાદીસમ અદ્વિતીય બાબતો છે, તેના માટે કૃતજ્ઞ થવાની, કૃતજ્ઞતા વ્યક્ત કરતાં રહેવાની, આદત અને સ્વભાવ કેળવવો પડશે.

લોકોની શરતોને આધીન થઈને જીવવું સહેલું છે. તેમના ચુકાદાઓને અંતિમ માની જીવનની મહામૂલ્ય ક્ષણોને એક 'આહટ' નાં ઓઠા હેઠળ જીવી નાખવી સહેલી છે. કોકના દાયરામાં રહેવા પોતાનાં દાયરામાંથી બહાર નીકળી જવું કમ્પલસરી હોય છે. પોતાની જાત જોડે પણ પ્રામાણિક રહેવું અને આખી દુનિયા માટે અનુકૂળ, સારું અને ગમતું બની રહેવું શક્ય જ નથી. અઘરું તો છે ઘેટાના ટોળામાંથી અલગ પડી, પોતાનાં અંતરઆત્માના અવાજને અનુસરી અળખામણાં બનાવવાની તૈયારી સાથે માંહ્યલાના આનંદ સાથે જીવવું.

જીવનની સાર્થકતાના મૂળિયા આવા ભીતરથી ઊગતા નકશા મુજબ જીવવામાં જ છે. સૌથી પહેલા જીવન કેટલું અમૂલ્ય અને શાશ્વતી તરફ જવાના હોકાયંત્ર જેવું છે, તે માટે કૃતજ્ઞ થવું જોઈએ. પછી નશ્વર બાબતો, ન ગમતા ભાવો અને કકળાટ તમને સ્પર્શી પણ નહીં શકે. સુખ - દુઃખ, પીડા , પ્રસન્નતામાં સમતા જે ધરી શકે તે જ જીવનનો મર્મ પામી શકે. ડગી ગયા, વહી ગયા, ખેંચાઈ ગયા કે ઉખડી ગયા તો તમે જ તમારામાં નહીં હોવ. પછી માત્ર જીવનમાં બાહ્ય અને આંતરિક ઘોંઘાટ જ રહેશે . જ્યાં તમે 'સ્વ'ને ખોઈ બેસો છો. તેના કરતા અઘરામાં અઘરું બને તોય જાત જોડે પ્રમાણિક રહીને જીવી જજો .'બનાવટ', ' દંભ'ની ભાષા અને પરિભાષાથી દૂર રહેજો. બધી બાબતમાં જવાબ આપવો, ખુલાસા આપવા જવાની જરૂર જ નથી હોતી. 'સમય' સૌથી શ્રેષ્ઠ પ્રત્યુત્તર બનીને દરેકના જીવનમાં આવે છે. નકારાત્મકતા તમારા પર અસર કરી રહી છે, તેવું લાગે ને ત્યારે જાત જોડે થોડીક વાતચીત કરી લેજો. અંતરાત્માને જરા સાંભળી લેજો અને સકારાત્મક કામમાં પોતાની જાતને ડુબાડી દેજો. અંતરમાં રહેલ આત્મા અને પરમાત્મા માટે કૃતજ્ઞ ચોક્કસ થજો.

અંધારામાં કોડિયું કરવાં, જાતે અહીં મથવું પડે છે.અસિમિત તકલીફોમાંય જીવતેજીવ ઝઝુમવું પડે છે. વ્યક્તિવિશેષ કે સંજોગોવશાત. કંઈ ખાસ નથી હોતું સમયથી વિશેષ. ખાણાખોપચામાં છુપાયેલ એ જીવંતભાવને શોધવો પડે છે. વહેમ લાગે કે વળગણ હરપળ જુગાર એક જ રમવો પડે છે. તું નથી સ્વમાં જોને. તોય તારામાં જ તને શોધવો પડે છે. વખતોવખત 'મ્હારુ' બનીને... મહિયરમાં મહીપતને.... ખોળવો પડે છે...ક્યાંક ફૂટેલું અજવાળું જોવા...અંધારામાં ડોકિયું રોજ કરવું પડે છે.

## ૧૫ ભીતરની શાંતિ

**ડો. બી. એમ. શેલડિયા**

બુદ્ધનું નામ ગૌતમ હતું, પરંતુ જ્યારે તેઓ જાગી ગયા ત્યારે તેઓને નામ મળ્યું ગૌતમ બુદ્ધ. ગૌતમ ધ અવેકંડ, ધ એનલાઈટેંડ; જાગેલા ગૌતમ. બુદ્ધને જ્યારે જ્ઞાન થયું, તો જે ઘટના બની, તે શું હતી? તે ઘટના હતી, તેઓની નિદ્રા તૂટી ગઈ. તેમની અંદર કોઈ બેહોશી ન રહી. તેઓ અંદર પરમ જાગૃત થઈ ગયા. પછી તેઓ સૂતા તો પણ અંદરની નિદ્રા જેવી કોઈ ઘટના બનતી નોહતી; શરીર જ સૂતું, અંદર જાગરણ બની રહેતું. ગોકીરો લોપ પામેલો.ભીતરની શાંતિ,આંતરિક ઓજસ,ઐશ્વર્યનું પ્રગટીકરણ થઈ ગયેલું.

આનંદ તેમનો શિષ્ય વર્ષો સુધી તેમની સાથે રહ્યો. એક દિવસે આનંદે બુદ્ધને પૂછ્યું કે, 'હું બહુજ ચકિત છું. આપશ્રી જે રીતે સાંજે સૂવો છો, જ્યાં ડાબો પગ રાખો છો, જ્યાં જમણો પગ રાખો છો, તે તરફ હાથ રાખો છો, જે રીતે એક હાથ મસ્તક નીચે રાખો છો, આપશ્રી રાત્રિભર એવીને એવી સ્થિતિમાં જ રહો છો ! આપશ્રી તો પડખું પણ બદલતા નથી. પગ સહેજ પણ આમ-તેમ થતો નથી, હલતો નથી કે હટતો નથી. વાત શું છે? શું આખી રાત્રિ સંભાળીને જ સૂવો છો?'

બુદ્ધે કહ્યું, 'સંભાળવાની કોઈ જરૂરિયાત જ નથી. શરીર જ સૂતું હોય છે. હું તો જાગેલો જ હોઉં છું. તેથી જો મારે પડખું બદલવું હોય, તો તે મારા નિર્ણયથી થશે. શરીર પડખું ફેરવી શક્તું નથી. હું બેહોશ નથી, હું પૂરો હોશમાં છું.'

અને જ્યારે કોઈ વ્યક્તિ નિદ્રામાં પણ જાગી જાય, તો તે યોગને ઉપલબ્ધ થયો. શ્રીકૃષ્ણે કહ્યું છે કે જે નિદ્રામાં પણ જાગેલ છે, તે યોગી છે. આનાથી ઊલટું સૂત્ર પણ આપણે બનાવી શકીએ છીએ કે જાગીને પણ જે સૂતેલો છે, તે ભોગી છે.

આ જાગરણનો શું અર્થ થયો? ક્યારેય આપણે જાગરણની કોઈ ક્ષણનો અનુભવ કર્યો છે? થોડું મુશ્કેલ છે. ક્યારેક - ક્યારેક અચાનક થઈ જાય છે. જો અચાનક બે માણસો આપણને એકાંત રસ્તામાં પકડી લે, અને એક માણસ છૂરો આપણી છાતી ઉપર રાખી દે, તો તે ક્ષણે આપણી અંદર કોઈ વિચાર હશે? અચાનક! તે ક્ષણે આપણી અંદર કોઈ વિચાર હશે નહીં. તે ક્ષણે આપણી અંદરના બધાં જ સ્વપ્નાઓ તૂટી જશે. તે ક્ષણે આપણે એક ક્ષણ માટે પૂરા જાગેલા હોઈશું, જેમ કોઈ બુદ્ધ ક્યારેક જાગ્યા હોય.

પરંતુ આ બહારની પરિસ્થિતિ ઉપર થશે. છૂરો હટી જાય, અથવા ચહેરો ઓળખાય જાય કે મિત્ર છે, મજાક કરી રહેલ છે, સ્વપ્નાઓ પુનઃ દોડવા લાગશે. અથવા છૂરો ન પણ હટે, તો એક ક્ષણ તો આકસ્મિક હતું, તેથી આપણી અંદર બંધાયેલી ધારાને તોડવામાં સફળ રહ્યું. જો ન હટે, તો આપણે તત્કાળ વિચારવા લાગીશું કે હવે હું શું કરું, કેવી રીતે બચું, કેવી રીતે ભાગું, શું જવાબ આપું !

ખતરાની ક્ષણે આપણને ક્યારેક - ક્યારેક નૈસર્ગિક રૂપથી જાગૃક્તા ઉપલબ્ધ થાય છે; અને હવે આપણે જિંદગી એવી બનાવી લીધી છે કે તેમાં ખતરાની કોઈ વધારે ક્ષણ નથી. બધી જ રીતે ચારે તરફથી આપણે વ્યવસ્થા કરી લીધી છે કે કોઈ ખતરો ન હોય. તેથી જાગરણની ક્ષણ વધારે ઓછી થતી જાય છે.

મો.નં.૯૪૨૮૧૯૧૩૧૧

## ૧૬ તળાવમાં તરવાનું...

**સોનલ પંડ્યા**

---

અમે આ પૃથ્વી પર ડગલાં માંડતાં શીખીએ અને થોડાક જ દિવસોમાં તળાવમાં તરવાનું સપનું જોવાનું શરૂ કરી દેતા! સૌરાષ્ટ્રના નપાણીયા વિસ્તારમાં પણ ત્રણ-ચાર મહિના લોકભારતી સણોસરાના સાત તળાવો પાણીથી ભરેલાં રહેતાં પાણીના મુદ્દે સ્વાવલંબી બનવાના હેતુથી લોકભારતીના કાર્યકરો અને વિદ્યાર્થીઓએ શ્રમદાન કરી આ તળાવો ખોદવાની યોજના બનાવેલી. જૂન-જુલાઈ મહિનામાં વરસાદ પડે અને આ તળાવ ભરાઈ જાય એટલે અમારે મન તો ‘પ્રભુની દીકરી પરણી’આનાથી વધુ આનંદ બીજા કોઈ પણ સમાચાર સાંભળીને થયો હોવાનું યાદ નથી. વરસાદી માટીવાળું ડોળુ પાણી ધીરે ધીરે લીલું કાચ જેવું બની જાય એટલે લોકભારતીના બાળકો જમીનની સપાટી કરતાં પાણીની સપાટી પર વધુ સમય વિતાવતા જાય. ‘દયાળ’ નામના સરોવરની બાજુનો એક કૂવો વરસાદમાં છલોછલ ભરાઈ જતો. અમે કૂવામાં પણ ધુબાકા લગાવતા! પાણીની સપાટી પર આટલી નાની ઉંમરે તરતા રહેવાનો વિશ્વાસ અમને અમારા સ્વિમિંગ ટીચર નાનાલાલ વંડ્રાને કારણે પ્રાપ્ત થયો હતો. લોકભારતીના કાર્યકર નાનાલાલ વંડ્રા લોકભારતી કેમ્પસ પર વંડ્રાભાઈના નામે જાણીતા હતા. ખાદીનો ઝભ્ભો, પાન ખાધેલું મોં,મજબૂત બાંધો, શાહુડીના પીંછા જેવા સફેદ-કાળા વાળ, કસાયેલા હાથ, સદાબહાર ચાલ, ભાષા પણ એકદમ તળપદી કાઠીયાવાડી. એમનું વ્યક્તિત્વ સાવ જ અનોખું. પરંતુ, તળાવમાં નાહવા અને નવડાવવાના એવા તો શોખીન કે કેમ્પસના દરેક બાળકને તરતાં શીખવાડવાની જવાબદારી એમના શિરે. વાતચીતમાં મૃદુ કે સાલસ જરા પણ નહીં છતાં પ્રેમાળ. વ્યક્તિત્વમાં કશું પણ કૃત્રિમ કે આડંબરપૂર્ણ જરા પણ નહીં. દેખાડો કરવાનો એમનો સ્વભાવ જ નહીં, જેવા છે તેવા જ દેખાવવાનું. જીવે એવું બોલે અને બોલે એવું જીવે. માને કંઈક અને બોલે કંઈક વિરોધાભાસી અને આડંબર સમાજ વચ્ચે રહીએ ત્યારે વંડ્રાભાઈની નિખાલસતાનું મૂલ્ય સમજાય છે. આડંબરને અને વંડ્રાભાઈ બારગાઉંનું છેટુ. તેમનું દાંપત્યજીવન પણ ખૂબ પ્રસન્ન નાની વયે પત્ની રમાબહેનને ટીબી.ની અસર હતી. વંડ્રાભાઈ ખૂબ સારવાર કરી તેમને બેઠા કરેલાં. પાન-સોપારીની મોજ તેઓ સાથે બેસીને માણતા. નવરાશની પળોમાં રસ તરબોળ બનીને બંનેને પત્તા રમતા જોઈએ ત્યારે સમજાય કે ગંજી-પત્તાના રાજારાણી કરતા વંડ્રાભાઈ અને રમાબહેનનો ઠાઠ જોવા જેવો હતો. તળાવમાં નાહવા સાથે જાય અને કલાકો સુધી એ યુગલ પાણીની મજા માણતું. એમના ઘરે અનેક પ્રકારના શાકભાજી વાવતાં, ઉનાળામાં શાકભાજીનો ભાવ વધારે હોય ત્યારે આ શાકભાજીની સૂકવણી કરી તેનો ઉપયોગ કરતા. રમાબહેન ચારેય બાળકોના કપડાં જાતે સીવતાં, એટલું જ નહીં બાળકોના વાળ કાપવા માટે પણ વાળ કાપવાની દુકાન પર ભાગ્યે જ જતા. આવા જીવનને આત્માનિર્ભર જીવન કહેવાય એવી સમજ ઘણી મોડી આવી, આર્થિક સંકળામણ વચ્ચે પણ પ્રસન્ન અને સંપન્ન જીવન કેવી રીતે જીવી શકાય એનો એક નમૂનો વંડ્રાભાઈના જીવનમાંથી મળે. વંડ્રાભાઈ અનેક કૌશલ્યોમાં પણ નિષ્ણાત. દીકરીઓના ચોટલા સરસ રીતે કરી આપે. ગરમાગરમ ભજીયા ઉતારે કે સુંદર મજાની મીઠાઈ બનાવે,રસોઈકૌશલ્ય એટલું હાથવગું કે આજના જમાનામાં તેમને માસ્ટર સેફની સ્પર્ધામાં મોકલી શકાય. ગમે તેવી કઠણ સોપારી મિનિટોમાં જ એ ભુક્કો કરી નાખે. રમતગમતના ભારે શોખીન ૧૫મી ઓગસ્ટની રમતગમત

સ્પર્ધામાં અગ્રેસર. કોથળાદોડથી લઈ લીંબુ ચમચી સુધીની સ્પર્ધાના મુખ્ય આયોજક અને સંયોજક વંડ્રાભાઈ જ હોય. એમનો ઉત્સાહ જોઈને નબળા ખેલાડીને પણ લાગવા માંડે કે હું જીતી જઈશ.આ તમામ પ્રવૃત્તિમાં વનરાભાઈ એટલા ઓતપ્રોત થઈને કરતા કે આખુંય મેદાન વંડ્રાભાઈ મહીં બની જાય. રમતગમત એ સોપાયેલું નહીં પરંતુ,પોતાને ગમતું જ કામ. પોતાને ગમતું કામ જ કરવું અને પછી એ કામમાં ખોવાઈ જવું તેમનો સ્વભાવ. લોકભારતી સણોસરાના પરિસરમાં ઉછરેલા મોટાભાગના બાળકના તરણ શિક્ષક (સ્વિમિંગ ટીચર) વંડ્રાભાઈ જ હોય. જ્યાં સુધી કેમ્પસના દરેકમાં બાળકને તરતા ન આવડે ત્યાં સુધી વનરાભાઈ શાંતિથી બેસી શકે નહી. દરેક માતા-પિતાને ધરપત હોય કે વનરાભાઈ છે એટલે અમારા બાળકને વાંધો નહીં આવે. મને કઈ ઉંમરે તરતા આવડ્યું એ યાદ નથી, પરંતુ બહુ નાની ઉંમરે કૂવામાં ધૂબાકાં ખાતાં ખાતાં પાણીના પરપોટા વચ્ચેથી મોં બહાર કાઢીને તરતા તરતા બહાર નીકળતા ત્યારે ઘણાને આશ્ચર્ય થતું! નાની વયે આ આત્મવિશ્વાસનું વાવેતર કરનાર શિક્ષકનું નામ હતું નાનાલાલ વંડ્રા.

વજનદાર શરીરમાં મજબૂત બાવળા અને નાની ગોળ આકારની ફાંદ યાદ છે. આજે જયારે ક્લોરીનવાળા પાણી વચ્ચે પાણીમાં કૂદવાના લોખંડના સ્ટેન્ડ સ્વિમિંગ પૂલનો કોસ્ચ્યુમ આ બધું અમને બહુ કૃત્રિમ લાગે .અમે સૌ નાના હતા ત્યારે લીલાછમ વૃક્ષો વચ્ચે વહેતું ખળખળ ચોખ્ખું કાચ જેવું પાણી .મોટો ચડો પહેરી વંડ્રાભાઈ જાડા આંગળા પકડી અને પહેલા ઊંડા પાણીમાં લઈ જાય .પછી કૂદકો મારી અને પાણીમાં પડવાનો આનંદ લઈ શકીએ એ માટે ખભા પર ચડવા એમની ફાંદનું પગથિયું બનાવીએ અને ખભા પર ચડીએ અને પાણીમાં કૂદકો લગાવીએ.પહેલીવાર પાણીમાં પડીને પાણીમાં થોડા દૂર ફેંકાઈએ ત્યારે આનંદ અને ડરના સહીયારા અનુભવ સાથે અમે બહાર નીકળીએ.હજુ કોઈ વિચારીએ ત્યાં વનરાભાઈ જોરથી બૂમ પાડે ‘આવવા દે તું તારે ‘પહેલી વાર એ ચાર ફૂટનું અંતર મહાસાગર કરતા હોય એવું લાગે !ધીરે ધીરે આ અંતરમાં વધારો થતો જાય અને અમે જાણે માણસ મટીને માછલી બની જઈએ અમારા ઘરની પાસેના તળાવમાં એક મોટું લીમડાનું ઝાડ ઝાડ પર મોટા તરવૈયાઓ ચડી અને ભૂસકા મારે , એ અમારી તરવાની ક્ષમતાની છેલ્લી કસોટી રહેતી અમે લીમડો છોડીને ઊંડા પાણીને સ્પર્શવાની હિંમત નાની ઉંમરે કરી શકતા કારણ કે વનરાભાઈ લાઈફ જેકેટ પહેર્યા વગર જ અમારી લાઇફ બચાવવા ત્યાં ઊભા છે એની અમને ગળા સુધીની ખાતરી હતી. ‘આવવા દે તું તારે ‘તે તેમની ની તકિયા કલમ હતી. અમારા માટે આ વાક્ય એમણે અમારામાં મુકેલો વિશ્વાસ અને તેમનામાં અમે મુકેલા વિશ્વાસનો સંમતિપત્ર સમાન હતું. હમણાં ગોવાના દરિયા કિનારે જવાનું થયું તો દરિયો અને ઉછળતા મોજા વચ્ચે મોજાની થપાટ થકી ઉડતી પાણીની છાલક સમુદ્ર તરફ નજર કરતા થયું કે પડીએ તો તરી જવાશે. આજે આ વિશ્વાસનું વાવેતર વંડ્રાભાઈ સ્વિમિંગ ટીચરે કર્યું. તેઓ સદેહે આ દુનિયામાં રહ્યા નથી પરંતુ, આ વિશ્વાસ રૂપે અમારામાં અમારા જેવા અનેકોમાં જીવે છે ભવસાગર હોય કે જળસાગર ‘આવવા દે તું તારે ‘આવો વિશ્વાસ આપનાર જો કોઈ હોય તો વાંધો નથી આવતો તરી જવાય છે.

**આલ્બર્ટ કામુની સુંદર વાત**

તમને કહું છું :
મારી આગળ ન ચાલતાં,
કદાચ હું તમારાં પગલે ન ચાલી શકું.
ને મારી પાછળ પણ ન ચાલતાં,
હું કોઈ આગેવાન નથી કે તમને દોરી શકું!
મારી પડખે ચાલીને બસ મારા ભેરું બનોને!
**ભાવનુવાદ- ટપાલીઃ** વિશાલ ભાદાણી

## ૧૭ સંસ્થા સમાચાર (એપ્રિલ, ૨૦૨૫)

**સંકલન : પ્રશાંત મહેતા**

**લોકભારતી સમાચાર**

- તા.૦૩ના રોજ જાણીતા દાનવીર સુરેંદ્રનગર-મુંબઈ સ્થિત શ્રી ચીનુભાઈ શાહ લોકભારતી પરિચય મુલાકાતે આવી ગયા
- B-TV ટેલિવિઝનના એંકર અને પ્રાકૃતિક ખેતીમાં રસ ધરાવતા શ્રી નરેશભાઈ સોની લોકભારતીની પરિચય મુલાકાતે તા.૦૪ના રોજ આવી ગયા.
- BAPS સ્વામીનારાયણ મંદિર, ગોંડલના સ્વામી શ્રી આરુણી ભગત તા.૦૮ના રોજ યુનિ.ના વિદ્યાર્થીઓના કેમ્પસ ઇન્ટરવ્યૂ માટે સ્વામી શ્રી પ્રબુદ્ધ વિવેક સ્વામી સાથે આવી ગયા.
- લોકભારતીના શુભેચ્છક અને લોકવિદ્યામંદિરના સ્થાપક શ્રી કાંતિભાઈ પરસાણાનાં ધર્મપત્ની શ્રી કસુંબાબેનનું અવસાન તા.૦૯ના રોજ થતાં તેમની અંતિમ યાત્રામાં શ્રી હસમુખભાઈ દેવમુરારિ અને શ્રી અરુણભાઈ દવે થોરડી મુકામે જઈ આવ્યા.
- તા.૧૦ના રોજ શ્રી મહેન્દ્રસિંહ પરમાર જાણીતા લેખક અને કોલમિસ્ટ શ્રી મધુ રાય અને લોકભારતીના શુભેચ્છક પત્રકાર શ્રી દીપકભાઈ સોલિયાને લઈને લોકભારતીની મુલાકાતે આવી ગયા.
- તા.૧૩ના રોજ શ્રી હસમુખભાઈ દેવમુરારિ, શ્રી રાજેંદ્રભાઈ ખીમાણી અને શ્રી વિશાલભાઈ ભાદાણી 'દર્શક ઓપિનિયન વ્યાખ્યાનમાળા' અને લો.ભા. યુનિવર્સિટીમાં 'દર્શક' ચેર' શરૂ કરવા અંગે અમદાવાદ ખાતે શ્રી પ્રકાશભાઈ શાહ સાથે કેટલાક મુદ્દાઓની ચર્ચા-વિચારણા કરવા જઈ આવ્યા.
- તા. ૧૪ના રોજ સાંજે ૪ કલાકે સ્મૃતિભવનમાં શ્રી અરુણભાઈ દવેની અધ્યક્ષતામાં ટી.વાય. બી.આર.એસ.નો શુભેચ્છા કાર્યક્રમ યોજાવામાં આવેલ. જેમાં સંસ્થાના વડીલો અને કાર્યકરોએ વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવી હતી.
- તા. ૧૫ના રોજ પોતાનો બીઆરએસનો અભ્યાસ પૂરો કરી રહેલા વિદ્યાર્થીઓના કેમ્પસ ઇન્ટરવ્યૂ ગોઠવાઈ ગયા, જેનું સંકલન શ્રી અલ્કેશભાઈએ કર્યું.
- શ્રી અરુણભાઈ તા.૧૬ના રોજ ગાંધીનગર મુકામે ગુજરાત સરકારશ્રીએ ગોઠવેલ ૩૬૦° મૂલ્યાંકન સમિતિની બેઠકમાં માર્ગદર્શન આપવા જઈ આવ્યા.
- તા. ૧૮ના રોજ લોકભારતી અધ્યાપનમંદિરમાં દ્વિતીય વર્ષનો દીક્ષાંત-શુભેચ્છા કાર્યક્રમ ભાવનગર જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી શ્રી કમલેશભાઈ પટેલના અધ્યક્ષપદે યોજાયો. આ પ્રસંગે વાર્ષિક અંક 'સ્મરણમ મધુરમ્'નું વિમોચન

કરવામાં આવ્યું.

- કૃષિ વિજ્ઞાન કેન્દ્રના શ્રી પરેશભાઈ રાઠોડ તા. ૧૬થી ૧૯ સુધી ગુજરાત નેચરલ ફાર્મિંગ સાયન્સ યુનિવર્સિટી, હાલોલ ખાતે પ્રાકૃતિક ખેતી વિષયક તાલીમ શિબિરમાં જઈ આવ્યા.
- તા. ૨૧-૦૩-૨૦૨૫ના રોજ લોકવિદ્યાલય વાળુકડ ઉચ્ચતર માધ્યમિક શાળાના રાષ્ટ્રીય સેવા યોજનાના વાર્ષિક શિબિરમાં 'ટેકનોલોજી AI અને વિદ્યાર્થી' વિષય પર શ્રી કુમારગૌરવ પુરોહિતે વ્યાખ્યાન આપ્યું હતું.
- તા.૨૨ના રોજ દર માસના ત્રીજા મંગળવારે મળતી લોકભારતીના બધા હિસાબનીશોની બેઠકમાં આપણા ઑડીટર શ્રી કિશોરભાઈ શાહે પણ ઉપસ્થિત રહી, પ્રોત્સાહક માર્ગદર્શન આપ્યું. આ બેઠકમાં વિભાગીય વડાશ્રીઓ પણ ઉપસ્થિત રહ્યા. આ બેઠક પૂરી થયા પછી શ્રી કિશોરભાઈની ટીમની માઈધારની મુલાકાત ગોઠવાઈ. તેમની સાથે શ્રી હસમુખભાઈ દેવમુરારિ પણ માઈધાર કેંદ્રની મુલાકાતે જઈ આવ્યા.
- તા. ૨૫ શુક્રવારે સાયં પ્રાર્થનામાં ડૉ. હસમુખ સુથારના પુસ્તક 'જમીન વિજ્ઞાન અને વ્યવસ્થાપન'(2nd Edition)નું વિમોચન શ્રી અરુણભાઈના હસ્તે કરવામાં આવ્યું.
- સાવરકુંડલાના નૂતન કેળવણી મંડળની શાળાઓનાં લગભગ સિત્તેર જેટલાં શિક્ષક-શિક્ષિકાઓ અને ટ્રસ્ટી મંડળના સદ્સ્યો તા.૨૮-૨૯ના રોજ લોકભારતી શિક્ષણ પ્રણાલિ સમજવા બે દિવસની નિવાસી શિબિરમાં આવી ગયાં. તાલીમનું સંકલન શ્રી રાજેંદ્રભાઈ ખીમાણી અને શ્રી દિનુભાઈ ચુડાસમા દ્વારા કરવામાં આવેલ.
- પંચાયતીરાજ તાલીમ કેન્દ્રમાં એપ્રિલ માસ દરમિયાન મહિલા તલાટી કમ મંત્રી પાયાનો વર્ગ ૮૧ માં નીચેના તજજ્ઞોના વકતવ્યનું આયોજન કરવામાં આવેલ, શ્રી હિતેશભાઈ પંડયાએ તાલીમાર્થીઓ સમક્ષ વિષયઃ 'રેકર્ડ વર્ગીકરણ જાળવણી આર.ટી.આઈ. માહિતી અધિકાર કાયદો અધિનિયમ ૨૦૦૫ તથા કલમો' ઉપર, શ્રી વત્સલભાઈ દવેએ વિષયઃ 'ગુજરાત સ્થાનિક ફંડ ઓડિટ અધિનિયમ ૧૯૬૩ અને ગુજરાત સ્થાનિક ફંડ ઓડિટ નિયમો' ઉપર, નાયબ સમાજ કલ્યાણ અધિકારી શ્રી રાજેશભાઈ લાધવાએ વિષયઃ 'કેન્દ્ર અને રાજયની વિવિધ સરકારી યોજનાઓ' ઉપર, શ્રી વિશાલભાઈ ભાદાણીએ વિષયઃ 'જીવંત રહેવાની કળા તથા અર્થ ઓફ પેરેન્ટિંગ' વિષય ઉપર, શ્રી રમાબહેન દેવમુરારિએ વિષયઃ બાલ વાર્તા, બાલ જોડકણા, તથા બાલ ગીતો' વિશે, શ્રી યાકૂબભાઈ કોઠારીયાએ વિષયઃ ગ્રામસભા સંદર્ભે પ્રેક્ટિકલ ગ્રામ સભા યોજી ગયા. શ્રી નિગમભાઈ શુક્લએ વિષયઃ 'ગ્રામપંચાયતની પડતર જમીન,ખેડૂતોની જમીનની સુધારણા તથા પ્રાકૃતિક ખેતી' વિષય ઉપર વ્યાખ્યાન આપેલ.

**આંબલા સમાચાર**

- તા.૦૯નાં રોજ લોકવિધામંદિર થોરડી મુકામે શ્રી કાંતિભાઈ પરસાણાના પત્નીનું દુઃખદ થતાં લોકદક્ષિણામૂર્તિ પરીવાર તરફથી શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી.
- તા.૨૧-૦૪-૨૫ થી ૦૧-૦૫-૨૫ દરમિયાન

ધો-૦૯ થી ૧૨ના ૨૬ વિદ્યાર્થીઓ મનાલી ટ્રેકિંગ પ્રવાસમાં શ્રી વાઘજીભાઈ તથા શ્રી ગૌરાંગભાઈના માર્ગદર્શન હેઠળ જઈ આવ્યા.

- તા.૨૩ના રોજ લોકશાળાનાં મદદનીશ શિક્ષક શ્રી પૂજાભાઈ કટારાની બદલી થતાં તેમનો વિદાય સમારંભ ઇન્ચાર્જ આચાર્ય શ્રી નરેન્દ્રભાઈ મકવાણાના માર્ગદર્શન હેઠળ યોજાઈ ગયો.
- મોજીલી શાળામાં આઉટડોર જીમનાં સાધનો વિદ્યાર્થીઓ માટે ફિટ કરવામાં આવ્યા, બાળકો માટે હેલ્થ સેન્ટર પણ શરૂ કરવામાં આવ્યું છે.
- મોજીલી શાળાની જેમ લોકશાળામાં બહેનો માટે પણ આઉટડોર જીમનું યુનિટ મૂકવામાં આવ્યું છે.
- તા.૨૯ અને ૩૦ના રોજ આંબલાના કાર્યકરો માઈધાર મુકામે શિક્ષણ ગુણવત્તા સંવર્ધન એકમ દ્વારા શિક્ષણ સજ્જતા તાલીમ (NEP IMPLEMENTATION WORKSHOP ON ACTIVITY - BASED LEARNING) લેવા માટે જઈ આવ્યા.

**મણાર સમાચાર**

- તા.૫ અને ૬ ના રોજ શાળાના શિક્ષિકા શ્રી કંચનબહેન થડોદા રાજકોટ 'વિપશ્યના' અંતર્ગત ધમ્મ સંમેલનમાં જઈ આવ્યા.
- તા. ૮થી ૨૨ સુધી શાળામાં સાતમાં રાષ્ટ્રીય પોષણ પખવાડિયાની ઉજવણી કરવામાં આવી. જેમાં એનિમિયા, મોટાપો, જંકફૂડ અને અન્ય જીવનશૈલીના વિકારોની જાગૃતતા માટે મેરેથોન દોડ અને ખેલ આયોજન કરવામાં આવેલ.
- લોકભારતીના પૂર્વ વિદ્યાર્થી અને જાણીતા સહકારી ક્ષેત્રના સમાજ અગ્રણી, સઘન ક્ષેત્ર યોજના મણારના સ્થાપક, ભાવનગર જિલ્લા સહકારી સંઘ અને ભાવનગર જિલ્લા સહકારી બેંકના પૂર્વ અધ્યક્ષ શ્રી જયવંતસિંહજી જાડેજાનું તારીખ ૨૬ ના રોજ દુઃખદ અવસાન થતાં, મણાર સઘન ક્ષેત્ર મુકામે યોજાયેલ પ્રાર્થના સભામાં હાજર રહી સમગ્ર લોકશાળા મણાર પરિવારે શ્રદ્ધાંજલિ પાઠવેલ.
- તા. ૨૬ના રોજ દક્ષિણા મૂર્તિ, ભાવનગરથી ટ્રસ્ટી શ્રી પ્રશાંતભાઈ ભટ્ટ , તેમના પત્ની ચેતનાબહેન, શિક્ષણ નિયામક શ્રી દિલીપભાઈ વ્યાસ, બાલ અધ્યાપનમંદિરના આચાર્ય શ્રી વિપુલભાઈ વ્યાસ, શ્રી દક્ષિણામૂર્તિ વિનયમંદિરના આચાર્યશ્રી પીઠાભાઈ , શ્રી દક્ષિણામૂર્તિ કુમારમંદિરના આચાર્યાશ્રી રતનબહેન , બાલમંદિરના આચાર્ય પ્રવિણાબહેન વાઘાણી અને દીપાબહેન, શ્રી દક્ષિણામૂર્તિ ગિજુભાઈ કુમાર મંદિરના આચાર્ય પુષ્પાબહેન સહિત સમગ્ર પરિવાર દક્ષિણામૂર્તિ પરિવાર -કુલ ૫૦ ની સંખ્યામાં લોકશાળા મણાર સંસ્થાદર્શન માટે એક દિવસ માટેઆવી ગયા.
- તા. ૨૯,૩૦ના રોજ AQAC , લોકભારતી ગ્રામવિદ્યાપીઠ, સણોસરા દ્વારાઆયોજિત NEP 'implementation workshop on activity based learning' શિબિરમાં પંડિત સુખલાલજી લોકવિદ્યાલય માઈધાર ખાતે લોકશાળા મણારનો સ્ટાફ જઈ આવ્યો.
- મોજીલા શિક્ષણમાં ઉનાળુ વેકેશન અંતર્ગત બોરલા, જસપરા સોસીયા, જેવા ગામોમાં

શ્રી રાજુભાઈ ચૌહાણ અને શ્રી ભાવેશભાઈ બંને મિત્રોએ સમર કેમ્પ કરાવ્યો,અભિનય નૃત્યો, વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા બાળકોનેમોજ કરાવી.

**માઈધાર સમાચાર**

- તા.૨ ના રોજ શ્રી અરુણભાઈ દવે માઈધાર કેન્દ્ર ખાતે કામગીરી વિચાર-વિમર્શ માટે આવી ગયા.
- તા.૭ ના રોજ આવિષ્કાર વિજ્ઞાન કેન્દ્રના કાર્યકરો અને એભલભાઈ લોકભારતી ડેડસ્ટોક રજીસ્ટરની કામગીરી માટે જઈ આવ્યા.
- તા.૧૭ ના રોજ કર્ણાટકથી માઈધાર કેન્દ્રની પ્રવૃત્તિઓ જોવા માટે મહેમાનો આવી ગયા.
- તા.૨૨ ના રોજ શ્રી આશિષભાઈ ત્રિવેદી (CRC) સંસ્થામાં ચાલતી પ્રવૃત્તિઓના નિરીક્ષણ માટે આવી ગયા.
- તા.૨૨ ના રોજ હસમુખભાઈ દેવમુરારિ અને લોકભારતીના ઓડીટર માઈધાર કેન્દ્રની મુલાકાતે આવી ગયા.
- તા. ૨૩ ના રોજ લોકકલ્યાણ વિદ્યાલયમાં રમતોત્સવ ઉજવાયો, જેમાં દરેક કાર્યકરો અને વિદ્યાર્થીઓએ અલગ અલગ દેશી રમતોની મોજ માણી.
- તા. ૨૩ થી ૨૭ દરમિયાનધરમપુર ખડકી ખાતેગ્રીષ્મ શિબિર માટે મોજીલું શિક્ષણ અને આવિષ્કાર વિજ્ઞાના કેન્દ્રના કાર્યકરો જઈ આવ્યા.
- તા.૨૫ ના રોજ મણારથી ડૉ.વીરેન્દ્ર સિંઘ અને તેમની ટીમ માઈધાર કેન્દ્ર પ્રવૃત્તિઓ અને સ્કિલડેવલપમેન્ટ સેન્ટરની મુલાકાતે આવી ગયા.
- તા.૨૯,૩૦ ના રોજ બે દિવસ શિક્ષણ ગુણવત્તા સંવર્ધન એકમ દ્વારા યોજવામાં આવેલશિક્ષક સજ્જતા તાલીમમાંશ્રી અરુણભાઈ દવેએ ઉદ્ઘાટન બેઠકમાં પ્રાસંગિક વાત કરી. શ્રી કાન્તિભાઈ ગોઠી, શ્રી જીગ્નેશભાઈ, શ્રી મહેન્દ્રભાઈ ચોટલિયા,શ્રી દિવ્યેશભાઈ, શ્રી વિશાલભાઈ ભાદાણીએ પ્રવૃત્તિઓ દ્વારા માર્ગદર્શન આપેલ.

**શ્રદ્ધાંજલિ**

- લોકભારતીના શુભેચ્છક, લોકવિદ્યા મંદિર-થોરડીના સ્થાપક શ્રી કાંતિભાઈ પરસાણાનાં ધર્મપત્ની શ્રી કસુંબાબહેનનું તા.૦૯ એપ્રિલના રોજ ૮૬ વર્ષની વયે દુઃખદ અવસાન થયેલ છે.
- લોકભારતીના શુભેચ્છક અને શિક્ષણની સંસ્થાઓનું વર્ષો સુધી નેતૃત્વ સંભાળનાર એવા લોકસેવક શ્રી અશોકભાઈ મહેતાનું તા.૨૫ એપ્રિલના રોજ ૭૭ વર્ષની વયે જસદણ ખાતે દુઃખદ અવસાન થયેલ છે.
- લોકભારતીના શુભેચ્છક, ગાંધીવિચારને સમર્પિત, કર્મઠ અને સંપૂર્ણ ક્રાંતિ વિદ્યાલય-વેડછી સાથે સંકળાયેલાં ડૉ. શ્રી સંઘમિત્રાબહેન ગાડેકરનું તા.૨૮ એપ્રિલના રોજ દુઃખદ અવસાન થયેલ છે.

સમગ્ર લોકદક્ષિણામૂર્તિ પરિવાર તેઓના પરિવારો ઉપર આવી પડેલ આ દુઃખદ આઘાતને સહન કરવાની શક્તિ આપે અને દિવંગત આત્માઓને પરમ શાંતિ મળે તેવી પ્રભુ પ્રાર્થના કરી શ્રદ્ધાંજલિ અર્પણ કરે છે.

## લોકભારતી મોજીલું શિક્ષણ દ્વારા શ્રી લાલચંદભાઈ વોરા બાલભવન બગસરા ખાતે યોજાયેલ બાળમેળો






## ગ્રામદક્ષિણામૂર્તિ આંબલા અને પંડિત સુખલાલજી લોકવિદ્યાલય માઈધાર ખાતે શરૂ થયેલ છાશ કેન્દ્ર







To.

**From :**

**Registered** *BVR/151/2024-2026, RNI No. GUJ/1763-57, Renew upto 31-12-2026*

**Published on :** *14th of every month. Posted at : Amargadh Post office on 15th of every month*

**मालिक :** ग्रामदक्षिणामूर्ति-आंबला ट्रस्ट की ओर से **मुद्रक-प्रकाशक :** सुरसंगभाई चौहान - ग्रामदक्षिणामूर्ति-आंबला, पीन ३६४ २५० (गुजरात) द्वारा चामुंडा प्रिन्टिंग प्रेस, सोनगढ, पीन ३६४ २५० मे मुद्रित करके ग्रामदक्षिणामूर्ति : आंबला से प्रकाशित किया ।

**तंत्री :** डो. अरुण दवे : लोकभारती- सणोसरा, (गुजरात) Email : kodiyusanosara@gmail.com वार्षिक चंदा रु. २००/- प्रति अंक रु. २०/-